અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD ••• SINCE-1991

Regd. Ministry of Minority Affairs Haj Divison
IATA SINCE : 2007
અલ-નિમ રાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
તા.૧૦ નવેમ્બર - તા.૧૦ ડિસેમ્બર ઉમરાહ | દિવસ ૧૮ | Rs. 1,05,000/-
ઈરાક-ઈરાન, જોર્ડન, બૈયતુલ મુકદ્દસ
દિવસ ૨૨ | રવા.તા. ૧૫/૧૨/૨૪ | Rs. 2,25,786
રમઝાન ઉમરાહ એડવાન્સ બુકિંગ ચાલુ છે
અમદાવાદ થી અમદાવાદ
9537847917, 8320992700

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૫૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### ક્વાડ સમિટ : ચીન અમારી કસોટી કરી રહ્યું છે : અમેરિકી પ્રમુખ બાઈડેન

# મોદીએ કહ્યું, ફ્રી ઈન્ડો-પેસિફિક એ અમારી પ્રાથમિકતા છે

## મોદીએ ચીનના સંદર્ભમાં નિયમો આધારિત ઓર્ડર માટે ક્વાડના સમર્થન પર ભાર મૂક્યો હતો, નેતાઓએ ક્વાડ કેન્સર મૂનશોટ લોન્ચ કર્યો, જે ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં જીવન બચાવવા માટે સંયુક્ત ભાગીદારી છે



(એજન્સી) તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ક્વાડ જૂથના નેતાઓની બેઠક પછી જારી કરાયેલ સંયુક્ત ઘોષણામાં જણાવ્યું હતું કે, ચાર સભ્યોની ક્વાડ અગત્યનું બળ છે અને તે પહેલાં કરતાં વધુ વ્યૂહાત્મક છે. રાષ્ટ્રપતિ જો બાઈડેન દ્વારા આયોજિત, ક્વાડ લીડર્સ સમિટ શનિવારે તેમના વતન વિલ્મિંગ્ટન, ડેલવેરમાં યોજાઈ હતી. તેમાં વડાપ્રધાન મોદી, ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ અને જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદાએ હાજરી આપી હતી.

ઘોષણામાં કહ્યું છે કે, ક્વાડના ચાર વર્ષ પછી ક્વાડ પહેલા કરતા વધુ વ્યૂહાત્મક રીતે સંરેખિત છે જે ઈન્ડો-પેસિફિક માટે વાસ્તવિક, સકારાત્મક અને કાયમી અસર કરે છે. માત્ર ચાર વર્ષમાં ક્વાડ દેશોએ એક મહત્ત્વપૂર્ણ અને કાયમી પ્રાદેશિક જૂથ બનાવ્યું છે જે આવનારા દાયકાઓ સુધી ઈન્ડો-પેસિફિકને મજબૂત બનાવશે.

બાઈડેને ક્વાડ રાષ્ટ્રોના નેતાઓને કહ્યું હતું કે, ચાઈના તેમનું પરીક્ષણ કરી રહ્યું છે, આ ચીનના ખતરા અંગે અમેરિકન ગંભીરતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, અમે માનીએ છીએ કે, શી જિનપિંગ ઘરેલું આર્થિક પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ચીનમાં અશાંતિ ઘટાડવાનું વિચારી રહ્યા છે. બાઈડેને કહ્યું હતું કે, ચીન આક્રમક વર્તન કરવાનું ચાલુ રાખે છે, આર્થિક અને તકનિકી મુદ્દાઓ સહિત અનેક મોરચે સમગ્ર પ્રદેશમાં અમારી પરીક્ષા લઈ રહ્યું છે. અમે માનીએ છીએ કે, તીવ્ર સ્પર્ધા માટે તીવ્ર મુત્સદ્દીગીરીની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, આ ચતુર્ભુજ જૂથ ક્વાડ કોઈની વિરુદ્ધ નથી, પરંતુ નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને સાર્વભૌમત્વના સન્માન માટે છે. મુક્ત, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક અમારી પ્રાથમિકતા છે. અમે કોઈની વિરુદ્ધ નથી. અમે બધા નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલનું સમર્થન કરીએ છીએ. તેમણે કહ્યું કે, આપણે સાથે મળીને સ્વાસ્થ્ય સુરક્ષા, જટિલ અને ઉભરતી તકનિકો, આબોહવા પરિવર્તન, ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોમાં ઘણી સકારાત્મક અને સમાવિષ્ટ પહેલ કરી છે. આવા સમયે ક્વાડનું લોકશાહી મૂલ્યો સાથે મળીને કામ કરવું એ સમગ્ર માનવ જાતિ માટે મહત્ત્વપૂર્ણ છે. ઘોષણામાં કહ્યું છે કે, અમે આ પ્રદેશમાં તાજેતરના ગેરકાયદે મિસાઈલ પ્રક્ષેપણની નિંદા કરીએ છીએ જે યુએન સુરક્ષા પરિષદના ઠરાવોનું ઉલ્લંઘન કરે છે. અમે દરિયાઈ ક્ષેત્રમાં તાજેતરની ખતરનાક અને આક્રમક ક્રિયાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરીએ છીએ. અમે એવા પ્રદેશની શોધ કરીએ છીએ જ્યાં કોઈ દેશનું વર્ચસ્વ ન હોય અને કોઈ દેશનું પ્રભુત્વ ન હોય. ચારેય રાષ્ટ્રો માનવ અધિકારો, સ્વતંત્રતાના સિદ્ધાંત, કાયદાનું શાસન, લોકશાહી મૂલ્યો, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા અને વિવાદોના શાંતિપૂર્ણ સમાધાન માટે પ્રતિબદ્ધ છે. ઈન્ડો-પેસિફિક મેરીટાઈમ ડોમેન અવેરનેસ (IPMDA) અને અન્ય ક્વાડ પાર્ટનર પહેલો દ્વારા મોનિટર અને સુરક્ષિત કરવા માટે આ ક્ષેત્રમાં તેમના ભાગીદારોને મહત્તમ સાધનો આપવા સક્ષમ બનાવવા માટે ક્વાડ દેશોએ નવી પ્રાદેશિક મેરીટાઈમ ઈનિશિયેટિવ ફોર ટ્રેનિંગ ઈન ઈન્ડો-પેસિફિક (MAITRI)ની જાહેરાત કરી હતી. ક્વાડ રાષ્ટ્રોએ એવી પણ જાહેરાત કરી કે, યુએસ કોસ્ટ ગાર્ડ, જાપાન કોસ્ટ ગાર્ડ, ઓસ્ટ્રેલિયન બોર્ડર ફોર્સ અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ૨૦૨૫માં સૌપ્રથમ ક્વાડ-એટ-સી શિપ ઓબ્ઝર્વર મિશન શરૂ કરવાની યોજના ધરાવે છે. તેઓએ ચાર રાષ્ટ્રો વચ્ચે એરલિફ્ટ ક્ષમતાને આગળ ધપાવવા માટે ક્વાડ ઈન્ડો-પેસિફિક લોજિસ્ટિક્સ નેટવર્ક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી અને સમગ્ર ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં વધુ ઝડપથી અને અસરકારક રીતે કુદરતી આફતો માટે નાગરિક પ્રતિભાવને ટેકો આપવા માટે સામૂહિક લોજિસ્ટિક્સ શક્તિ અંગે ચર્ચા કરી હતી. આ નવી ભાગીદારી દ્વારા, ક્વાડ ભાગીદારો સમગ્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સરકારી અને ખાનગી ક્ષેત્રના રોકાણોને એકત્ર કરવા માટે સંકલન, માહિતીનું આદાનપ્રદાન, પ્રદેશમાં ભાગીદારો સાથે શ્રેષ્ઠ પ્રયાસો શેર કરવા અને સંસાધનોનો લાભ લેવાનો ઈરાદો ધરાવે છે. વધુમાં આ ચાર દેશો ક્વાડ બાયોએક્સપ્લોર ઈનિશિયેટિવ શરૂ કરવા માટે આતુર છે, એક ભંડોળ પૂરૂં પાડવામાં આવેલ મિકેનિઝમ જે તમામ ચાર દેશોમાં વિવિધ બિન-માનવ જૈવિક ડેટાના સંયુક્ત AI-સંચાલિત સંશોધનને સમર્થન આપશે. આ વર્ષે ક્વાડ લીડર્સ સમિટ અગાઉ ભારતમાં યોજાવાની હતી, પરંતુ રાષ્ટ્રપતિ બાઈડેન આ કાર્યક્રમ તેમના વતનમાં યોજવા આતુર હતા. ચાર સભ્યોની ક્વાડ અથવા ચતુર્ભુજ સુરક્ષા સંવાદ, મુક્ત, ખુલ્લું અને સમાવિષ્ટ ઈન્ડો-પેસિફિકને સમર્થન આપે છે. જ્યારે ચીન દાવો કરે છે કે, આ જૂથનો ઉદ્દેશ્ય તેના ઉદયને નિયંત્રિત કરવાનો છે.

## મોદી અને બાઈડેન વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો; ઈન્ડો-પેસિફિક અને વૈશ્વિક, પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી

(એજન્સી) વિલ્મિંગ્ટન, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ જો બાઈડેનની બેઠક અત્યંત ફળદાયી રહી હતી, જેમાં બંને નેતાઓએ પરસ્પર હિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધારવાની રીતો પર ચર્ચા કરી હતી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર સહિત વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું હતું. મોદી ત્રણ દિવસની યુ.એસ.ની મુલાકાતે છે, શનિવારે બાઈડેન દ્વારા ગ્રીનવિલે, ડેલવેર ખાતેના તેમના નિવાસસ્થાને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યાં બંને નેતાઓ એકબીજાને ગળે લાગ્યા હતા બાઈડેન મોદીનો હાથ પકડીને ગૃહમાં લઈ ગયા હતા જ્યાં દ્વિપક્ષીય વાટાઘાટો થઈ હતી.

બાઈડેને એક કલાકથી વધુ ચાલેલી મીટિંગ પછી X પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, ભારત સાથે યુનાઈટેડ સ્ટેટ્સની ભાગીદારી ઈતિહાસમાં કોઈપણ સમય કરતાં વધુ મજબૂત અને વધુ ગતિશીલ છે. વડાપ્રધાન મોદીના સહકારના નવા ક્ષેત્રો શોધવાની ક્ષમતાથી પ્રભાવિત થઈ ગયો છું. આ બંને નેતાઓ, જેઓ અહીં ક્વાડ સમિટમાં મળ્યા હતા, તેઓએ પરસ્પર હિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ વધારવાની રીતો પર ચર્ચા કરી હતી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વિદેશ મંત્રાલય સહિત વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. આ ચર્ચાઓ પરસ્પર હિતના ક્ષેત્રોમાં ભારત-યુએસએ ભાગીદારીને મજબૂત કરવા પર કેન્દ્રિત હતી. મીટિંગ પછી જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભારત-યુએસ ભાગીદારી એક મહત્ત્વાકાંક્ષી એજન્ડા પર નિર્ણાયક રીતે કામ કરી રહી છે જે વૈશ્વિક ૨૧મી સદીની નિર્ણાયક ભાગીદારી છે. બંને દેશો વચ્ચેના માનવીય પ્રયાસોના તમામ ક્ષેત્રો માટે તેના મહત્ત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને યુએસ આજે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીમાં છે જે માનવીય પ્રયાસોના તમામ ક્ષેત્રોને આવરી લે છે. રાષ્ટ્રપતિ બાઈડેન સાથેની મારી મુલાકાત અમને અમારા લોકો અને વૈશ્વિક ભલા માટે ભારત-યુએસ વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે નવા માર્ગોની સમીક્ષા કરવા અને ઓળખવાની તક આપશે. બંને નેતાઓએ ખાતરી આપી હતી કે, આ ભાગીદારી લોકશાહી, સ્વતંત્રતા અને બધા માટે કાયદાના શાસનને જાળવી રાખવા માટે હોવી જોઈએ. બાઈડેને પોલેન્ડ અને યુક્રેનની તેમની ઐતિહાસિક મુલાકાતો માટે મોદીની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન મોદીએ વૈશ્વિક સુરક્ષા મુદ્દાઓની શ્રેણી પર ચર્ચા કરી હતી.

### બંને નેતાઓએ ઐતિહાસિક સમયગાળામાં અમેરિકા અને ભારતના વિશ્વાસ અને સહયોગના અભૂતપૂર્વ સ્તર અંગે ચર્ચા કરી હતી

આ બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ ભારત-યુએસ ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રપતિ બાઈડેન દ્વારા આપવામાં આવેલા અપ્રતિમ યોગદાન માટે તેમની પ્રશંસા કરી હતી. જૂન ૨૦૨૩માં અમેરિકાની તેમની રાજ્ય મુલાકાત અને જી-૨૦ લીડર્સ સમિટ માટે સપ્ટેમ્બર ૨૦૨૩માં રાષ્ટ્રપતિ બાઈડેનની ભારત મુલાકાતને યાદ કરતાં મોદીએ કહ્યું કે, આ મુલાકાતોએ ભારત-યુએસ ભાગીદારીને વધુ ગતિશીલતા અને ઊંડાણ પ્રદાન કર્યું છે. હું રાષ્ટ્રપતિ બાઈડેનનો ગ્રીનવિલે, ડેલવેર ખાતેના તેમના નિવાસસ્થાને મને હોસ્ટ કરવા બદલ આભાર માનું છું. અમારી વાતચીત અત્યંત ફળદાયી રહી છે. અમને આ બેઠક દરમિયાન પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક મળી છે. બંને નેતાઓએ મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહકારને વધુ ગાઢ બનાવવા અને વિસ્તરણ કરવા માટે મહત્ત્વપૂર્ણ અને ઉભરતી ટેક્નોલોજી (iCET) પરની પહેલની સફળતાને બિરદાવી હતી અને વધુ સુરક્ષિત અને સ્થિતિ સ્થાપક પુરવઠા શૃંખલાઓ માટે સમાન વિચાર ધરાવતા ભાગીદારો સાથે સહયોગને મજબૂત કરવા માટે ચાલી રહેલા પ્રયાસોને પ્રકાશિત કર્યા હતા. મોદી અને બાઈડેને નવા સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટની સ્થાપના માટે વ્યવસ્થાને બિરદાવી હતી. તેઓએ ૨૦૨૫માં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર વૈજ્ઞાનિક સંશોધન કરવા માટે નાસા અને ઈસરોના પ્રથમ સંયુક્ત પ્રયાસ તરફની પ્રગતિનું પણ સ્વાગત કર્યું અને સિવિલ સ્પેસ જોઈન્ટ વર્કિંગ ગ્રુપ હેઠળ પહેલ અને વિચારોના આદાનપ્રદાનની પ્રશંસા કરી. બાઈડેન અને મોદીએ સલામત અને સુરક્ષિત વૈશ્વિક સ્વચ્છ ઊર્જા પુરવઠા સાંકળોના નિર્માણ માટે યુએસ-ભારત રોડમેપનું સ્વાગત કર્યું હતું. અમેરિકી અધિકારીના જણાવ્યા અનુસાર મીટિંગ દરમિયાન માનવાધિકાર અને લોકશાહીના સન્માન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. મોદીની સાથે વિદેશમંત્રી એસ. જયશંકર, વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી અને અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રા પણ હતા. યુએસ ટીમમાં સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન, રાષ્ટ્રીય સુરક્ષા બાબતોના રાષ્ટ્રપતિના સહાયક ટી.એચ. જેક સુલિવાન અને ભારતમાં યુએસના રાજદૂત એરિક ગારસેટીનો સમાવેશ થાય છે. મોદીએ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ અને જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા સાથે પણ અલગ-અલગ દ્વિપક્ષીય બેઠકો યોજી હતી, જેઓ ક્વાડ સમિટ માટે અહીં આવ્યા છે. પ્રેસિડેન્ટ બાઈડેન દ્વારા તેમના વતન વિલ્મિંગ્ટનમાં યોજાયેલી વાર્ષિક ક્વાડ સમિટમાં ઈન્ડો-પેસિફિકમાં સહકાર વધારવા અને યુક્રેન અને ગાઝાના સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલો શોધવાની રીતો શોધવા માટે શ્રેણીબદ્ધ નવી પહેલ કરવામાં આવી હતી.

વિલ્મિંગ્ટનથી મોદી રવિવારે લોંગ આઈલેન્ડ ખાતે ભારતીય સમુદાયના કાર્યક્રમમાં હાજરી આપવા ન્યૂયોર્ક જશે અને બીજા દિવસે યુએન જનરલ એસેમ્બલીમાં સમિટને સંબોધશે. મોદીએ કહ્યું કે, હું ભારતીય ડાયસ્પોરા અને મહત્ત્વપૂર્ણ અમેરિકન બિઝનેસ લીડર્સ સાથે વાત કરવા માટે આતુરતાપૂર્વક જોઈ રહ્યો છું, જેઓ મુખ્ય હિસ્સેદારો છે અને વિશ્વની સૌથી મોટી અને સૌથી જૂની લોકશાહી વચ્ચે અનન્ય ભાગીદારીને જીવંતતા પ્રદાન કરે છે. યુએનના જણાવ્યા અનુસાર 'સમિટ ઓફ ધ ફ્યુચર' વિવિધ દેશોના નેતાઓને વધુ સારૂં વર્તમાન અને ભવિષ્યનું રક્ષણ કેવી રીતે કરવું તે અંગે નવી આંતરરાષ્ટ્રીય સર્વસંમતિ બનાવવા માટે એક તક આપશે.

## મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રમુખને મળતા ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના પદાધિકારીઓ; વકફ સુધારા ખરડો પાછો લેવા માટે કેન્દ્રને દબાણ કરવા પ્રદેશ કોંગ્રેસ વડાને અનુરોધ

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલેને બોર્ડનું ડેલિગેશન મળ્યું અને કેન્દ્રને ખરડો પાછો ખેંચવાનું દબાણ કરવાનો અનુરોધ કરતું આવેદનપત્ર સુપરત કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના મહામંત્રી મૌલાના મોહમ્મદ ફઝલુર રહેમાનની આગેવાની હેઠળ એક ડેલિગેશન આજે મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રમુખ નાના પટોલેને મળ્યું હતું અને વકફ સુધારા બિલ ગેર બંધારણીય હોવાથી એ પાછું ખેંચવા માટે કેન્દ્રને દબાણ કરવા પ્રદેશ પ્રમુખને વિનંતી કરતું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. બાંદ્રા-કુરલા કોમ્પ્લેક્ષની હોટેલ સોફી તેલ ખાતે આ મુલાકાત થઈ હતી. બેઠક દરમિયાન મૌલાના ફઝલુર રહેમાન મુજ્જત દીધી હે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખને માહિતી આપી હતી કે સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરતા અહેવાલો ફરી રહ્યા છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે વકફ બોર્ડ મિલકત પર કે જમીન પર માલિકીનો દાવો કરી શકે છે આથી સરકારને એ જમીન બોર્ડને સોંપવાની ફરજ પડશે મૌલાનાએ સ્પષ્ટતા કરી હતી કે વાસ્તવિકતા એ છે કે વકફ પાસેની આવી હજારો એકર જમીન ઉપર ગેરકાયદે દબાણ થઈ ગયા છે અને એ મિલકતો પાછી મેળવવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે પરંતુ જો આ બિલ પસાર થાય તો આવી તમામ જમીનો અને મિલકતો વકફ બોર્ડના હાથમાંથી જતી રહેશે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્યોએ એ હકીકત સમજાવી હતી કે વકફના મામલે જેટલા કેસ હોય એ ચલાવવા માટે બહુસ્તરીય ન્યાયતંત્ર વ્યવસ્થા મોજુદ છે જેના કારણે તમામ કેસ વકફ ટ્રિબ્યુનલમાંથી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં મોકલી શકાય છે. પરંતુ નવા સુધારા ખરડામાં એવી જોગવાઈઓ સૂચવવામાં આવી છે કે આવા તમામ કેસની ન્યાયિક સત્તાઓ જિલ્લા કલેક્ટરોને આપવામાં આવશે એટલે કલેક્ટર સ્વાભાવિક રીતે સરકારના હિતોની વિરૂદ્ધના નિર્ણયો લેતા હિચકીચાટ અનુભવે. વકફના બોર્ડમાં સીઈઓ મુસ્લિમ જ હોવાની જોગવાઈ રદ કરતી દરખાસ્ત તથા બોર્ડમાં બિન મુસ્લિમને સભ્યો તરીકે સામેલ કરવાની જોગવાઈ અંગે પણ ડેલીગેશન દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ રીતે વકફ બોર્ડની ઉપર સમગ્રપણે કબજો અમને અસ્વીકાર્ય છે એવું ડેલિગેશનને સ્પષ્ટ કહ્યું હતું એટલે અમે આ ખરડાને સંપૂર્ણપણે નકારી કાઢીએ છીએ. અમને લાગે છે કે આ ખરડાનો હેતુ વોકઅપની જમીન ઉપર સંપૂર્ણપણે કબજો જમાવી દેવાનો છે જે કદી સ્વીકારી શકાય નહીં. મૌલાના રહેમાને ભારપૂર્વક જણાવ્યું હતું કે વકફની જમીનો એ કોઈ જાહેર મિલકતો નથી પણ ખાનગી મિલકતો છે જે મુસ્લિમોની જમીનો છે અને તેઓ તેના મુત્તવલી છે અને સમાજના હિત માટે સખાવતના હેતુથી એ જમીનો આપવામાં આવી છે આથી આ સુધારા ખરડો તાત્કાલિક પાછો ખેંચી લેવામાં આવે એવી મુસ્લિમોની માંગણી છે. એટલે આ દમનકારી અને નુકસાનકારક બિલ પાછું લઈ લેવા માટે સરકાર પર દબાણ કરવા તેમણે વિરોધ પક્ષોને અનુરોધ કર્યો હતો અને સાથે સાથે ચેતવણી પણ આપી હતી કે મુસ્લિમો બંધારણીય એમને આપેલા અધિકારોની સુરક્ષા માટે આખરી શ્વાસ સુધી આ માટે લડી લેશે અને લડવાની અમને ફરજ પડશે. મુસ્લિમ પ્રતિનિધિઓને ધીરજ પૂર્વક સાંભળ્યા બાદ અને એમની ચિંતાઓ વિશે વિગતવાર જાણીયા બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પટોલેએ એમને ખાતરી આપી હતી કે હું મહારાષ્ટ્રના મુસ્લિમોની લાગણી પક્ષની નેતાગીરી સુધી જરૂર પહોંચાડીશ. તેમણે કહ્યું હતું કે મારો પક્ષ હંમેશા સત્યની પડખે રહ્યો છે અને મુસ્લિમોની સાથે રહીને ન્યાય માટેની લડાઈ અને ટેકો આપ્યો છે એમણે પોતાના વ્યક્તિગત સહકારની પણ ખાતરી આપી હતી. આ ડેલિગેશનમાં મૌલાના મહેમુદ અહમદ ખાન દરિયાબાદી, ડોક્ટર ઝાહીર કાઝી, ફરીદ શેખ, મૌલાના બુરહાનદ્દીન કાશ્મી, મૌલાના અનીશ અહેમદ અશરફી, શિયા આલીમ આગા રૂહુ ઝફર, પ્રોફેસર મુનિશા બુશરા આબીદી, મૌલાના રસીદ અહેમદ નદીવી, હાફિઝ ઈકબાલ ચુનાવાલા, મૌલાના અબ્બાસ ખાન, મૌલાના ગુફરાન સાજીદ કાશ્મી અને હુમાયુ શેખ તથા અન્ય ઉપસ્થિત રહ્યા હતા.

## એક દેશ, એક ચૂંટણી 'ખતરનાક' છે : કમલ હાસન



(એજન્સી) તા.૨૨

ફિલ્મ અભિનેતા કમલ હાસને શનિવારે 'એક દેશ-એક ચૂંટણી'ના પ્રસ્તાવને ખતરનાક અને ખામીયુક્ત ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે આવી ચૂંટણીએ કેટલાક દેશોમાં સમસ્યા ઊભી કરી છે. તેથી ભારતમાં તેની જરૂર નથી અને ભવિષ્યમાં પણ તેની જરૂર પડશે નહીં. મક્કલ નીધી મયમ (MNM) પાર્ટીના સ્થાપક હાસને કહ્યું કે જો ૨૦૧૪ કે ૨૦૧૫માં એકસાથે ચૂંટણી યોજાઈ હોત તો તેનાથી સરમુખત્યારશાહીની સ્થિતિ સર્જાઈ હોત. જેના કારણે સ્વતંત્રતા ઘટશે અને એક જ નેતાનું વર્ચસ્વ વધશે. તેણે કહ્યું, આપણે સમજવું પડશે કે આપણે આમાંથી બચી ગયા છીએ. અમે એક એવી બીમારીથી બચી ગયા છીએ જે કોરોના કરતાં પણ વધુ ખતરનાક હતી. તેમણે પાર્ટીની બેઠકમાં આ વાત કહી. જોકે, તેમણે કોઈ ચોક્કસ પક્ષ કે નેતાનું નામ લીધું ન હતું. આવી ચૂંટણીના પરિણામો શું હોઈ શકે તે દર્શાવવા માટે તેમણે યુરોપ અને રશિયાના ઉદાહરણો ટાંક્યા, પરંતુ કોઈ ચોક્કસ દેશોનું નામ ન આપ્યું જ્યાં સિસ્ટમ નિષ્ફળ ગઈ હતી. ઉદાહરણ આપતાં કમલ હાસને કહ્યું કે, જો તમામ ટ્રાફિક લાઈટ એક સાથે એક જ રંગમાં પ્રગટાવવામાં આવે તો શું થશે ? તેમણે કહ્યું કે લોકોને વિચારવા અને તેમની પસંદગી કરવા માટે સમય આપવાની જરૂર છે. MNM વડાએ કહ્યું કે તેમને રાજકારણમાં ન આવવા અને બિગ બોસ શોને હોસ્ટ કરવાની સલાહ આપવામાં આવી હતી. તેમણે પૂછ્યું કે આવી કોઈ તકનો ઉપયોગ કરવામાં શું ખોટું છે જે લોકોને મળવા અને વાતચીત કરવાનો માર્ગ મોકળો કરે છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા : QUAD સમિટ પછી મોદીનું ન્યૂયોર્કમાં ઉષ્માભર્યું સ્વાગત

(એજન્સી) તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સમય અનુસાર રવિવારે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ વહેલી સવારે ક્વાડ સમિટમાં તેમની પ્રારંભિક ટિપ્પણીમાં કહ્યું હતું કે ક્વાડ કોઈની વિરૂદ્ધ નથી, પરંતુ તે નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને સાર્વભૌમત્વના સન્માન માટે છે. તેમણે કોઈપણ દેશનું નામ લીધા વિના કહ્યું હતું કે, મુક્ત, પારદર્શક, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક એ આ જૂથની પ્રાથમિકતા છે. મોદી યુએસ પ્રમુખ જો બિડેનને દ્વિપક્ષીય વાટાઘાટો માટે મળ્યા હતા. રાષ્ટ્રપતિના ઘર વિલ્મિંગ્ટન, ડેલાવેર, યુએસ ખાતે તેમના આગમન પર ભારતીય સમુદાય દ્વારા એક હોટલમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. યુએસ સેનેટરોના દ્વિપક્ષીય જૂથ અને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સભ્યોએ શુક્રવારે ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ક્વાડને પ્રોત્સાહન આપવા માટે એક કોકસની રચનાની જાહેરાત કરી. ભારત-પ્રશાંત ક્ષેત્રના વધતા જતાં મહત્વને જોતાં બેરાએ જણાવ્યું હતું કે, યુ.એસ. માટે ક્વાડ દેશો સાથે તેના સંબંધોને મજબૂત બનાવવું જરૂરી છે. ચતુર્ભુજ સુરક્ષા સંવાદ (ક્વાડ) સમિટ અત્યંત મહત્વ ધરાવે છે અને વૈશ્વિક પડકારો વચ્ચે તે જરૂરી છે. તે સ્પષ્ટ નથી કે નેતાઓની મુલાકાત પછી શું રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-ગાઝા અંગે સંયુક્ત નિવેદનમાં ચર્ચા કરવામાં આવશે અથવા નહીં. જો કે, આ નેતાઓ સેમિકન્ડક્ટર્સ પર સહકારને મજબૂત કરવા અને જટિલ અને ઉભરતી તકનીકો દ્વારા આ પ્રદેશમાં વધુ સુરક્ષિત વાતાવરણ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે. યુએસ પ્રમુખ જો બાઈડેને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગયા મહિને યુક્રેનની ઐતિહાસિક મુલાકાત અને તેમના શાંતિના સંદેશની પ્રશંસા કરી હતી અને આ બંને નેતાઓએ યુદ્ધગ્રસ્ત દેશની પરિસ્થિતિ સહિત વૈશ્વિક પડકારો અંગે વ્યાપક વાટાઘાટો કરી હતી. વડા પ્રધાન ત્રણ દિવસની મુલાકાતે અમેરિકા પહોંચ્યા પછી યુએસ પ્રમુખે શનિવારે બપોરે ડેલવેરના વિલ્મિંગ્ટન ખાતેના તેમના અંગત ઘરે મોદી સાથે મુલાકાતનું આયોજન કર્યું હતું. આ વાટાઘાટોમાં, બાઈડેને ભારતીય વડા પ્રધાનને જણાવ્યું કે યુ.એસ. ભારતના મહત્વપૂર્ણ અવાજને પ્રતિબિંબિત કરવા માટે વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની પહેલને સમર્થન આપે છે, જેમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં નવી દિલ્હી માટે કાયમી સભ્યપદનો પણ સમાવેશ થાય છે. ભારતનો સમગ્ર સંદેશ સંઘર્ષ અને વિભાજનને ઘટાડવાનો, લોકશાહી મૂલ્યોનો લાભ લેવાનો છે, આપણે વિકાસના ઉદ્દેશ્યોને અનુસરીએ છીએ, અને આજે ટેક્નોલોજીની ભૂમિકા મહત્વની છે, અને ટેક્નોલોજીના વિનાશક લક્ષણોને સારા હેતુઓ તરફ ફેરવવા માટે સુશાસનમાં ડિજિટલ ક્રાંતિ લાવવાનો છે. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ મોદીની યુએસ મુલાકાતના પ્રથમ દિવસ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, તેની મહત્ત્વની વિશેષતા એ હતી કે લગભગ ૩૦૦ પ્રાચીન વસ્તુઓને ભારત પરત મોકલવામાં આવી રહી છે અને અહીં અમે માત્ર 'વિકાસ' જ નહીં પણ 'વિરાસત' વિશે પણ વાત કરી રહ્યા છીએ.



CELEBRATING EXCELLENCE 34 years GT

ક્યા બાત હૈ ?!

શું કરીએ ? બેબીની સલામતી અને સુરક્ષા માટે અમારે આ વ્યવસ્થા કરવી પડી !



# ૧ ૩૦૦ વિદ્યાર્થીઓ, ફેકલ્ટીએ IIScને ઈઝરાયેલ-ભારત સમિટ રદ કરવા કહ્યું, તેને 'અવિવેકી' ગણાવ્યું

(એજન્સી) તા.૨૨

ભારત અને વિદેશની વિવિધ યુનિવર્સિટીઓના ૧,૩૦૦થી વધુ લોકોએ બેંગ્લુરૂમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc)ને પત્ર લખીને સોમવાર (૨૩ સપ્ટેમ્બર)ના રોજ યોજાનારી ઈઝરાયેલ-ભારત સમિટને રદ કરવાની વિનંતી કરી છે. થિંક ઈન્ડિયા, ઈન્ડિયન ચેમ્બર ઓફ ઈન્ટરનેશનલ બિઝનેસ અને મૈસુર લેન્સર્સ હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા 'ઈન્ડિયા-ઈઝરાયેલ બિઝનેસ સમિટ'નું આયોજન કરવામાં આવ્યું છે. ઈવેન્ટમાં IIScની સહભાગિતાને 'અયોગ્ય' ગણાવતા, પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ ઈવેન્ટ 'પેલેસ્ટીનમાં ઈઝરાયેલના નરસંહાર અને તેના પડોશીઓ સામેની આક્રમક કાર્યવાહીને સીધો સમર્થન આપશે.' પત્રમાં ગયા વર્ષે ૭ ઓક્ટોબરે હમાસના હુમલા પછીના મહિનાઓમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી હિંસાના પ્રમાણને હાઈલાઈટ કરવામાં આવ્યું છે. "ઈઝરાયેલે ૪૧,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે તે કહે છે કે ઈઝરાયેલે ગાઝાની દરેક યુનિવર્સિટીનો નાશ કર્યો છે. તેણે આરોગ્ય સુવિધાઓનો પણ નાશ કર્યો છે, જેના કારણે પોલિયો જેવા રોગો ફરી ઉદભવે છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે લેબનોનમાં ઘાતક પેજર બ્લાસ્ટમાં ઘણા નાગરિકોનાં મોત માટે પણ ઈઝરાયેલ જવાબદાર છે. અમે તમને વિનંતી કરીએ છીએ કે ૨૩ સપ્ટેમ્બરે યોજાનાર 'ભારત-ઈઝરાયેલ બિઝનેસ સમિટ' ઈવેન્ટને અટકાવો અને નરસંહાર અને સંસ્થાનવાદને કાયદેસર બનાવવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સનો ઉપયોગ ન કરો," IIScના ડિરેક્ટર ગોવિંદન રંગરાજને પત્રમાં જણાવ્યું હતું. આયોજકોની સોશિયલ મીડિયા પોસ્ટ અનુસાર, સમિટનો ઉદ્દેશ્ય 'બંને દેશોના વ્યાપારી નેતાઓ, ઉદ્યોગસાહસિકો અને નીતિ ઘડવૈયાઓને એકસાથે લાવવા માટે, સહયોગના સંભવિત ક્ષેત્રોની ચર્ચા અને અન્વેષણ કરવા, સિનર્જીનું અન્વેષણ કરવા અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને ઈઝરાયેલ વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સાયબર સુરક્ષા, સ્ટાર્ટઅપ અને વેન્ચર કેપિટલ, ટકાઉ ટેક્નોલોજી અને વોટર ટેક્નોલોજી પર ચર્ચા કરવામાં આવશે. 'અમે ખાસ કરીને ચિંતિત છીએ કે ચર્ચાના આયોજિત ટ્રેકમાંથી એક સંરક્ષણ અને સાયબર સુરક્ષા પર છે,' પત્રમાં કહેવામાં આવ્યું છે.

# વડાપ્રધાન મોદીનો પરિચય આપતા પહેલાં જો બાઈડેન સ્ટેજ પર ભૂલી ગયા અને પૂછ્યું કે, 'હવે આગામી કોણ છે?'

## આ વર્ષની શરૂઆતમાં બાઈડેને વોશિંગ્ટનમાં નાટો સમિટમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સકીનો રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તરીકે ઉલ્લેખ કર્યો હતો

(એજન્સી) તા.૨૨

યુએસ પ્રમુખ જો બાઈડેને શનિવારની ક્વાડ સમિટ દરમિયાન તેમનું ભાષણ પૂરૂં કર્યા પછી તેઓએ કોને બોલાવવાના તે યાદ રાખી શક્યા નહીં. તેમણે સ્ટાફમાંથી એકને પૂછ્યું કે, આગામી હવે કોણ છે? બાઈડેને તેમના વતન ડેલવેર ખાતે ક્વાડ સમિટનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં બાઈડેન, નરેન્દ્ર મોદી, ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ અને જાપાનના ફ્યુમિયો કિશિદાએ ઈન્ડો-પેસિફિકમાં કેન્સરના બોજને ઘટાડવા માટે કેન્સર મૂનશોટ પહેલ શરૂ કરી છે. કેન્સર મૂનશોટ પહેલ વિશે બોલ્યા પછી બાઈડેન સ્ટેજ પર પીએમ મોદીનો પરિચય આપવાના હતા. પરંતુ તેમણે પોતાનું ભાષણ પૂરૂં કર્યું અને ભૂલી ગયા કે કોને બોલાવવાના છે. તેમણે કહ્યું કે, હું અહીં આવવા માટે તમારા બધાનો આભાર માનું છું અને હવે અન્યનો પરિચય આપી રહ્યો છું અને થોડા વિરામ પછી તેમણે પૂછ્યું કે, આગામી હવે કોણ છે? આ પછી ઈવેન્ટના મોડરેટરે વડાપ્રધાન મોદીના નામની જાહેરાત કરી અને પછી તેઓ સંબોધન માટે આગળ આવ્યા હતા.

આ વર્ષની શરૂઆતમાં બાઈડેને વોશિંગ્ટનમાં નાટો સમિટમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સકીનો રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તરીકે ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેઓ ૩ દિવસની યુએસ મુલાકાતે છે, તેઓ ક્વોડ લીડર્સની બેઠકમાં હાજરી આપ્યા બાદ સંયુક્ત રાષ્ટ્રમાં એક મુખ્ય કોન્ક્લેવને સંબોધવા માટે ન્યૂયોર્ક જવા રવાના થયા હતા. પીએમ મોદીએ ક્વાડ સમિટ દરમિયાન યુએસ પ્રમુખ જો બાઈડેન અને ઓસ્ટ્રેલિયા અને જાપાનના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. ન્યૂયોર્કમાં મોદી ૨૨ સપ્ટેમ્બરે લોંગ આઈલેન્ડ ખાતે ભારતીય સમુદાયના કાર્યક્રમમાં હાજરી આપશે અને યુએન જનરલ એસેમ્બલીમાં સમિટને સંબોધશે.

# ૨૦૨૨માં ૧૩ રાજ્યોમાંથી અનુસૂચિત જાતિ વિરુદ્ધ અત્યાચારના ૯૭ ટકા કેસ નોંધાયા છે : સરકારી અહેવાલ

## ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આવા સૌથી વધુ ગુનાઓ નોંધાયા છે

(એજન્સી) તા.૨૨

૨૦૨૨માં અનુસૂચિત જાતિ વિરુદ્ધના અત્યાચારના તમામ કેસોમાંથી લગભગ ૯૭.૭ ટકા ૧૩ રાજ્યોમાંથી નોંધાયા હતા, જેમાં ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આવા ગુનાઓની સૌથી વધુ સંખ્યા નોંધવામાં આવી હતી. નવા સરકારી અહેવાલ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળના તાજેતરના સરકારી અહેવાલ મુજબ અનુસૂચિત જનજાતિ (એસટી) સામેના મોટાભાગના અત્યાચારો ૧૩ રાજ્યોમાં કેન્દ્રિત હતા, જે ૨૦૨૨માં તમામ કેસોના ૯૮.૯૧ ટકા હતા.

૨૦૨૨માં અનુસૂચિત જાતિ (SCs) માટેના કાયદા હેઠળ નોંધાયેલા ૫૧,૬૫૬ કેસમાંથી, ઉત્તરપ્રદેશમાં ૧૨,૨૮૭ સાથે કુલ કેસોમાં ૨૩.૭૮ ટકા હિસ્સો હતો, ત્યારબાદ રાજસ્થાનમાં ૮૬૫૧ (૧૬.૭૫ ટકા) અને મધ્યપ્રદેશમાં ૭૭,૯૭૨ (૧૪ ટકા) હતા. SCs વિરુદ્ધ અત્યાચારના નોંધપાત્ર કેસ ધરાવતા અન્ય રાજ્યોમાં ૬૭૯૯ (૧૩.૧૬ ટકા) સાથે બિહાર, ૩૫૭૬ (૬.૯૩ ટકા) સાથે ઓડિશા અને ૨૭૦૬ (૫.૨૪ ટકા) સાથે મહારાષ્ટ્ર હતા. આ છ રાજ્યોમાં કુલ કેસોમાં લગભગ ૮૧ ટકા હિસ્સો છે. આ તેર રાજ્યો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ નોંધાયેલા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ નોંધાયેલા કુલ કેસો (૫૨,૮૬૬)ના ૯૭.૭ ટકા (૫૧,૬૫૬) માટે કુલ હિસ્સો ધરાવે છે. તેવી જ રીતે એસટી સામેના અત્યાચારના મોટાભાગના કેસો ૧૩ રાજ્યોમાં કેન્દ્રિત હતા. ST માટેના કાયદા હેઠળ નોંધાયેલા ૯,૭૩૫ કેસમાંથી મધ્યપ્રદેશમાં સૌથી વધુ ૨૯૭૯ (૩૦.૬૧ ટકા) નોંધાયા છે. રાજસ્થાનમાં બીજા નંબરે સૌથી વધુ કેસ ૨૪૯૮ (૨૫.૬૬ ટકા) હતા જ્યારે ઓડિશામાં ૭૭૩ (૭.૯૪ ટકા) નોંધાયા હતા. નોંધપાત્ર સંખ્યામાં કેસ ધરાવતા અન્ય રાજ્યોમાં ૬૯૧ (૭.૧૦ ટકા) સાથે મહારાષ્ટ્ર અને ૪૯૯ (૫.૧૩ ટકા) સાથે આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ૨૦૨૨ના અંત સુધીમાં ૧૭,૧૬૬ કેસમાં તપાસ બાકી હતી. ST-સંબંધિત કેસો માટે ૬૩.૩૨ ટકા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી જ્યારે ૧૪.૭૧ ટકા અંતિમ અહેવાલો સાથે પૂર્ણ થયા હતા. સમીક્ષા હેઠળના સમયગાળાના અંતે ST સામેના અત્યાચારો સાથે સંકળાયેલા ૨૭૦૨ કેસ હજુ તપાસ હેઠળ હતા. તદ્દુપરાંત અહેવાલમાં કાયદા હેઠળના કેસોના સંચાલન માટે રચવામાં આવેલી વિશેષ અદાલતોની અપૂરતી સંખ્યા પર ધ્યાન દોરવામાં આવ્યું છે. ૧૪ રાજ્યોના ૪૯૮ જિલ્લાઓમાંથી માત્ર ૧૯૪ જિલ્લાઓએ જ આ કેસોની સુનાવણી ઝડપી કરવા માટે વિશેષ અદાલતોની સ્થાપના કરી હતી. ઉત્તરપ્રદેશ જેમાં અનુસૂચિત જાતિઓ સામે અત્યાચારના સૌથી વધુ કેસ નોંધાયા છે, ત્યાં ઉત્તરપ્રદેશ રાજ્યમાં કોઈ અત્યાચાર ગ્રસ્ત વિસ્તારો ઓળખવામાં આવ્યા નથી. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, આંદમાન અને નિકોબાર ટાપુઓ, ચંદીગઢ, દિલ્હીની એનસીટી, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને પુડુચેરીમાં એસસી/એસટી પ્રોટેક્શન સેલની સ્થાપના કરવામાં આવી છે. પાંચ રાજ્યો - બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, કેરળ અને મધ્યપ્રદેશ દ્વારા એસસી અને એસટી વિરુદ્ધ ગુનાની ફરિયાદ નોંધવા માટે વિશેષ પોલીસ સ્ટેશનો બનાવવામાં આવ્યા છે.

### કોંગ્રેસ નેતા મણિકમ ટાગોરનો ફાઈનાન્સ મંત્રીને પત્ર

# માર્કેટમાં કરન્સી નોટોની તંગી થઈ છે જેનાની નાના કારોબાર કરનારા અને ગરીબોને તકલીફ પડી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

દેશમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન તેજીથી વધી રહ્યું છે અને લોકોમાં રૂપિયા ખિસ્સામાં રાખીને ફરવાની આદત લગભગ નાબૂદ થઈ ગઈ છે. તેની અસરથી માર્કેટમાં કરન્સી નોટની અછત વર્તાઈ રહી છે. આ બાબતને લઈને કોંગ્રેસ સાંસદે ફાઈનાન્સ મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખ્યો છે અને નાની મૂલ્યની કરન્સી નોટની માર્કેટમાં અછતનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે, આ નોટોની અછતને પગલે મોટી સમસ્યા થઈ રહી છે. લોકસભામાં કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે ફાઈનાન્સ મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને નાની નોટ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, માર્કેટમાં છાપેલી નોટોની અછત થઈ ગઈ છે, જેના કારણે ગરીબોને તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ટાગોરે લખ્યું કે ૧૦, ૨૦ અને ૫૦ ની નોટની તંગીને કારણે ગ્રામીણ અને શહેરી ગરીબોને તકલીફ થઈ રહી છે. ટાગોરે પત્ર લખ્યો કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ યુપીઆઈ અને કેશલેશ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે આ નોટને છાપવાનું બંધ કરી દીધું છે. ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાની વાત તો

**ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાની વાત તો સમજમાં આવે છે પરંતુ તેનાથી લોકોને અસર પડી રહી છે : કોંગ્રેસ**

સમજમાં આવે છે, પરંતુ તેનાથી લોકોને અસર પડી રહી છે. જે લોકો ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ નથી કરતા તેમને સમસ્યા આવી રહી છે. ખાસ કરીને ગ્રામીણ ભારતના લોકોને તકલીફો પડી રહી છે. તેમણે કહ્યું કે, લોકોના મુદ્રા પ્રાપ્ત કરવાના મૌલિક અધિકારોનુ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ઓછા અંકની નોટને કારણે નાના કારોબારી પ્રભાવિત થઈ રહ્યાં છે. જેમ કે, મજૂર વર્ગ, રેંકડીવાળા કામ કરતા લોકો તેના પર નિર્ભર છે. કોંગ્રેસના સાંસદે ફાઈનાન્સ મંત્રીને કહ્યું કે, આરબીઆઈએ ઓછી રકમની કરન્સી નોટનું છાપકામ કરવુ જોઈએ. આ ઉપરાંત ગામમાં ડિજીટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ ધ્યાન આપવું જોઈએ. તમને જણાવી દઈએ કે દેશમાં ચાર જગ્યાએ કાગળની નોટો છાપવામાં આવે છે. ડિપાર્ટમેન્ટ ઓફ કરન્સી મેનેજમેન્ટ આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર નોટ છાપવાનું કામ કરે છે. કરન્સી નોટ પ્રેસમાંથી બે ભારત સરકારની અને બે રિઝર્વ બેંકની માલિકીની છે. નાસિક અને દેવાસમાં ભારતીય માલિકીની નોટ પ્રેસ છે. આ સિવાય મૈસુર અને સાલ્બોનીના પ્રેસની માલિકી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની છે.

# SEBIના વડા વિરુદ્ધ અમને તપાસના આદેશ આપવા માટે લોકસભા સાંસદની ફરિયાદમાં પૂરતી માહિતી નથી : લોકપાલ

## હિન્ડનબર્ગ રિસર્ચે તેના અહેવાલમાં આરોપ મૂક્યો હતો કે, SEBIના વડા અને તેમના પતિ કથિત અદાણી નાણાં હેર-ફેર કૌભાંડમાં ઉપયોગમાં લેવાતા ઓફશોર ફંડ્સમાં હિસ્સો ધરાવે છે

(એજન્સી) તા.૨૨

ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલે જણાવ્યું છે કે, લોકસભાના સાંસદ દ્વારા મૂડીબજારના નિયમનકાર SEBIના ચેરપર્સન માધબી પુરી બુચ દ્વારા અયોગ્યતા અને હિતોના સંઘર્ષનો આક્ષેપ કરતી ફરિયાદ તેને કોઈપણ તપાસનો આદેશ આપવા માટે પૂરતી નથી. યુ.એસ.-સ્થિત 'કાર્યકર શોર્ટ-સેલર' હિન્ડનબર્ગ રિસર્ચના અહેવાલના આધારે જુદી-જુદી વ્યક્તિઓ દ્વારા દાખલ કરવામાં આવેલી બે ફરિયાદો પર નિર્ણય લેતી વખતે, તેણે ફરિયાદીઓને પ્રમાણિકતા અને વિશ્વસનીયતા ચકાસવા માટે તેમના દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની વિગતોનો ઉલ્લેખ કરતી એફિડેવિટ ફાઈલ કરવા જણાવ્યું હતું.




૧૦/૦૮/૨૦૨૪ના રોજ પ્રકાશિત હિન્ડનબર્ગ રિસર્ચના તાજેતરના અહેવાલમાં તેણે તેમને સંબંધિત વ્યક્તિ સામેના આરોપોને સ્પષ્ટ કરવા પણ કહ્યું કે, જે ૨૦ સપ્ટેમ્બરના લોકપાલના આદેશ મુજબ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ના દાયરામાં ભ્રષ્ટાચારનો ગુનો બની શકે છે. આ બાબતના રાજકીયકરણ સહિત અટકળો અને ખોટી માહિતીની સંભાવનાને દૂર કરવા જાહેર ડોમેનમાં મૂકવામાં આવી હતી.

હિન્ડનબર્ગ રિસર્ચે તેના અહેવાલમાં આરોપ મૂક્યો હતો કે, કથિત અદાણી મની સિફનિંગ કૌભાંડમાં વપરાતા ઓફશોર ફંડ્સમાં બુચ અને તેના પતિનો હિસ્સો હતો. આ બંને દ્વારા આ આરોપોને નકારી કાઢવામાં આવ્યા હતા, જેમણે કહ્યું હતું કે, શોર્ટ સેલર મૂડી બજારના નિયમનકારની વિશ્વસનીયતા પર હુમલો કરી રહ્યો છે અને ચારિત્ર્યની હત્યાનો પ્રયાસ કરી રહ્યો છે. અદાણી ગ્રુપે હિન્ડનબર્ગ રિસર્ચના આરોપોને દૂષિત પ્રવૃતિ ગણાવી હતી.

હિન્ડનબર્ગે અદાણી પરના તેના નિંદાત્મક અહેવાલના ૧૮ મહિના પછી કહ્યું હતું કે, SEBIએ અદાણીના મોરેશિયસ અને ઓફશોર શેલ એન્ટિટીના કથિત અઘોષિત વેબમાં રસનો આશ્ચર્યજનક અભાવ દર્શાવ્યો છે. આ ઓફશોર બર્મુડા અને મોરેશિયસ ફંડ્સ કથિત રીતે વિનોદ અદાણી દ્વારા નિયંત્રિત છે જે આ જૂથના ચેરમેન ગૌતમ અદાણીના મોટા ભાઈ છે. તેનો ઉપયોગ રાઉન્ડ-ટ્રીપ ફંડ્સ અને સ્ટોકના ભાવમાં વધારો કરવા માટે કરવામાં આવ્યો હોવાનો આરોપ છે.

સંસદના વર્તમાન સભ્ય (લોકસભા) દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ સાથે વ્યવહાર કરતા લોકપાલે કહ્યું કે, લોકપાલ અધિનિયમની કલમ ૨૦ મુજબ પ્રથમ દૃષ્ટિએ આ કેસ અસ્તિત્વમાં છે તેવો મક્કમ અભિપ્રાય લેવા માટે માહિતી ઓછી છે. X પર એક પોસ્ટમાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ ૧૩ સપ્ટેમ્બરના રોજ કહ્યું હતું કે, તેણે લોકપાલમાં SEBIના વડા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે અને કહ્યું છે કે, ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલે તેને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અથવા સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને પ્રારંભિક તપાસ માટે મોકલવી જોઈએ.

ફરિયાદીના નામનો ઉલ્લેખ કર્યા વિના લોકપાલે તેના આદેશમાં જણાવ્યું હતું કે, તેની ઓફિસમાં દાખલ કરાયેલ સંદેશાવ્યવહાર ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ની તારીખનો છે, જેની સમગ્ર નકલ લોકપાલના નિયમ ૪ના આદેશ હોવા છતાં સમકાલીન રીતે જાહેર ડોમેન મૂકવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, પ્રથમ ફરિયાદીએ ૧૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ તેની ફરિયાદનો મુસદ્દો તૈયાર કર્યો હતો. ઉપર નોંધેલ ઘટનાક્રમ પરથી અમારી પાસે એવું માનવાનું કારણ છે કે, ફરિયાદીએ જણાવેલ સામગ્રીની ચકાસણી કર્યા વિના અહેવાલ અને વિશ્વસનીય સામગ્રીનું સંકલન કર્યું છે.

લોકપાલે બંને ફરિયાદીઓને સોગંદનામામાં પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ના અર્થમાં 'ભ્રષ્ટાચારના ગુના'ની સાબિતી આપી શકે તેવા સંબંધિત વ્યક્તિ સામેના આરોપોને સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. તેણે ફરિયાદીઓને દસ વ્યાપક મુદ્દાઓ પર પાયાના અથવા અધિકારક્ષેત્રના તથ્યો સમજાવતી એફિડેવિટ ફાઈલ કરવા જણાવ્યું હતું. લોકપાલે ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પ્રકાશિત હિન્ડેનબર્ગ રિસર્ચના તાજેતરના અહેવાલમાં દાવાની પ્રામાણિકતા અને વિશ્વસનીયતા ચકાસવા સંબંધિત ફરિયાદી દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો અંગે વિગતો માંગી હતી. આ નિર્દેશ માત્ર એક પ્રક્રિયાગત આદેશ છે, જે સંબંધિત ફરિયાદની કાર્યક્ષમતાના પ્રશ્નના પરીક્ષણ માટે અને ૨૦૧૩ના અધિનિયમની કલમ ૨૦ હેઠળ વિલક્ષણ તથ્યની પરિસ્થિતિમાં પ્રથમ દૃષ્ટિએ રેકોર્ડ કરવા માટે જારી કરવામાં આવ્યો છે. લોકપાલે ૧૭ ઓકટોબર, ૨૦૨૪ના રોજ વધુ વિચારણા માટે આ કેસોને સૂચિબદ્ધ કર્યા છે.

# અરવિંદ કેજરીવાલે મોદી પર નિશાન સાધ્યું : દિલ્હીના મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપ્યા પછી પ્રથમ જાહેર સંબોધનમાં RSS વડાને પ્રશ્નો કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

AAPના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે રવિવારે ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉંમર અંગે વાત કરી હતી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ને પ્રશ્ન કર્યો કે, શું તે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ કરીને વિપક્ષી સરકારોને પછાડવા, વરિષ્ઠ નેતાઓને દબાણ કરવા માટે ભાજપની રાજનીતિને સમર્થન આપે છે. મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ જંતરમંતર ખાતે તેમની પ્રથમ 'જનતકી અદાલત' જાહેર સભામાં કેજરીવાલે RSSના વડા મોહન ભાગવતને પાંચ પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે કહ્યું કે, જે રીતે મોદીજી દેશભરમાં અન્ય પક્ષોને લાલચ આપીને અથવા તેમને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની ધમકી આપીને તોડી રહ્યા છે અને સરકારોને તોડી રહ્યા છે; શું આ દેશની લોકશાહી માટે યોગ્ય છે ? શું તમને નથી લાગતું કે આ ભારતીય લોકશાહી માટે હાનિકારક છે ? તેમણે ભાગવતને એ પણ પૂછ્યું કે, શું તેઓ 'સૌથી ભ્રષ્ટ' નેતાઓને પાર્ટીમાં સામેલ કરવાની ભાજપની રાજનીતિ સાથે સહમત છે. ભાજપનો જન્મ RSSમાંથી થયો હોવાનું જણાવતા કેજરીવાલે RSSના વડાને પૂછ્યું કે, શું તેમણે ક્યારેય મોદીને આના વિરુદ્ધ સલાહ આપી છે. અન્ય એક પ્રશ્નમાં AAP સુપ્રીમોએ ભાગવતને પૂછ્યું કે, જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ લોકસભા ચૂંટણી પહેલા કહ્યું કે, તેમની પાર્ટીને RSSની જરૂર છે ત્યારે તેમને કેવું




લાગ્યું હતું. મોદી પરના તેમના હુમલાઓને વધુ તીવ્ર બનાવતા કેજરીવાલે કહ્યું કે, RSS અને ભાજપે સાથે મળીને એક નિયમ બનાવ્યો છે કે, રાજકારણીએ ૭૫ વર્ષની ઉંમર પછી નિવૃત્ત થવું પડશે. કેજરીવાલે કહ્યું કે, લાલકૃષ્ણ અડવાણીજી અને મુરલી મનોહર જોશીજી જેવા દિગ્ગજ નેતાઓ નિવૃત્ત થયા હતા, પરંતુ હવે અમિત શાહજી કહી રહ્યા છે કે, તે નિયમ મોદીજી પર લાગુ થશે નહીં. શું આ નિયમ મોદીજી પર લાગુ નહીં થાય? કેજરીવાલે કહ્યું કે, તેમને આશા છે કે, RSSના વડા અને અન્ય નેતાઓ તેમના પ્રશ્નોના જવાબ આપશે.

લોકસભાની ચૂંટણી પહેલા પણ કેજરીવાલે મોદીની ઉંમરની વાત કરી હતી કારણ કે, તેઓ આવતા વર્ષે ૭૫ વર્ષના થવાના છે. તેમણે કહ્યું કે, ૨૦૧૪માં મોદીએ પોતે એક નિયમ બનાવ્યો હતો કે ભાજપના નેતાઓ ૭૫ વર્ષની વય પછી નિવૃત્ત થશે. મોદીજી આવતા વર્ષે ૧૭ સપ્ટેમ્બરે ૭૫ વર્ષના થઈ રહ્યા છે. મારે મોદીજીને પૂછવું છે, શું તમે અમિત શાહ માટે વોટ માંગી રહ્યા છો? સુપ્રીમ કોર્ટે એક્સાઈઝ પોલિસી કેસમાં જામીન આપ્યા બાદ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપનાર AAPના વડાએ ભાજપ અને મોદી પર તેમની અને તેમની પાર્ટીના નેતાઓ જેમ કે મનિષ સિસોદિયા અને સંજયસિંહ પર ખોટા આરોપો લગાવવાનો આરોપ મૂક્યો હતો.

તેમણે કહ્યું કે, તેમણે જીવનમાં દેશ અને લોકોની ઈમાનદારીથી સેવા કરી છે. મેં લોકો અને દેશની સેવા કરવા માટે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો, પૈસા કે કોઈ સત્તાના હોદ્દા માટે નહીં. ભાજપે મને બદનામ કર્યો અને મને ભ્રષ્ટ કહ્યો છે. તેથી જ મેં જેલમાંથી બહાર આવ્યા પછી રાજીનામું આપ્યું, તેઓ જાડી ચામડીના નેતાઓ હોઈ શકે પણ હું તેમના જેવો નથી મેં છેલ્લા દસ વર્ષમાં મારી પ્રામાણિકતા માટે માન અને પ્રેમ મેળવ્યો છે તેથી હું મુખ્યમંત્રીની સીટ પર બેઠો નથી. જ્યાં સુધી તમે મને મત ન આપો અને મને ક્લિનચીટ ન આપો ત્યાં સુધી હું આ પદ પર આવીશ નહીં. કેજરીવાલે કહ્યું કે, તેઓ નવરાત્રીનો તહેવાર શરૂ થયા બાદ મુખ્યપ્રધાનનું નિવાસસ્થાન ખાલી કરી દેશે અને લોકોની વચ્ચે રહેશે. મને લોકો તરફથી ઘણા બધા ફોન આવી રહ્યા છે જે મને ભાડા વગર તેમના ઘરે રહેવા માટે આમંત્રણ આપે છે.

કેજરીવાલે લોકોને કહ્યું કે, તમારે મને પ્રમાણિકતાનું પ્રમાણપત્ર આપવું પડશે. જો તમને લાગે કે કેજરીવાલ પ્રમાણિક છે તો મને મત આપો અને મને જીતાડો અને જો તમને લાગે કે હું અપ્રમાણિક છું તો મત ન આપશો. તેમણે કહ્યું કે, તે આગામી ત્રણ મહિના સુધી લોક અદાલતમાં 'અગ્નિપરીક્ષા'માંથી પસાર થશે.

# સંસદ 'ડાર્ક ચેમ્બર'માં ફેરવાઈ ગઈ છે TMCના નેતા ડેરેક ઓ'બ્રાયન

## થિંક-ટેન્ક PRS લેજિસ્લેટિવ રિસર્ચ દ્વારા સંકલિત કરવામાં આવેલા ડેટા અનુસાર ૧૭મી લોકસભામાં ૧૬ ટકા બિલ સ્થાયી સમિતિઓને મોકલવામાં આવ્યા હતા અને ૧૧૫ દિવસની અંદર બિલ પરના લગભગ ૫૦ ટકા અહેવાલો રજૂ કરવામાં આવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ટીએમસીના નેતા ડેરેક ઓ'બ્રાયને રવિવારે આક્ષેપ કર્યો હતો કે, ૧૮મી લોકસભાએ તેના બંધારણના ૧૦૦ દિવસ પૂરા કર્યા હોવા છતાં સંસદીય સ્થાયી સમિતિઓની રચના કરવામાં આવી નથી અને તેમણે કહ્યું કે, સંસદ 'ઊંડી, અંધારાવાળી ચેમ્બર'માં ફેરવવામાં આવી છે. X પરની એક પોસ્ટમાં રાજ્યસભામાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતાએ જણાવ્યું હતું કે, ૧૫મી લોકસભામાં ૧૦માંથી સાત બિલ સંસદની વિભાગ-સંબંધિત સ્થાયી સમિતિઓને મોકલવામાં આવ્યા હતા જ્યારે છેલ્લી લોકસભામાં ૧૦માંથી માત્ર બે બિલને પેનલોને મોકલવામાં આવ્યા હતા. સંસદીય



બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ૧૧ સપ્ટેમ્બરે જણાવ્યું હતું કે, વિભાગ-સંબંધિત સ્થાયી સમિતિઓ અને સંસદની સલાહકાર સમિતિઓની ટૂંક સમયમાં રચના કરવામાં આવશે. થિંક-ટેન્ક PRS લેજિસ્લેટિવ રિસર્ચ દ્વારા સંકલિત કરવામાં આવેલા ડેટા અનુસાર ૧૭મી લોકસભામાં ૧૬ ટકા બિલ સ્થાયી સમિતિઓને મોકલવામાં આવ્યા હતા. બિલ પરના લગભગ ૫૦ ટકા અહેવાલો ૧૧૫ દિવસમાં રજૂ કરવામાં આવ્યા હતા. સ્થાયી સમિતિઓએ બિલ પરના અહેવાલોને અંતિમ સ્વરૂપ આપવા માટે નવ બેઠકો યોજી હતી.

ડેટા પ્રોટેક્શન બિલ સિવાય માત્ર જૈવિક વિવિધતા (સુધારા) બિલ ૨૦૨૧ પર ઓછામાં ઓછી ૧૫ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી. દેશના ફોજદારી કાયદાઓમાં સુધારા માટેના ત્રણ બિલોની ૧૨ બેઠકોમાં તપાસ કરવામાં આવી હતી. ૧૬મી લોકસભામાં ૨૮ ટકા બિલ સંસદીય સમિતિઓને મોકલવામાં આવ્યા હતા જ્યારે ૧૫મી લોકસભામાં ૭૧ ટકા બિલ પેનલને મોકલવામાં આવ્યા હતા. મોટાભાગની સ્થાયી સમિતિઓ લોકસભા સચિવાલય હેઠળ આવે છે, જ્યારે કેટલીક રાજ્યસભા હેઠળ આવે છે.

# સુરક્ષા પરિષદથી લઈને સ્પેસ ટેક્નોલોજી સુધી યુએસમાં મોદી-બાઈડેન મુલાકાતના મુખ્ય અંશો

## યુએસ પ્રમુખ જો બાઈડેને વિશ્વ મંચ પર ભારતના નેતૃત્વની પ્રશંસા વ્યક્ત કરી છે અને G20 અને ગ્લોબલ સાઉથમાં વડાપ્રધાન મોદીના નેતૃત્વના વખાણ કર્યા છે, વડાપ્રધાન મોદીએ ઉત્તર કેરોલિનાના વિલ્મિંગ્ટનમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે તેમના ઘરે મુલાકાત કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

યુએસ પ્રમુખ જો બાઈડેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુક્રેનની ઐતિહાસિક મુલાકાત અને રશિયા સાથેના યુદ્ધ વચ્ચે તેમના શાંતિના સંદેશની પ્રશંસા કરી હતી. યુ.એસ.એ યુએન સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સભ્યપદ આપવાનું સમર્થન કર્યું હતું.

**આ દ્વિપક્ષીય મીટના કેટલાક મુખ્ય મુદ્દાઓ :-** વડાપ્રધાને અમેરિકી રાષ્ટ્રપતિને નોર્થ કેરોલિનાના વિલ્મિંગ્ટનમાં તેમના ઘરે મળ્યા હતા. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ બેઠકમાં વડાપ્રધાને ભારત-યુએસ ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં રાષ્ટ્રપતિ બાઈડેનના અજોડ યોગદાન માટે તેમની પ્રશંસા કરી હતી. ગયા વર્ષે અમેરિકાની તેમની અગાઉની મુલાકાત અને G20 સમિટ માટે રાષ્ટ્રપતિ બાઈડેનની ભારત યાત્રાને યાદ કરતાં વડા પ્રધાને નોંધ્યું હતું કે આ મુલાકાતોથી ભારત-યુએસ ભાગીદારીમાં વધુ ગતિશીલતા આવી છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારત અને યુએસ હવે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીમાં છે જે માનવીય પ્રયાસોના તમામ ક્ષેત્રોને આવરી લે છે, જે સહિયારા લોકતાંત્રિક મૂલ્યો, હિતોનું સંકલન અને વાઈબ્રન્ટ લોકોના સંબંધોને આવરી લે છે. આ બંને નેતાઓએ પરસ્પર હિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધારવા પર ચર્ચા કરી હતી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને તેનાથી આગળના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું હતું.

**ભારતની વૈશ્વિક ભૂમિકા :-** વ્હાઈટ હાઉસના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ બિડેને વિશ્વ મંચ પર ભારતના નેતૃત્વની પ્રશંસા વ્યક્ત કરી, અને ખાસ કરીને G20 અને ગ્લોબલ સાઉથમાં વડાપ્રધાન મોદીના નેતૃત્વ માટે અને અમેરિકી રાષ્ટ્રપતિએ મુક્ત, ખુલ્લા અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક માટે ક્વાડને મજબૂત બનાવવાની વડાપ્રધાનની પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી હતી. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ રોગચાળામાં વૈશ્વિક પ્રતિસાદને સમર્થન આપવાથી લઈને વિશ્વભરના સંઘર્ષોના વિનાશક પરિણામોને સંબોધવા સુધીના સૌથી વધુ ગંભીર પડકારોનો ઉકેલ મેળવવાના પ્રયાસોમાં ભારત મોખરે છે. પ્રમુખ બિડેને, વડાપ્રધાન મોદીની પોલેન્ડ અને યુક્રેનની તેમની ઐતિહાસિક મુલાકાતો માટે પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિ બાઈડેને વડાપ્રધાન મોદીને જણાવ્યું હતું કે યુએસ ભારતના મહત્ત્વપૂર્ણ અવાજને પ્રતિબિંબિત કરવા વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની પહેલને સમર્થન આપે છે. યુ.એસ.એ સુધારેલ યુએન સુરક્ષા પરિષદમાં ભારત માટે કાયમી સભ્યપદનું પણ સમર્થન કર્યું હતું. વ્હાઈટ હાઉસે જણાવ્યું છે કે બંને નેતાઓએ સ્પેસ, સેમિકન્ડક્ટર્સ અને એડવાન્સ્ડ ટેલિકોમ્યુનિકેશન્સ સહિત મુખ્ય ટેક્નોલોજી ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવા અને વિસ્તરણ કરવા માટે ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી (iCET) પરની પહેલની સફળતા પર ખુશી વ્યક્ત કરી હતી. આ બંને નેતાઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ, બાયોટેક્નોલોજી અને ક્લીન એનર્જી જેવા ક્ષેત્રોમાં સહયોગ માટે નિયમિત જોડાણો વધારવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેઓએ ક્વાડ અને અમેરિકા દ્વારા સહિત સમાન વિચારધારાવાળા ભાગીદારો સાથે સહયોગને મજબૂત કરવા માટે ચાલી રહેલા પ્રયાસોને પ્રકાશિત કર્યા હતા. નિર્ણાયક ઉદ્યોગો માટે વધુ સુરક્ષિત અને સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલાઓનું નિર્માણ કરવા અને અમે સામૂહિક રીતે નવીનતાની અગ્રણી ધાર પર રહીએ તે સુનિશ્ચિત કરવા માટે આ વર્ષની શરૂઆતમાં ભારત-ROK ત્રિપક્ષીય ટેકનોલોજી પહેલ શરૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ બિડેન અને વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા, નેક્સ્ટ જનરેશન ટેલિકોમ્યુનિકેશન્સ અને ગ્રીન એનર્જી એપ્લીકેશન્સ માટે એડવાન્સ સેન્સિંગ, કોમ્યુનિકેશન અને પાવર ઈલેક્ટ્રોનિક્સ પર કેન્દ્રિત નવા સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટની સ્થાપના માટેની વ્યવસ્થાને બિરદાવી



હતી. સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રે, બંને નેતાઓએ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર વૈજ્ઞાનિક સંશોધન કરવા માટે નાસા અને ISRO દ્વારા પ્રથમ સંયુક્ત પ્રયાસ તરફની પ્રગતિને આવકારી હતી. અમેરિકી રાષ્ટ્રપતિએ ભારતમાં ૩૧ જનરલ એટોમિક્સ MQ-9B (૧૬ સ્કાય ગાર્ડિયન અને ૧૫ સી ગાર્ડિયન) રિમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ અને તેની સાથે સંકળાયેલા સાધનોની ખરીદી પૂર્ણ કરવાની પ્રગતિને આવકારી છે. આ બંને નેતાઓએ યુએસ-ભારત સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રોડમેપ હેઠળ પ્રગતિને માન્યતા આપી હતી. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ બાઈડેને પણ સંરક્ષણ ઔદ્યોગિક ભાગીદારી વિસ્તારવાના પ્રયાસોને આવકાર્યા હતા. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ બાઈડેને સ્વચ્છ ઊર્જા તકનીકોના યુએસ અને ભારતીય ઉત્પાદન દ્વારા સલામત અને સુરક્ષિત સ્વચ્છ ઊર્જા પુરવઠા શૃંખલાના વિસ્તરણને વેગ આપવાના સંયુક્ત પ્રયાસોનું સ્વાગત કર્યું છે. આગેવાનોએ U.S. ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન (DFC)ની સ્વચ્છ ઊર્જા ઉત્પાદનને વિસ્તારવા અને સપ્લાય ચેઈનને વૈવિધ્યીકરણ કરવા માટે ભારતના ખાનગી ક્ષેત્ર સાથેની ભાગીદારી પર પણ વાત કરી છે. બંને નેતાઓએ ભારતમાં નવા નેશનલ સેન્ટર ફોર હાઈડ્રોજન સેફ્ટી પર ભારત-યુએસ સહયોગનું સ્વાગત કર્યું છે અને સ્વચ્છ ઊર્જા ઉત્પાદન અને વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ પર સહયોગ વધારવા માટે નવા રિન્યુએબલ એનર્જી ટેક્નોલોજી એક્શન પ્લેટફોર્મ (RETAP)નો ઉપયોગ કરવાની પુષ્ટિ કરી છે. બંને નેતાઓએ ભારતમાં પુનઃપ્રાપ્ય ઊર્જા, બેટરી સ્ટોરેજ અને ઉભરતી સ્વચ્છ ટેક્નોલોજીના ઉત્પાદન અને ઉપયોગને વેગ આપવા માટે તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી છે. બંને નેતાઓએ નવા યુએસ-ભારત ડ્રગ પોલિસી ફ્રેમવર્કમાં સિન્થેટીક દવાઓ અને પુરોગામી રસાયણોના ગેરકાયદે ઉત્પાદન અને આંતરરાષ્ટ્રીય હેરફેરને અટકાવવા માટે સહયોગને વધુ ગાઢ બનાવશે અને સર્વગ્રાહી જાહેર આરોગ્ય ભાગીદારીને ગાઢ બનાવશે. બંને નેતાઓએ યુ.એસ. અને ભારતીય નાના અને મધ્યમ કદના ઉદ્યોગો વચ્ચેના સહકારને પ્રોત્સાહન આપવા માટે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો અને નાના બિઝનેસ એડમિનિસ્ટ્રેશન મંત્રાલય વચ્ચેના સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષરનું સ્વાગત કર્યું છે. આગેવાનોએ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર અને ભારતના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય વચ્ચે આબોહવા-સ્માર્ટ એગ્રીકલ્ચર, કૃષિ ઉત્પાદકતા વૃદ્ધિ, કૃષિ નવીનીકરણ અને પાકના જોખમને લગતી શ્રેષ્ઠ પદ્ધતિઓની વહેંચણી જેવા ક્ષેત્રોમાં કૃષિ પરના ઉન્નત સહકારનું સ્વાગત કર્યું. સંરક્ષણ અને કૃષિ ધિરાણ બંને પક્ષો દ્વિપક્ષીય વેપારને વધારવા માટે નિયમનકારી મુદ્દાઓ અને નવીનતા પર ચર્ચા દ્વારા ખાનગી ક્ષેત્ર સાથે સહકાર વધારશે.

### ભારતની અમેરિકા સાથે મેગા ડ્રોન ડીલ

# ભારત ખરીદશે આકાશ-સમુદ્રના 'ગાર્ડિયન', કોલકાતામાં સ્થપાશે સેમિકન્ડક્ટર પ્લાન્ટ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન વચ્ચેની મુલાકાતે બંને દેશો વચ્ચેના સંરક્ષણ સહયોગને નવો આયામ આપ્યો છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસીય અમેરિકાના પ્રવાસે છે. તેમણે QUAD સમિટમાં ભાગ લીધો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સાથે પણ તેમની મહત્વપૂર્ણ દ્વિપક્ષીય મુલાકાત હતી. આ બેઠકમાં બંને નેતાઓએ વૈશ્વિક અને વ્યૂહાત્મક જોડાણને વધુ મજબૂત કરવાની વાત કરી હતી. ભારતે આકાશ અને સમુદ્રની સુરક્ષા માટે અમેરિકા પાસેથી MQ-9B ગાર્ડિયન ડ્રોન ખરીદ્યું છે, જે મેગા ડીલમાં સામેલ છે.

ખાસ કરીને સંરક્ષણ સહયોગ પર કેન્દ્રિત આ બેઠકમાં બંને નેતાઓએ ઘણા મહત્વપૂર્ણ કરારો પર ચર્ચા કરી જે ભારત અને અમેરિકાની શાંતિ અને સુરક્ષાને મજબૂત કરશે. ૭ મુદ્દાઓમાં જાણો બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ?

MQ-9B ડ્રોનની ખરીદી: વડાપ્રધાન મોદી સાથેની બેઠકમાં રાષ્ટ્રપતિ બાઈડને ભારત દ્વારા ૩૧ MQ-9B ડ્રોનની ખરીદીની પ્રશંસા કરી. આ અદ્યતન ડ્રોન ભારતની ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રિકોનિસન્સ (ISR) ક્ષમતામાં વધારો કરશે. તેમાંથી ૧૬ ડ્રોન સ્કાય ગાર્ડિયન (હવાઈ સુરક્ષા માટે) અને સી ગાર્ડિયન (દરિયાઈ સુરક્ષા માટે) છે. ભારતની આ પહેલથી જમીન, સમુદ્ર અને અવકાશ ક્ષેત્રે ભારતના સુરક્ષા દળોને મજબૂત કરવામાં મદદ કરશે.

સેમિકન્ડક્ટર પ્લાન્ટ: વડાપ્રધાન મોદી અને યુએસ પ્રમુખે કોલકાતામાં એક નવો સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપવા અંગે ચર્ચા કરી, જે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને બંને દેશો વચ્ચે એડવાન્સ સેન્સિંગ, કોમ્યુનિકેશન અને નેક્સ્ટ જનરેશન ટેલિકોમ્યુનિકેશન અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા પર ફોકસ છે. પીએમ મોદીએ કહ્યું કે આ પગલાથી ભારત સેમી, થર્ડટેક અને યુએસ સ્પેસ ફોર્સ વચ્ચે વ્યૂહાત્મક તકનીકી ભાગીદારી દ્વારા સક્ષમ બનશે. અદ્યતન લશ્કરી પ્રણાલીઓનું સહ-ઉત્પાદન: બંને નેતાઓએ ભારત-યુએસ સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રોડમેપની પ્રશંસા કરી. આ રોડમેપ હેઠળ, જેટ એન્જિન, દારૂગોળો અને ગ્રાઉન્ડ મોબિલિટી સિસ્ટમ્સ જેવા ભારે સાધનો અને હથિયારોનું નિર્માણ કરવામાં આવે છે. આ મહત્વપૂર્ણ સહયોગમાં દરિયાઈ



સુરક્ષાને વધારવા માટે લિક્વિડ રોબોટિક્સ અને ભારતના દરિયાઈ સંરક્ષણ એન્જિનિયરિંગ માનવરહિત સપાટી પરના વાહનોના ઉત્પાદન પર પણ ભાર મૂકવામાં આવશે. MRO ઈકોસિસ્ટમઃ ભારતમાં સંરક્ષણ સંબંધિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, PM મોદીએ MRO સેક્ટર એટલે કે જાળવણી, સમારકામ અને ઓવરહોલિંગ સેક્ટરમાં GST દર ઘટાડીને ૫ ટકા કર્યા છે. આ સાથે અમેરિકન કંપનીઓ આ ક્ષેત્રમાં પ્રવેશ કરે તેવી અપેક્ષા છે. અમેરિકન કંપનીઓએ ભારતમાં MRO સેક્ટરમાં પરિવર્તન લાવવાનું વચન આપ્યું છે. અમેરિકન કંપનીઓ ભારતમાં માનવરહિત વાહન રિપેરિંગ સુવિધાઓ વિકસાવવા માટે મોટા પાયે રોકાણ કરવા માંગે છે.

C-130J સુપર હર્ક્યુલસ એગ્રીમેન્ટ : લોકહીડ માર્ટિન અને ટાટા એડવાન્સ સિસ્ટમ્સે ભારતમાં C-130J સુપર હર્ક્યુલસ એરક્રાફ્ટ માટે સ્ઈ સુવિધા સ્થાપવા માટે ઐતિહાસિક કરાર કર્યો છે. આ ન માત્ર ભારતીય ફ્લીટ માટે સહાયક બનશે પરંતુ એરક્રાફ્ટના ગ્લોબલ ઓપરેટરોની જરૂરિયાતોને પણ પૂરી કરશે. ઉદાહરણ તરીકે, આનાથી આત્મનિર્ભરતા આવશે.

INDUS-X ઈનોવેશન એન્ડ કોલાબોરેશન : ૨૦૨૩ માં શરૂ કરાયેલ ભારત-યુએસ ડિફેન્સ એક્સિલરેશન ઈકોસિસ્ટમ (INDUS-X), સરકારો, વ્યવસાયો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સહયોગને પ્રોત્સાહન આપ્યું છે અને બંને નેતાઓ બેઠકમાં આને વધુ વિસ્તૃત કરવા સંમત થયા હતા. સિલિકોન વેલીમાં તાજેતરમાં યોજાયેલી INDUS-X સમિટે ભારતના iDEX (ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ) અને યુએસ ડિફેન્સ ઈનોવેશન યુનિટ (DIU) વચ્ચેના સહયોગને પ્રોત્સાહન આપ્યું છે. આ ક્ષેત્રમાં બંને દેશો વચ્ચેની ભાગીદારી એક ટ્રિલિયન ડોલરની છે અને ભારતીય કંપનીઓ દરિયાની અંદરના સંચાર અને મેરીટાઈમ ISR ટેક્નોલોજી પર કામ કરી રહી છે.

દ્વિપક્ષીય સૈન્ય અભ્યાસ અને લાયઝન ઓફિસર્સઃ વડાપ્રધાન મોદી અને જો બિડેન સંયુક્ત લશ્કરી કવાયતની જરૂરિયાતોને સમજે છે. ભારત દ્વારા આયોજિત અત્યાર સુધીની સૌથી મોટી દ્વિપક્ષીય, ત્રિ-સેવા કવાયત, TIGER TRIUMPH ૨૦૨૪ સાથે આ દિશામાં સહકારને વધુ ગાઢ બનાવવાની જરૂરિયાત અનુભવાઈ હતી. આ ઉપરાંત, બંને નેતાઓએ ભારત અને અમેરિકા વચ્ચે સંપર્ક કાર્યાલયો તૈનાત કરવાના નિર્ણયનું પણ સ્વાગત કર્યું, જે વાસ્તવિક સમયના સહયોગમાં વધારો કરશે, ખાસ કરીને યુએસ સ્પેશિયલ કોઓપરેશન કમાન્ડ (SOCOM) સાથે. સાયબર સ્પેસ ડિફેન્સ કોઓપરેશનઃ બંને નેતાઓએ એડવાન્સ્ડ ડિફેન્સ સેક્ટર સહિત સાયબર અને સ્પેસ સેક્ટરમાં સહયોગ વધારવા પર પણ ચર્ચા કરી હતી. નવેમ્બર ૨૦૨૪માં યોજાનારી સાયબર એંગેજમેન્ટમાં થ્રેટ ઈન્ફોર્મેશન શેરિંગ, સાયબર સિક્યોરિટી ટ્રેનિંગ અને ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઉપરાંત, મે ૨૦૨૪ માં યોજાયેલી યુએસ-ભારત એડવાન્સ્ડ ડોમેન્સ ડિફેન્સ ડીલ સંરક્ષણ ક્ષેત્રમાં ઘણી મોટી કવાયતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેણે અવકાશ સુરક્ષા ક્ષેત્રને પ્રોત્સાહન આપ્યું છે. ભારત અને અમેરિકા સંરક્ષણ વ્યૂહરચનાઓ પર સતત તેમનો સહયોગ વધારી રહ્યા છે, આ સહકારથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વધુ મુક્ત અને ખુલ્લો રહેશે. નવીનતા, ટેક્નોલોજી અને પરસ્પર સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી બંને દેશો વચ્ચે સૈન્ય સહયોગ, વૈશ્વિક શાંતિ અને સુરક્ષા વધારવામાં મદદ મળશે.

# મોદીએ મહારાષ્ટ્રના કારીગરો દ્વારા હાથથી કોતરેલી એન્ટિક સિલ્વર ટ્રેનનું મોડેલ બાઈડેનને ભેટમાં આપ્યું

(એજન્સી) તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસ માટે અમેરિકાના પ્રવાસે છે. અહીં તેમણે ક્વાડ સમિટમાં ભાગ લીધો હતો. આ કોન્ફરન્સ દરમિયાન પીએમ મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે મુલાકાત કરી હતી. રાષ્ટ્રપતિ બાઈડેનના હોમટાઉન જેલાવેરમાં જ ક્વાડ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

પીએમ મોદી સાથે કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર અને વિદેશ સચિવ વિક્રમ મિસ્રી પણ અમેરિકામાં હાજર છે. રાષ્ટ્રપતિ બાઈડેને PM મોદીનું તેમના ડેલાવેર સ્થિત નિવાસસ્થાને સ્વાગત કર્યું. પીએમ મોદીએ આ બેઠકમાં બાઈડેનને ખાસ ભેટ પણ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિને ચાંદીની કિંમતી ટ્રેનનું મોડલ ભેટમાં આપ્યું હતું. આ ટ્રેન મોડલ એક દુર્લભ નમૂનો છે. તેને મહારાષ્ટ્રના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. ૯૨.૫% સિલ્વરથી બનેલું આ મોડલ






ભારતનો ભવ્ય ભૂતકાળ દર્શાવે છે. આ ટ્રેન મોડલ ભારતમાં વરાળથી ચાલતા એન્જિનના યુગને પ્રતિબિંબિત કરે છે. પીએમ મોદીએ અમેરિકાની ફર્સ્ટલેડી જિલ બાઈડેનને પશ્મિનાની શાલ ભેટમાં આપી હતી. આ શાલ જમ્મુ અને કાશ્મીરમાં બનાવવામાં આવે છે અને તેને પેપર બોક્સમાં પેક કરવામાં આવે છે. આ બોક્સ માત્ર કાગળ, ગુંદર અને કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને હાથ દ્વારા બનાવવામાં આવે છે. દરેક બોક્સ પરની આર્ટવર્ક અલગ છે, જે કાશ્મીરી કળાને પ્રતિબિંબિત કરે છે. સામે અમેરિકાએ પણ ભારતને અનેક એન્ટીક વસ્તુઓ પાછી આપી છે.

# ચેન્નાઈના ટેકીએ વીજ કરંટથી આત્મહત્યા કરી લીધી; પોલીસનું કહેવું છે કે, કામના દબાણને કારણે તે હતાશ હતો

(એજન્સી) તા.૨૨

પુણે બાદ હવે ચેન્નાઈમાં વધુ કામના કારણે મોતનો મામલો સામે આવ્યો છે. ચેન્નાઈમાં વધુ કામના દબાણને કારણે એક સોફ્ટવેર એન્જિનિયરે આત્મહત્યા કરી. આ ઘટના ગુરૂવારે રાત્રે બની હતી. વ્યક્તિએ વીજ શોકથી જીવનનો અંત આણ્યો હતો. પત્ની મંદિરેથી પરત ફર્યા બાદ મામલો પ્રકાશમાં આવ્યો હતો. પોલીસે કેસ નોંધી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. સોફ્ટવેર એન્જિનિયરે ચેન્નાઈના ઓલ્ડ મહાબલીપુરમ રોડ પાસેના તંજાવુરમાં પોતાના ઘરે આત્મહત્યા કરી હતી. તેણે આખા શરીરે



ઈલેક્ટ્રીક વાયર વીંટાળીને આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે પત્ની મંદિરેથી પરત આવી ત્યારે તેણે દરવાજો ખોલ્યો ન હતો. વારંવાર ખટખટાવ્યા બાદ પણ કોઈ જવાબ ન મળતાં પત્નીએ બીજી ચાવી વડે દરવાજો ખોલ્યો હતો. પરંતુ અંદરનો નજારો જોયા બાદ તે ચોંકી ગઈ હતી.

રિપોર્ટ્સ અનુસાર મૃતક ૩૮ વર્ષીય કાર્તિકેયન પલ્લવરમમાં એક સોફ્ટવેર ફર્મમાં ૧૫ વર્ષથી કામ કરતો હતો. તે મૂળ થેનીનો રહેવાસી હતો. પાડોશીઓ પાસેથી માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી.

પોલીસનું કહેવું છે કે, કામના દબાણને કારણે યુવક ડિપ્રેશનમાં હતો. બે મહિનાથી તેની સારવાર પણ ચાલી રહી હતી. એન્જિનિયરે માત્ર અન્ડરગાર્મેન્ટ પહેર્યા હતા. તેના આખા શરીર પર વીજ વાયરો વીંટળાયેલા હતા. હોલના મુખ્ય જંક્શન બોક્સમાંથી વીજળીનું જોડાણ હતું.

# આ IAS અધિકારીએ ધોરણ ૧૦, ૧૨ અને CLATમાં ટોપ કર્યું, CJI દ્વારા ગોલ્ડ મેડલ મેળવ્યો, અખિલ ભારતીય ક્રમાંક ૬૦ સાથે UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ટોપર્સ એ શ્રેષ્ઠતાનું સ્વરૂપ છે, તેઓ તેમના જીવનના દરેક તબક્કે સતત ઉત્કૃષ્ટ છે. આવી જ એક પ્રેરણાદાયી વાર્તા IAS અધિકારી, CLAT ટોપર અને ગોલ્ડ મેડલ વિજેતા શ્રદ્ધા ગોમની છે. શ્રદ્ધા, જે મધ્યપ્રદેશના ઈન્દોરની વતની છે તેને તેની માતા વંદના, જે એક ગૃહિણી છે, પાસેથી પ્રેરણા મળી. તેના પિતા રમેશ કુમાર ગોમ SBIના નિવૃત્ત અધિકારી છે. શ્રદ્ધાએ સેન્ટ રાફેલના એચએસમાં શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યો. ઈન્દોરની શાળા જ્યાં તેણે તેની ૧૦મા અને ૧૨મા ધોરણની બંને પરીક્ષામાં ટોપ કર્યું. ત્યારબાદ, શ્રદ્ધાએ કોમન લો એડમિશન ટેસ્ટ (CLAT) આપી અને બેંગ્લુરૂની પ્રતિષ્ઠિત નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી (NLSIU)માં પ્રવેશ મેળવીને ટોપર તરીકે ઉભરી આવી. તેણીના દિક્ષાંત સમારોહમાં તેને ભારતના તત્કાલિન મુખ્ય ન્યાયાધીશ, દિપક મિશ્રા દ્વારા ૧૩ સુવર્ણ ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા



હતા. શ્રદ્ધાની વ્યાવસાયિક સફર તેને હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડમાં લઈ ગઈ જ્યાં તેણે લંડન અને મુંબઈમાં પ્રતિષ્ઠિત યુનિલિવર ફ્યુચર લીડર્સ પ્રોગ્રામના ભાગરૂપે કાનૂની મેનેજર તરીકે કામ કર્યું. જો કે, સ્નાતક થયા પછી તેણે UPSC પરીક્ષા આપવાનું નક્કી કર્યું અને કાયદાને તેના વૈકલ્પિક વિષય તરીકે પસંદ કર્યો. પોતાના ધ્યેય માટે પ્રતિબદ્ધ તેણે નોકરી છોડી દીધી અને કોઈપણ કોચિંગ વિના તૈયારી કરી. એક ઈન્ટરવ્યુમાં શ્રદ્ધાએ શેર કર્યું કે તે શરૂઆતથી જ દરરોજ ૯-૧૦ કલાક અભ્યાસ કરતી. તેણે ૨૦૨૧માં UPSC પરીક્ષા આપી ત્યારે તેના સમર્પણનું ફળ મળ્યું અને તેના પ્રથમ પ્રયત્નમાં અખિલ ભારતીય ક્રમાંક ૬૦ સાથે UPSC પાસ કરી. તેની સખત તૈયારી હોવા છતાં શ્રદ્ધાએ સંતુલિત જીવનશૈલી જાળવી રાખી હતી. તેણે ઉલ્લેખ કર્યો, UPSCની તૈયારી કરતી વખતે પણ મેં મૂવીઝ જોઈ, મારા મનપસંદ પુસ્તકો વાંચ્યા, બેડમિન્ટન રમી અને મારા પરિવાર સાથે સમય વિતાવ્યો. પરંતુ જ્યારે હું અભ્યાસ કરવા બેસતી, ત્યારે મારું સંપૂર્ણ ધ્યાન તેમાં હોતું. કોઈ ટીવી, મોબાઈલ કે વિક્ષેપ નહીં. હાલમાં, શ્રદ્ધા ગોમ રાજસ્થાનના અજમેરમાં સહાયક કલેક્ટર તરીકે ફરજ બજાવે છે. તે સોશિયલ મીડિયા પર પણ સક્રિય છે, જ્યાં તેના ઈન્સ્ટાગ્રામ પર ૧૭.૮k ફોલોઅર્સ છે.

# વેદિકા ગુપ્તાએ ધોરણ ૧૨માં ૯૭% મેળવ્યા, NEET પરીક્ષામાં ૭૨૦માંથી ૭૦૫ ગુણ મેળવ્યા, તેનો અખિલ ભારતીય ક્રમાંક ૭૯ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)એ ભારતની સૌથી પડકારજનક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક છે, જેમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમો (MBBS, BDS, આયુષ)માં પ્રવેશ મેળવવા માટે વાર્ષિક લાખો વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, ભારત અને વિદેશમાં મેડિકલ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે NEET માટે લાયકાત મેળવવી ફરજિયાત છે. તીવ્ર સ્પર્ધાને જોતાં વિદ્યાર્થીઓ સફળ થવા માટે સખત તૈયારી કરે છે. આવી જ એક ઉત્કૃષ્ટ વ્યક્તિ વેદિકા ગુપ્તા છે, જે આ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને આદર્શ બની છે. તેણે NEET UG ૨૦૨૩માં પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક ૭૯ હાંસલ કર્યો, તેની સફળતાની વાર્તા સાથે અસંખ્ય અન્ય લોકોને પ્રેરણા આપી. રાજસ્થાનના જયપુરની વતની, વેદિકાએ NEET UG ૨૦૨૩માં ૭૨૦માંથી અસાધારણ ૭૦૫ ગુણ મેળવ્યા. સતત ઉચ્ચ સિદ્ધિ મેળવનારી



તેણે ૧૨મા ધોરણની પરીક્ષામાં પણ ૯૭% મેળવ્યા હતા. જો કે વેદિકા શરૂઆતમાં એરોસ્પેસ એન્જિનિયર બનવાની ઈચ્છા ધરાવતી હતી, પરંતુ અન્ય લોકોને મદદ કરવાની તેની ઈચ્છાએ તેને દવા તરફ દોરી. તેના સમર્પણનું ફળ મળ્યું, તેણે છોકરીઓમાં ૨૦મો ક્રમ મેળવ્યો. તેની NEETની તૈયારી માટે વેદિકાએ એક શિસ્તબદ્ધ દિનચર્યા જાળવી રાખી, રોજના ૫-૬ કલાક સ્વ-અભ્યાસ માટે સમર્પિત કર્યા. રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ કોચિંગમાંથી પાછા ફર્યા પછી તે જમવા અને આરામ કરવા માટે થોડો વિરામ લેતી. તેણે પછી તેની સ્વ-નિર્મિત નોંધોનો ઉપયોગ કરીને દિનચર્યામાં સુધારો કર્યો. તેના સઘન અભ્યાસ સત્રો દરમિયાન તાણ દૂર કરવામાં સંગીતએ પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. હાલમાં, વેદિકા ભારતની અગ્રણી તબીબી સંસ્થાઓમાંની એક દિલ્હીની મૌલાના આઝાદ મેડિકલ કોલેજમાં MBBS કરી રહી છે. તેની પાસે તેના વતન જયપુરમાં મેડિકલ કોલેજમાં જવાનો વિકલ્પ હોવા છતાં તેણે પ્રતિષ્ઠા અને જયપુરની નિકટતાને કારણે મૌલાના આઝાદને પસંદ કર્યો. જ્યારે તેણે હજી વિશેષતા અંગે નિર્ણય લીધો નથી, ત્યારે વેદિકા તેનું MBBS પૂર્ણ કર્યા પછી સર્જરીમાં અભ્યાસ કરવા ઈચ્છુક છે. મહત્ત્વાકાંક્ષી એરોસ્પેસ એન્જિનિયરથી લઈને સૌથી મુશ્કેલ મેડિકલ પ્રવેશ પરીક્ષાઓમાંની એક સુધી પહોંચવા સુધીની વેદિકાની સફર ઘણાં વિદ્યાર્થીઓને તેમના સ્વપ્નને નિશ્ચય અને સખત મહેનત સાથે આગળ વધારવા માટે પ્રેરિત કરી રહી છે.

# મેરા ગામના શિક્ષકની બદલી થતાં વિદ્યાર્થીઓ ચોધાર આંસુએ રડી પડતા ભાવુક દશ્યો સર્જાયા

## દસાડાના ઝેઝરી ગામથી પોતાના વતન નજીક નાવિયાણી ગામે શિક્ષક શાહબુદ્દીન ખાનજીની બદલીથી વિદ્યાર્થીઓ હિબકે ચઢ્યા





સુરેન્દ્રનગર, તા.૨૨

મેરા ગામના વતની શાહબુદ્દીન ખાનજી દલુભા મલીકની દસાડા તાલુકાના ઝેઝરી ગામથી પોતાના વતન નજીક દસાડા તાલુકાના નાવીયાણી ગામે બદલી થતા ભાવુક દશ્યો સર્જાયા હતા. વ્હાલા શિક્ષકની બદલી થતાં ચોંધાર આંસુએ રડતા બાળકો સાથે શિક્ષક પોતે હિબકે ચઢ્યા હતો. શિક્ષકની બદલી થઈ છે, એ સમાચાર સાંભળીને જ્યારે બાળકો હિબકે ચડે તે દર્શાવે છે કે, બાળકો સાથે શિક્ષકની આત્મીયતા કેટલી હદે જોડાયેલી હોય છે. જેમાં મલીક દરબાર પરિવારના મેરા ગામના વતની શાહબુદ્દીનખાનજી દલુભા મલીકની દસાડા તાલુકાના ઝેઝરી ગામથી પોતાના વતન નજીક દસાડા તાલુકાના નાવીયાણી ગામે બદલી થઈ છે. એ સમાચાર સાંભળીને બાળકોની સાથે આત્મીયતાથી જોડાયેલા એક શિક્ષક તરીકેની નિષ્ઠા અને લાગણીના તાંતણે બંધાયેલા વિદ્યાર્થીઓ વચ્ચેના દશ્યો હાજર સૌ કોઈના આખોના ખૂણા ભીના કરી દે એવા ભાવુક નજરે પડે છે. ત્યારે એક શિક્ષકની વતન નજીક આવવાની ખુશીઓ પહેલા વહાલા બાળકોથી જુદા થવાની વેદના સ્પષ્ટ જોઈ શકાય છે. ત્યારે આ સમગ્ર હૃદયદ્રાવક ઘટનાને જોઈએ તો બાળકના જીવનમાં શિક્ષકનું કેટલુ મહત્ત્વ છે, તે સમજાય છે. કહેવામાં આવે છે કે પ્રથમ શિક્ષણ માતા પાસેથી મળે છે. ત્યારબાદ જો વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં અને ઉચ્ચ કક્ષા સુધી અભ્યાસ માટે પહોંચાડવામાં જેનો સિંહ ફાળો હોય તો તે શિક્ષકનો હોય છે. વિદ્યાર્થીઓ સાથેના સંબંધો અને તેને જ્ઞાન આપતા શિક્ષક કેવા હોવા જોઈએ તે સુરેન્દ્રનગર જિલ્લાના મેરા ગામના વતની એવા શાહબુદ્દીન ખાનજી દલુભા મલેક કે જેઓ જેજરી ગામમાં શિક્ષક તરીકે શાળામાં ફરજ બજાવી વિદ્યાર્થીઓને સારા સંસ્કાર આપ્યા છે. તેમની બદલી દસાડા તાલુકાના નાવણીયા ગામ ખાતે થતા ભાવિક દશ્યો જોવા મળ્યા હતા. શાળાના તમામ વિદ્યાર્થીઓ પોતાના પરિવારનો સભ્ય ગુમાવ્યો હોય તેમ રડી પડ્યા હતા ત્યારે ભાવુક દશ્યો સર્જાયા હતા.

# અંકલેશ્વરના કોસમડી ગામની સોસાયટીમાંથી કલરકામના કોન્ટ્રાક્ટરનું સ્કોર્પીયો કારમાં અપહરણ

## ત્રણ ઈસમો કાર તથા કોન્ટ્રાક્ટરનું અપહરણ કરી ફરાર થઈ જતા પોલીસમાં ફરિયાદ

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામની અંબિકા નિકેતન સોસાયટીમાં કલર કામ કોન્ટ્રાક્ટરનું સ્કોર્પીયો આવેલા ૩ ઈસમો અપહરણ કરી લઈ ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ઈસમો કોન્ટ્રાક્ટરની ગાડી પણ લઈ જતા પોલીસ મથકે લૂંટ અને અપહરણનો ગુનો દાખલ કર્યો છે. કોન્ટ્રાક્ટરની પત્ની દ્વારા જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. બનાવની વિગતો અનુસાર મૂળ બિહારના અનરજીત શાહ ગણેશ પાર્ક ૩માં રહે છે અને કલર કામ તેમજ કોન્ટ્રાક્ટ કામ કરી રહ્યા છે. ગત સાંજે તેઓ પોતાના કલર કામનો સામાન કોસમડી ગામ સ્થિત શ્રી અંબિકા ગ્રીન સોસાયટીના મકાનમાં પોતાની કારમાં મૂકી રહ્યા હતા. તે દરમિયાન ૩ અજાણ્યા સ્કોર્પિયો ગાડી લઈ આવેલા ઈસમોએ જબરજસ્તીથી અનરજીત શાહ ગાડીમાં બેસાડી દીધો હતો અને તેમની કાર અન્ય એક ઈસમ લઈ ત્યાંથી રવાના થઈ ગયા હતા. આ અંગે સ્થાનિક રહીશો દ્વારા અનરજીત શાહની પત્ની રુપાદેવીને જાણ કરતા તેઓ પોતાના દિયર સાથે સ્થળ પર દોડી આવ્યા હતા તેમજ પોતાના પતિને ફોન કરતા તેમનો ફોન બંધ આવી રહ્યો હતો. આ અંગે જીઆઈડીસી પોલીસ મથકે જાણ કરતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને સ્થાનિક લોકો સાથે વાતચીત કરી તપાસ શરૂ કરી હતી. રૂપાદેવી શાહની ફરિયાદ આધારે ૨ લાખ રૂપિયાની કારની લૂંટ અને તેના પતિના અપહરણનો ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી હતી, પ્રાથમિક ધંધાકીય અદાવત કે રૂપિયાની લેતી-દેતી ને લઈ અપહરણ થયું હોવાની શંકા સામે આવી રહી છે. ત્યારે હજુ સુધી કોઈ ખંડણીનો ફોન પણ આવ્યો ન હોવાથી પોલીસ ટેકનિકલ સર્વેલન્સ સાથે હ્યુમન ઈન્ટેલિજન્સની એક્ટિવ કરી તપાસ શરૂ કરી હતી તેમજ સોસાયટી અને સોસાયટી આજુબાજુ જાહેર માર્ગો પર લાગેલા સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી હતી.

### હાથમતી વિયરમાં પાણી ભરાઈ જતા

# હિંમતનગરના ખેડ તસિયા અને ઈડર સ્ટેટ હાઈવેને જોડતા ઓવરબ્રિજની કામગીરી બંધ

હિંમતનગર, તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના દરમ્યાન હિંમતનગરના ખેડ તસિયા અને ઇડર સ્ટેટ હાઈવે રોડને જોડતા ઓવરબ્રિજની કામગીરી વિયરમાં પાણી ભરાઈ જતા ચાર મહિનાથી બંધ થઈ છે. પાણી ખાલી થાય ત્યારે ગડર લોન્ચ કરવામાં આવશે. હિંમતનગરમાં હાથમતી વિયર પર હિંમતનગરના ખેડ તસિયા અને ઈડર સ્ટેટ હાઈવે રોડને જોડતો ૨૧ કરોડના હાથમતી ઓવરબ્રિજની કામગીરી ગત વર્ષે શરૂ થઈ હતી. આ બીજું વર્ષ ચાલી રહ્યું છે. ચોમાસું શરૂ થયા બાદ વિયરમાં પાણી ભરાયું છે. જેને લઈને કામગીરી છેલ્લા ચાર મહિનાથી બંધ થઈ છે. હાલમાં ૬ પિયર કેપ સાથે અને બે અબડમેન્ટ તૈયાર થઈ ગયા છે. બીજી તરફ



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

ગડર પણ બનાવી દેવાયા છે. વરસાદને લઈને વિયરમાં પાણી આવવાથી ગડર લોન્ચ કરી શકાયા નથી. ત્યારે વિયરમાંથી પાણી ખાલી થશે ત્યારે ગડર લોન્ચ સહિતની કામગીરી શરૂ થઈ શકે છે. આ અંગે હિંમતનગરના માર્ગ અને મકાન વિભાગના DE વી.એમ.ભાવસારે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, મળેલી માહિતી મુજબ હાથમતી વિયર પર ૨૧ કરોડના ખર્ચે ઓવરબ્રિજ ૬ પિયર બે અબડમેન્ટ, ૧૬ મીટર પહોળો જેમાં ૧૧ મીટર રોડ અને બંને તરફ ફૂટપાથ, સ્ટ્રીટ લાઈટ સાથેનો બનશે. હાલમાં વિયરમાં પાણી ભરાઈ જવાને લઈને કામ બંધ છે. ખાલી થયા બાદ ગડર લોચ સહિતની કામગીરી કરવામાં આવશે.

# ડભોઈના વિવિધ વિસ્તારોમાં હાથીપગા રોગ અટકાવવા બ્લડ સર્વે ઝુંબેશ

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૨૨

ડભોઇના વિવિધ વિસ્તારોમાંથી માઈક્રો ફાઈલેરીયા (હાથીપગા) રોગ અટકાવવા નાઈટ બ્લડ સર્વે કરાયું. ગુજરાત સરકાર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા વડોદરા દ્વારા માઈક્રો ફાઈલેરિયા હાથી પગાના રોગને અટકાવવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તે અંતર્ગત જુદી-જુદી ટીમો બનાવી જિલ્લાના લેબ ટેક્નિશિયન અર્બન હેલ્થના કર્મચારીઓ અને ડભોઇ મેલેરીયા શાખાના કર્મચારીઓ દ્વારા ડભોઇ નગરના જુદા જુદા વિસ્તારોમાંથી ૧૨૫ ઉપરાંત બ્લડ સેમ્પલો એકત્રિત કરવામાં આવ્યા. ડભોઇ મેલેરિયા શાખાના ઇન્સ્પેક્ટર રાજેશભાઈ કટારીયાએ જણાવ્યું હતું કે હાથીપગાનું રોગ ગંદા પાણીમાંથી થતા માદા ક્યુલેક્સ મચ્છર કરડવાથી થતો રોગ છે અને તેનું સમયસર નિદાન થઈ થકે અને નાગરિકોને આ રોગ થતું અટકાવી શકાય તે માટે



સરકારી આદેશ મુજબ જિલ્લા પંચાયતના લેબ ટેક્નીશીયનો અર્બન ટીમના કર્મચારીઓ તથા મેલેરિયા શાખાના કર્મચારીઓ મળી જુદી-જુદી ટીમો બનાવી ડભોઇ નગરના જુદા જુદા વિસ્તારમાં રાતના ૯થી ૧૨ ના સમયગાળામાં નાઈટ બ્લડ સર્વેનું કાર્યક્રમ ગોઠવી સેમ્પલો લેવામાં આવી રહ્યા છે. જ્યારે આ સર્વે તારીખ ૧૮, ૧૯, ૨૦ અને ૨૩ એમ ચાર દિવસ હાથ ધરાશે જેમાં અત્યાર સુધી ૧૨૫ બ્લડ સેમ્પલો લેવાયા છે તેમજ બીજા ત્રણ દિવસમાં ૬૦૦ સેમ્પલ લેવાનું મેલેરિયા શાખાનું ધ્યેય છે. નાગરિકોને આ ઝુંબેશમાં સાથ સહકાર આપવા ઈન્સ્પેકટરે અપીલ કરી હતી.

# ભરૂચના નેત્રંગમાં ઊડતી ધૂળની ડમરીથી રહીશોની બદતર હાલત

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૨

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં સાંબેલાધાર વરસાદના કારણે રોડ-રસ્તાનું ભારે ધોવાણ થયું છે.જેમાં મુખ્યત્વે નેત્રંગ ગામમાં લાલમંટોડીથી જૂની નેત્રંગ વિસ્તારના સુધીના રસ્તા ઉપર ઠેર-ઠેર ખાડા પડવાની સાથે ભારે ધોવાણ થતાં માર્ગ-મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા પ્રા.સમારકામની કામગીરી હાથ ધરાતા માટીનું પુરાણ કરાયું હતું. ભરૂચ જિલ્લાના નેત્રંગ ગામમાંથી અંકલેશ્વર-બુરહાનપુર અને અંબાજી-ઉમરગામ બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે. રાત-દિવસ હજારોની સંખ્યામાં વાહનચાલકો પસાર થાય છે. હાલ મેઘરાજા છેલ્લા અઠવાડિયાથી વિરામ ઉપર છે. તેવા સંજોગોમાં ઊડતી ધૂળની ડમરીના કારણે શાળાએ અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓ, વયોવૃદ્ધ અને સ્થાનિક રહીશોની બદતર હાલત બની જવા પામી છે.શ્વાસ લેવામાં તકલીફ પડતા શર્દી-ખાસીના દર્દીનો ઘરે-ઘર જમાવડો જણાઇ રહ્યો છે.માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ સામે સ્થાનિક રહીશોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

# ડીસાના ભડથ ગામે સાંસદ ગેનીબેન ઠાકોરનો સત્કાર સમારંભ યોજાયો

ડીસા, તા.૨૨

બનાસકાંઠા જિલ્લાના સાંસદ ગેનીબેન ઠાકોરનો ડીસા તાલુકાના ભડથ ગામે સત્કાર સમારંભ યોજાયો હતો. બનાસકાંઠાની લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ પહેલીવાર ડીસા તાલુકાના ભડથ ગામે ક્ષત્રિય સમાજના આગેવાન દેવુસિંહના ફાર્મ હાઉસ ઉપર ગેનીબેન ઠાકોરનો સત્કાર સમારંભ યોજાયો હતો.લોકસભાની ચૂંટણી સમયે ક્ષત્રિય જાગીરદાર સમાજ સહિત અઢારે આલમની જનતાએ સમગ્ર ગુજરાતમાંથી પ્રથમ સીટ કોંગ્રેસ પક્ષને આપી મને દિલ્હી મોકલેલ છે. તે બદલ લોકસભાના સાંસદ ગેનીબેન ઠાકોરે ક્ષત્રિય સમાજ સહિત અઢારે આલમનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો મંચ પર પ્રવચન આપતા લોકસભાના સાંસદ ગેનીબેન ઠાકોરે ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા.લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને જે રીતે બનાસકાંઠાની જનતાને લપડાક મારી છે તે જ રીતે આવનારી જિલ્લા પંચાયત અને સ્વરાજ્યની ચૂંટણીમાં પણ ભારતીય જનતા પાર્ટીને ભુંડી હાર થશે તેઓ પણ વિશ્વાસ વ્યક્ત કરાયો હતો સાથે જે રીતે સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં ઓવરબ્રિજ બનાવાય છે અને મહીનાઓમાં તુટી જાય છે ત્યારે એક ઓવરબ્રિજ બનાવાનો જેટલો ખર્ચ થાય એટલો ખર્ચ ગ્રામ્ય વિસ્તારોમાં એકબીજા ગામના જોડતાં રોડ બનાવવામાં કરે તો ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને પડતી મુશ્કેલીને દૂર કરી શકાય તેમ છે.

# માતરના રતનપુરના મોહમ્મદ આરેફીન કુર્આન હાફિઝ થતાં સન્માન કરાયું

નડિયાદ, તા.૨૨

માતર તાલુકાના રતનપુરમાં રહેતા મોહમ્મદ આરેફીનએ ‘બચ્ચોકા ઘર દારૂલ ઉલુમ’ ખેડાથી હાફિઝની પદવી પ્રાપ્ત કરી હતી આ યોજાયેલા સમારંભમાં મોહમ્મદ આરેફીનને સનદ આપી સન્માન કરવામાં આવ્યું હતું. માતર તાલુકાના રતનપુરમાં રહેતા મોહમ્મદ આરેફીન દુનિયાએ શિક્ષણની સાથે સાથે દીનનું શિક્ષણ લેવા માટે ઈચ્છા ધરાવતો હોય તેને દીની શિક્ષણમાં હાફિઝ બનવું હતું. માવતર અને મામા સહિતના લોકોના માર્ગદર્શનથી તેણે ખેડામાં આવેલા ‘બચ્ચોકા ઘર’માં ચાલતા દારૂલ ઉલુમમાં એડમિશન લીધું હતું અને ત્યાંના મોલાના સલમાન વહાતિ અને મોલાના તાહિરની તાલીમથી તેણે



હાફીઝની પદવી મેળવી છે મોહમ્મદ આરેફીન કુર્આન હાફીઝ થયા છે. હાલમાં તેઓ બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે ભણવામાં પણ તે હોશિયાર છે. મોહમ્મદ આરેફીનના મામા એમ એસ પઠાણ કે જેઓ વકીલ છે તેમણે જણાવ્યું હતું કે મારો ભાણો દીની શિક્ષામાં પણ આગળ વધે છે અને તેની સાથે સાથે દુન્યવી શિક્ષણ પણ લે છે તેના હાફીઝ થવાથી મૂખી પરિવારમાં આનંદ વ્યાપી ગયો છે.

### ભાભર કોર્ટનો ચુકાદો

# બે લોકોને માર મારવા બદલ પોલીસકર્મીને છ માસની કેદ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૨

બનાસકાંઠા જિલ્લાના ભાભર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કર્મીએ વર્ષ ૨૦૧૬ની સાલમાં ચેક પોસ્ટ પરની ફરજ દરમ્યાન બે વ્યક્તિઓને માર મારવા બદલ ગુનો દાખલ થયો હતો. જેનો કેસ ભાભર કોર્ટમાં ચાલી જતાં જજ દ્વારા પોલીસ કર્મીને સજાનો હુકમ ફરમાવાયો છે. મળતી વિગતોનુસાર ડીસા તાલુકાના શેરપુરા ગામના રહીશ અને પોલીસમાં ફરજ બજાવતા સુરેશ મફતપુર ગૌસ્વામીએ ભાભર ખાતેની તેમની ફરજ દરમ્યાન તા.૧૯/૨/૨૦૧૬ના રોજ ગોસણ-રાધનપુર રોડ પર આવેલ ચેક પોસ્ટ પર બે વ્યકિતઓને માર માર્યો હતો. આ અંગે જે તે સમયે ગુનો નોધાવેલો જેનો કેસ ભાભર કોર્ટમાં ચાલી જતાં જજ દ્વારા બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ છેવટે આરોપી એવા સુરેશકુમાર મફતપુર ગૌસ્વામીને ગુનેગાર ઠેરવી છ માસની સાદી કેદ તેમજ રૂ.૫૦૦૦નો દંડ ભરવાનો હુકમ કરાયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સ્મીમેર હોસ્પિટલ ખાતે નવનિર્મિત પી.જી.નું લોકાર્પણ કરતા સી.આર.પાટીલ

## અત્યાધુનિક સુવિધાથી સજ્જ હોસ્ટેલથી તબીબી વિદ્યાર્થીઓની સુવિધાઓમાં વધારો થશે : કેન્દ્રીય મંત્રી

(સંવાદદાતા દ્વારા)સુરત, તા.૨૨

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં મેડિકલ કોલેજના પોસ્ટ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓની સુવિધાર્થે રૂ.૩૨.૦૭ કરોડના ખર્ચે નવનિર્મિત G+16 માળની પી.જી.હોસ્ટેલનું કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાએ સ્વચ્છતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વાયુ સર્વેક્ષણ-એર ક્વોલિટી ઈન્ડેક્સ, આવાસ યોજના જેવા અનેક ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી છે. ત્યારે સુરતવાસીઓના સહયોગથી સુરત વિકાસની હજુ વધુ ઊંચાઈ આંબશે. સુરત મનપાએ સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં અત્યાધુનિક સુવિધાથી સજ્જ સુરતનું સૌ પ્રથમ ૪૫ મીટર ઊંચાઈ ધરાવતું હોસ્ટેલ બિલ્ડિંગ નિર્માણ કર્યું છે. જેમાં કુલ ૧૯૨ રૂમમાં અંદાજીત ૪૦૦ વિદ્યાર્થીઓ રહી શકશે. આ હોસ્ટેલમાં નિવાસ સાથે વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ એકાગ્રતાથી સમય ફાળવી શકશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભૂગર્ભ જળસ્તરમાં વધારો કરવા શરૂ કરાયેલા ‘કેચ ધ રેઈન’ અને ’રેઈન વોટર હાર્વેસ્ટિંગ-વરસાદી જળસંચય’ના અભિયાનને વેગ આપવા સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં જળ સંચય માટે ૧૧ યુનિટ તૈયાર કરવામાં આવ્યા છે. એટલે વરસાદનું સમગ્ર પાણી ભૂગર્ભમાં રિચાર્જ થશે એમ તેમણે ઉમેર્યું હતું.

# ડીસામાં ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા, રોગચાળાએ માથું ઊંચક્યું : ૬૦૦થી વધુ કેસ નોંધાયા

ડીસા, તા.૨૨

બનાસકાંઠાની આર્થિક પાટનગરી ડીસાએ વિકાસની દિશામાં હરણફાળ ભરી છે ત્યારે શહેરના વિકાસ સાથે સાથે શહેરીજનોની પાયાની સવલતો સફાઈ, પીવાનું શુદ્ધ પાણી, ગટર જેવી જરૂરિયાતમાં પણ વધારો થયો છે. જેના પગલે પાલિકા દ્વારા દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વછતા અભિયાન વેગ આપવા શહેરને સ્વચ્છ રાખવા માટે ડીસામાં સમગ્ર શહેરી વિસ્તારની સફાઈ સાથે ડોર ટુ ડોર કચરો એકઠો કરવાની યોજના પણ અમલમાં મુકવામાં આવી છે.જે સફાઈના નામે કરોડો રૂપિયા ચૂકવાય છે તેમ છતાં ડીસા આખુ ગંદકીથી ઉભરાયુ ચૂક્યું છે તેમાંય ભૂગર્ભ ગટર, ગટરના નાળા તેમજ ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાઈ જતાં ગંદકીના કારણે ડેન્ગ્યુ, મેલેરિયા જેવી જીવલેણ બીમારી સહિત વાયરલ રોગચાળો વકર્યો છે. જેને લઈ ડીસા સિવિલ ખાતે પણ તાવ, શરદી વાયરલ ફીવરના ૬૦૦થી૭૦૦ કેસ સામે આવી રહ્યા છે ત્યારે પારાવાર ગંદકીના કારણે ડીસાના કચ્છી કોલોની નજીકના વિસ્તારમાં ડેન્ગ્યુના કારણે એક બાળકનું મોત પણ નીપજ્યું હોવાની બાબત લોકોમાં ચર્ચાઈ રહી છે ત્યારે શહેરમાં ઠેર ઠેર ફેલાયેલી આ ગંદકીના કારણે ગંભીર રોગચાળો વકરે તે પહેલા પાલિકા દ્વારા સફાઈ કરી દવાનો છટકાવ કરે તે જરૂરી છે. હાલમાં ડીસામાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. આ બાબતે પાલિકા સેનિટેશન વિભાગનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું અગાઉ નવા કરાર માટે ટેન્ડરિંગ કરવામાં આવ્યું હતું પરંતુ જે તે સમયે કોઈ અન્ય કોન્ટ્રાકટ દ્વારા ટેન્ડર ભરી બાદમાં કામના રાખતા ડોર ટુ ડોરનો કોન્ટ્રાકટ જૂની કમ્પનીને ચાલુ રાખવામાં આવ્યો છે અને આગામી એક માસમાં આ કોન્ટ્રાક માટે નવું ટેન્ડરિંગ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું જોકે હાલમાં ડીસાના સફાઈ કામમાં ડોર ટુ ડોર અને પાલિકા સેનિટેશન શાખા દ્વારા અનેક વાહનો પણ ફાળવાયા છે તેમ છતાં શહેર નર્કાગારમાં ફેરવાયું છે.



### ડોર ટુ ડોર કચરો એકત્ર થતો ન હોવાની બૂમો

ડીસા નગરપાલિકાની સફાઈ શાખામાં કાયમી-હંગામી મળી કુલ ૨૩૩ કર્મચારી સફાઈ કામમાં જોડાયા છે તેમ છતાં પણ શહેરના અનેક વિસ્તાર ગંદકીમાં ગરકાવ છે. આ ઉપરાંત ડોર ટુ ડોર કલેક્શનમાં પણ કેટલાક વિસ્તારમાં કચરો કલેક્શન થતો ન હોવાની બૂમો ઉઠવા પામી છે.

### સિવિલમાં રોજના ૬૦૦થી૭૦૦ કેસ

ડીસામાં ગંદકીના કારણે સિવિલ હોસ્પીટલ વાયરલ બીમારીના દર્દીઓથી ઉભરાઈ ઉઠી છે રોજના ૬૦૦થી૭૦૦ જેટલા કેશ નોંધાઇ રહ્યા છે. ખાનગી હોસ્પિટલો પણ વાયરલ બીમારીઓના દર્દીઓથી ઉભરાઈ રહી છે. તેમ છતાં સફાઈમાં વેઠના પગલે લોકોમાં પણ ગંદકી બાબતે આક્રોશ ફેલાઈ ગયો છે. છેલ્લા કેટલાક સમયથી ડીસામાં ઠેર ઠેર ગંદકીના ઢગલા થયા છે, ગટરો ઉભરાઈ રહી છે, ભૂગર્ભ ગટરોનું ગંદુ પાણી રોડ રસ્તા ઉપર ફેલાઈ જતા પારાવાર દુર્ગંધના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે આ મામલે પાલિકાનો સફાઈ વિભાગ યુદ્ધના ધોરણે સફાઈ કરાવે તે અત્યંત જરૂરી છે.

### સ્વચ્છતા હી સેવા અંતર્ગત

# અંકલેશ્વર નગરપાલિકા દ્વારા મુખ્ય માર્ગો ઉપરના દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરાઈ

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત શહેરના માર્ગો ઉપરના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી મામલતદાર અને પાલિકાના ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં શહેર પોલીસના બંદોબસ્ત સાથે દબાણ કરેલ લારી ગલ્લા, તેમજ ફૂટપાથ ઉપર કરેલ દબાણ અને ટ્રાફિકને અડચણરૂપ દબાણોને દૂર કરવાની ઝુંબેશ હાથ ધરી હતી. સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છતા અભિયાન હેઠળ અંકલેશ્વર તાલુકા વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો ઉપર ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મામલતદાર કરણસિંહ રાજપુત અને



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવ કોલડિયાની અધ્યક્ષતા હેઠળ શહેર એ ડિવિઝન પોલીસના બંદોબસ્ત સાથે સ્ટેશન રોડ ઉપર ફૂટપાથ ઉપર તેમજ ટ્રાફિકને અડચણ રૂપ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી સાથે પાલિકાની ટીમ દ્વારા સરકારી જગ્યાઓ ઉપર કરેલ દબાણને જેસીબી મશીન વડે તોડી પાડવામાં આવ્યું હતું .આ કામગીરી દરમ્યાન દબાણ કરેલ દુકાનદારોએ તાત્કાલિક દબાણ દૂર કર્યું હતું, તેમજ પાલિકાએ ફૂટપાથ ઉપર કરેલ દબાણ દૂર કરી ફૂટપાથને ખુલ્લો કર્યો હતો, નગરપાલિકાની દબાણ હટાવો ઝુંબેશના પગલે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

# જિલ્લા રોજગાર કચેરી દ્વારા અડાજણ ખાતે મેગા જોબ ફેર યોજાયો

## ૪૭૩ ઉમેદવારોની સ્થળ પર જ પ્રાથમિક પસંદગી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨

મદદનીશ નિયામક (રોજગાર)કચેરી-સુરત/UEB અને મોહસીન-એ-આઝમ મિશનના સંયુક્ત ઉપક્રમે દિવાળી બાગ, SMC કોમ્યુનિટી હોલ, અડાજણ પાટિયા ખાતે મેગા જોબ ફેર યોજાયો હતો, જેમાં ૪૩થી વધુ SME, MSME, MNC કંપનીઓ દ્વારા ૧૧૦૦થી વધારે જગ્યાઓ ભરવા માટે ૭૧૯ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. ભરતીમેળામાં સોલાર, ડાયમંડ, ટેકસટાઈલ, ઇ-કોમર્સ, વેબ ડેવલપમેન્ટ, બાંધકામ, ઓટોમોબાઈલ, એન્જિનિયરિંગ, ફાઈનાન્સ, ફાર્મા, પરફ્યુમ, સુપર સ્ટોર, કુરિયર અને અન્ય સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વાર્ષિક રૂ.૧.૫૦થી રૂ.૩૬ લાખના પેકેજની ઓફર કરવામાં આવી હતી. અને ૪૭૩ ઉમેદવારોની સ્થળ પર જ પ્રાથમિક



પસંદગી કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે MBA ફાઈનાન્સ એન્ડ HR, ડિપ્લોમાં, ઈલેક્ટ્રીકલ, BE મિકેનીકલ એન્જિનિયર, ડેટા એન્ટ્રી ઓપરેટર, આઇ.ટી.આઇ, B.Com ગ્રેજ્યુએટ, MHRD, ધો.૧૦-૧૨, M.com વિષયક ઉમેદવારોની પસંદગી કરાઇ હતી. આગામી દિવસોમાં રોજગાર કચેરી, સુરત દ્વારા સેકટર સ્પેસિફીક ભરતીમેળો તેમજ વિવિધ સ્કીલ ડેવલપમેન્ટ સબંધિત તાલીમોનું પણ આયોજન કરાશે. આ પ્રસંગે જિલ્લા રોજગાર કચેરીના મદદનીશ નિયામક પારૂલબેન પટેલ, રોજગાર કચેરીના બિપીનભાઈ માંગુકિયા, સમગ્ર પ્લેસમેન્ટ ટીમ તથા મોહસિન આઝમ મિશન, સુરતના પ્રમુખ અબ્દુલ વહાબ અશરફી, સોહેલભાઈ સવાણી, ઈશરાર સહિત મોટી સંખ્યામાં ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાના વેળાવાપુરા ગામે લીલા વૃક્ષો કાપી નંખાતા ગ્રામજનોનો હોબાળો

ડીસા, તા.૨૨

ડીસા તાલુકાના વેળાવાપુરા ગામે સરકારી જગ્યામાંથી લીલા વૃક્ષો કાપીને ટ્રેક્ટર ભરી લઈ જવાતા ગ્રામજનોએ ટ્રેક્ટર અટકાવી ડીસા મામલતદારને જાણ કરી હતી. લીલા વૃક્ષો સરપંચના કહેવાથી કાપવામાં આવ્યા હોવાનું વૃક્ષો કાપનારાઓએ ગ્રામજનોને જણાવ્યું હતું. ડીસા તાલુકાના વેળાવાપુરા ગામે પંચાયતની જગ્યામાં બોર આવેલો છે. આ બોરની જગ્યામાં ૧૫ જેટલા લીમડાના લીલા વૃક્ષો ઘટાદાર ઉભા હતા. આ વૃક્ષો નીચે ઉનાળાની સિઝનમાં ગ્રામજનો આરામ કરવા પણ બેસતા હતા. પણ કેટલાક શખ્સો દ્વારા અચાનક લીલા વૃક્ષો કાપી નાખવામાં



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

આવ્યા હતા. જ્યારે વૃક્ષોના જાડા થડ ટ્રેક્ટરમાં ભરી લઈ જવાની પેરવી કરતા હતા આ દરમિયાન ગામના જાગૃત યુવાનોએ તેઓને લીલા વૃક્ષના થડ લઈ જતા અટકાવ્યા હતા. ગામના યુવકોએ આ વૃક્ષો કાપવા બાબતે પૂછતા તેઓએ શરૂઆતમાં ગલ્લા તલ્લા કર્યા હતા. બાદમાં સરપંચના કહેવાથી વૃક્ષ કાપ્યા હોવાનું જણાવ્યું હતું. જો કે યુવકોને આ વાત ગળે ન ઉતરતા તેઓએ તાત્કાલિક ડીસા મામલતદાર કચેરીએ આવી લેખિત જાણ કરી હતી અને આ લીલા વૃક્ષોનો મુદ્દામાલ સગે વગે થાય તે અગાઉ તપાસ કરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

# લેબેનોનના બૈરૂતમાં ઉપનગર પર ઈઝરાયેલના હુમલામાં ૩૮ લોકોનાં મોત

(એજન્સી) તા.૨૨

લેબેનીઝ અધિકારીઓનું કહેવું છે કે બૈરૂતના દક્ષિણી ઉપનગરોમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં મૃત્યુઆંક વધીને ૩૮ થઈ ગયો છે, જેમાં ત્રણ બાળકો અને સાત મહિલાઓનો સમાવેશ થાય છે. આરોગ્ય મંત્રી ફીરાસ અબિયાદે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે હુમલામાં ૬૦થી વધુ લોકો ઘાયલ પણ થયા છે, જેણે શુક્રવારે ભીડના કલાકો દરમિયાન લેબેનીઝ રાજધાનીના દહિયા જિલ્લામાં બે ઈમારતોને નષ્ટ કરી હતી. એબિયાદના જણાવ્યા અનુસાર મૃત્યુ પામેલા ત્રણ બાળકો ચાર, ૭ અને ૧૦ વર્ષના હતા. ઈમરજન્સી કર્મચારીઓ હજુ પણ કાટમાળ નીચે ૧૭ લોકોને શોધી રહ્યાં છે. અલ જઝીરાના ડોર્સા જબ્બારીએ બૈરૂતથી અહેવાલ આપ્યો છે કે, ‘‘બચાવ કામગીરી બીજા બે દિવસ ચાલુ રહી શકે છે. "હજુ પણ આઘાત અને ભયનું વાતાવરણ છે. આ વિસ્તારમાં ઘણી દુકાનો બંધ છે. જાહેર બાંધકામ અને પરિવહન મંત્રી અલી હમીહે અલ જઝીરા અરેબિકને જણાવ્યું કે રહેણાંક મકાન પર બોમ્બ વિસ્ફોટ એ "યુદ્ધ અપરાધ" છે અને ઈઝરાયેલ "આ પ્રદેશને યુદ્ધમાં ખેંચી રહ્યું છે." ઈઝરાયેલની સૈન્યએ જણાવ્યું કે તેણે બૈરૂત ઉપનગરમાં હિઝબુલ્લાહના ચુનંદા રદવાન દળોના વરિષ્ઠ સભ્યો સામે "લક્ષિત હુમલો" કર્યો. ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તાએ શનિવારે જણાવ્યું કે હુમલામાં "ઓછામાં ઓછા ૧૬ હિઝબુલ્લા આતંકવાદીઓ" મૃત્યુ પામ્યા હતા. હિઝબુલ્લાહે સમર્થન કર્યું કે તેના બે ટોચના કમાન્ડર, ઈબ્રાહિમ અકીલ અને અહેમદ મહમૂદ વહાબી, અન્ય ૧૨ સભ્યો સાથે મૃત્યુ પામ્યા. જુલાઈમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં સમૂહના ટોચના લશ્કરી કમાન્ડર, ફુઆદ શુકર મૃત્યુ પામ્યા. લેબનાન રહેણાંક ઉપનગર પરના હુમલા પછી "નિર્ણાયક" તબક્કામાં પ્રવેશી ગયું છે, લેબનીઝ પ્રદેશના વધુ ઉલ્લંઘનને રોકવા અને સુરક્ષાની સ્થિતિને વધુ બગડતી અટકાવવાના પ્રયાસમાં ગૃહ મંત્રી બસમ મૌલવીએ શનિવારે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું આ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં શુક્રવારના હવાઈ હુમલામાં મંગળવાર અને બુધવારે લેબેનોનમાં હજારો પેજર અને



વોકી-ટોકીના વિસ્ફોટ થયા હતા, જેને ઈઝરાયેલે પણ દોષી ગણાવ્યું હતું અને ઓછામાં ઓછા ૩૯ લોકો મૃત્યુ પામ્યા હતા અને લગભગ ૩,૦૦૦ અન્ય ઘાયલ થયા હતા. શનિવારના અંતમાં ઈઝરાયેલમાં રોકેટ સાયરન્સમાં, હિઝબુલ્લાહે જણાવ્યું કે તેણે લેબનાનમાં નાગરિકોની હત્યાના જવાબમાં, હૈફાના પૂર્વમાં, રામત ડેવિડ એર બેઝ પર ડઝનેક રોકેટ ફાયર કર્યા. ઉત્તર ઈઝરાયેલમાં સાયરન સક્રિય કરવામાં આવ્યા હતા. જો પુષ્ટિ થાય છે, તો ગયા વર્ષે ઓક્ટોબરમાં ચાલી રહેલી અથડામણોની શરૂઆતથી આ હુમલો ઈઝરાયેલની અંદર જૂથનો નવીનતમ ગોળીબાર હશે. જાહેરખબર ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે લેબેનોનમાંથી ૧૦ રોકેટ છોડવામાં આવ્યા હતા અને મોટા ભાગનાને અટકાવવામાં આવ્યા હતા. ઈઝરાયેલી સૈન્યએ દિવસની શરૂઆતમાં જણાવ્યું લકે તેના ડઝનેક યુદ્ધ વિમાનો દક્ષિણ લેબેનોન પર "વ્યાપક" હુમલાઓ કરી રહ્યા છે. હિઝબુલ્લાહે શનિવારે ઉત્તરી ઈઝરાયેલમાં ડઝનબંધ જવાબી રોકેટ છોડ્યા હતા. ઈઝરાયેલે ગાઝા પર હુમલો કર્યાના લગભગ એક વર્ષ પછી, લેબેનાનમાં હિઝબુલ્લાહ લડાકુઓ ઈઝરાયેલી દળો સાથે સીમા પાર ગોળીબારની આપલે કરી રહ્યા છે.

# હિઝબુલ્લાએ હાઈફા નજીક ઈઝરાયેલ બેઝ પર રોકેટ હુમલાનો દાવો કર્યો

(એજન્સી) તા.૨૨

હિઝબુલ્લાહે જણાવ્યું કે તેણે શનિવાર અને રવિવારે દક્ષિણ લેબેનોનમાં સેંકડો હુમલાઓ સહિત ઈઝરાયેલી હુમલાઓની શ્રેણીના જવાબમાં હૈફાની પૂર્વમાં ઈઝરાયેલના રામત ડેવિડ એર બેઝ પર ડઝનેક રોકેટ છોડ્યા છે. રવિવારે વહેલી સવારે ઉત્તર ઈઝરાયેલમાં સાયરન્સ વાગવા લાગ્યા. જો તેની પુષ્ટિ થાય છે, તો ગયા વર્ષે ઓકટોબરમાં સરહદ પારની અથડામણો પછી આ હુમલો ઈઝરાયેલની અંદર હિઝબુલ્લાહનો સૌથી મોટો હુમલો હશે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે રવિવારે લેબેનોનમાંથી ૧૦૦થી વધુ મિસાઈલો છોડવામાં આવી હતી, જેના કારણે લાખો લોકોને આશ્રય લેવાની ફરજ પડી હતી અને ઈઝરાયેલના ઉત્તરમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી. સૈન્યના હોમ ફ્રન્ટ કમાન્ડે જણાવ્યું કે, લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ નાદવ શોશાનીના જણાવ્યા અનુસાર, સોમવારે ઓછામાં ઓછા ૬ વાગ્યા સુધી ઉત્તર ઈઝરાયેલમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં, જે ‘લાખો બાળકોને’ અસર કરશે. તબીબી



ઉદ્યોગમાં કામ કરતા રહેવાસી પેટ્રિસ વોલ્ફે જણાવ્યું કે, ‘હાયફામાં ઘણી બધી શાળાઓ બંધ છે અને ઓફિસો ખાલી છે.’ શનિવારે ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે તેણે દક્ષિણ લેબેનોનમાં સેંકડો હવાઈ હુમલાઓ કર્યા છે. તેણે રવિવારે વહેલી સવારે ૧૧૦ અન્ય સ્થળો પર હુમલો કરવાનો પણ દાવો કર્યો છે. ઈઝરાયેલી સૈન્યએ દેશના ત્રીજા સૌથી મોટા શહેર હાઈફા સહિત ઉત્તરી ઈઝરાયેલમાં મોટા મેળાવડા પર પણ પ્રતિબંધ મૂક્યો છે. રવિવારે ઈઝરાયેલમાં રોકેટ હુમલાથી કોઈ જાનહાનિ અથવા નોંધપાત્ર નુકસાનના અહેવાલો નથી.

# ઈરાને લશ્કરી પરેડમાં સ્વદેશી મિસાઈલ, ડ્રોનનું અનાવરણ કર્યું

## ઘન ઈંધણ દ્વારા સંચાલિત વન-સ્ટેજ જહાદ બેલેસ્ટિક મિસાઈલ ૧,૦૦૦ કિ.મી. દૂર સુધીના લક્ષ્યોને ચોક્કસ ચોકસાઈ સાથે પ્રહાર કરી શકે છે

(એજન્સી) તા.૨૨

ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે, ઈરાને દેશના સશસ્ત્ર દળો દ્વારા યોજાયેલી ભવ્ય પરેડમાં તેની નવીનતમ સ્વદેશી પ્રિસિઝન સ્ટ્રાઈક લોંગ-રેન્જ બેલિસ્ટિક મિસાઈલ અને કેમિકેઝ ડ્રોનનું અનાવરણ કર્યું છે. બેલિસ્ટિક મિસાઈલ, જેને જહાદ તરીકે ઓળખવામાં આવે છે, અને શાહેદ-૧૩૬B નામનું ડ્રોન, દક્ષિણ તેહરાનમાં ઈસ્લામિક રિપબ્લિકના સ્વર્ગસ્થ સ્થાપક ઈમામ ખોમેનીની સમાધિ પર પરેડ દરમિયાન પ્રથમ વખત પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. અહેવાલ અનુસાર, ૧૯૮૦ના દાયકામાં આઠ વર્ષના ઈરાન-ઈરાક યુદ્ધની યાદમાં આ પ્રસંગ પવિત્ર સંરક્ષણ સપ્તાહની શરૂઆત તરીકે ચિહ્નિત થયેલ છે. અહેવાલ અનુસાર, ઘન ઈંધણ દ્વારા સંચાલિત વન-સ્ટેજ જહાદ બેલેસ્ટિક મિસાઈલ ૧,૦૦૦ કિમી દૂર સુધીના



લક્ષ્યોને ચોક્કસ ચોકસાઈ સાથે પ્રહાર કરી શકે છે. તેને ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ્સ કોર્પ્સ (IRGC) ના એરોસ્પેસ ફોર્સ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે. ટર્બોજેટ એન્જિન દ્વારા સંચાલિત શાહેદ ૧૩૬B ડ્રોન ૨,૫૦૦ કિમીથી વધુ દૂરના લક્ષ્યોને નષ્ટ કરી શકે છે, ફાર્સે જણાવ્યું હતું કે, માનવરહિત હવાઈ વાહન પણ IRGCના એરોસ્પેસ ફોર્સ દ્વારા ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવ્યું છે. પરેડમાં બોલતા, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાન પોતાનો બચાવ કરી શકે છે અને અન્ય મુસ્લિમ રાજ્યો સાથે એકતા, એકતા અને સહયોગ દ્વારા પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે. તેમણે તેમના કાર્યાલયની વેબસાઈટ પર પ્રકાશિત એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘આજે, ઈરાનની સંરક્ષણ અને પ્રતિરોધક શક્તિ એટલી વધી ગઈ છે કે કોઈ પણ શેતાન દેશ વિરૂદ્ધ કોઈ પણ આક્રમક કૃત્ય કરવાની હિંમત કરી શકતો નથી, અથવા તે વિશે વિચારતો પણ નથી,’

# ઈઝરાયેલી સૈનિકોએ રામલ્લાહમાં અલ જઝીરાની ઓફિસ પર દરોડા પાડ્યા, ૪૫ દિવસ બંધ કરવાનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૨૨

ઈઝરાયેલી સૈનિકોએ કબજાવાળા વેસ્ટ બેંકમાં રામલ્લાહમાં અલ જઝીરાના બ્યુરો પર દરોડા પાડ્યા છે અને મીડિયાની સ્વતંત્રતા પર વધતી જતી ઈઝરાયેલી ક્રેકડાઉન વચ્ચે દોહા સ્થિત ન્યૂઝ નેટવર્કને કામગીરી બંધ કરવાનો આદેશ આપ્યો છે. ભારે સશસ્ત્ર અને માસ્ક પહેરેલા ઈઝરાયેલી સૈનિકો રવિવારે અલ જઝીરાની બ્યુરો બિલ્ડિંગમાં ઘૂસી ગયા હતા અને નેટવર્કના વેસ્ટ બેંક બ્યુરો ચીફ વાલિદ અલ-ઓમરીને ૪૫ દિવસ માટે બંધ કરવાનો આદેશ આપ્યો છે. અલ-ઓમરીએ જણાવ્યું કે ઈઝરાયેલી સૈન્યના શટડાઉન આદેશમાં નેટવર્ક પર ‘આતંકવાદને પ્રોત્સાહન અને સમર્થન’ કરવાનો આરોપ છે. અલ જઝીરાના જિવારા બુડેરીએ જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ કબજાવાળા વેસ્ટ બેંકમાં શહેરની મધ્યમાં અલ જઝીરા બ્યુરો અને અલ-મનારા સ્ક્વેર નજીક ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. તેણે જણાવ્યું કે ઈઝરાયેલી સૈનિકોએ તેના કેમેરા જપ્ત કર્યા છે. બુડેરીએ જણાવ્યું કે તેમને ભય છે કે સૈન્ય અલ જઝીરાના



આર્કાઈવ્સને નષ્ટ કરવાનો પ્રયાસ કરી શકે છે, જે ઓફિસમાં સંગ્રહિત છે. દરોડા પછી ઈઝરાયેલના સૈન્ય વાહનો રામલ્લાહથી રવાના થયા હતા. રામલ્લાહથી ફોન દ્વારા બોલતા અલ જઝીરાના નિદા ઈબ્રાહિમે જણાવ્યું કે ઈઝરાયેલની અંદરથી જાણ કરવા પર અગાઉ લાદવામાં આવેલા પ્રતિબંધને જોતાં વેસ્ટ બેંકમાં દરોડા પાડવું અને બંધ કરવું ‘આશ્ચર્યજનક નથી’ હતું. ઈબ્રાહિમે જણાવ્યું કે, ‘અમે સાંભળ્યું છે કે ઈઝરાયેલના અધિકારીઓ બ્યુરોને બંધ કરવાની ધમકી આપી રહ્યા છે. અમે સાંભળ્યું છે કે સરકાર તેના પર ચર્ચા કરી રહી છે અને કબજાવાળા વેસ્ટ બેંકના સૈન્ય શાસકને તેને બંધ કરવા અને ચેનલને બંધ કરવા માટે કહી રહી છે. પરંતુ અમે તેમ કર્યું નહીં. આજે આવું થવાની અપેક્ષા નથી.’

# સુદાનમાં અર્ધલશ્કરી દળોના હુમલામાં ૪૦ નાગરિકોનાં મોત : પ્રતિકાર સમિતિ



(એજન્સી) તા.૨૨

સ્થાનિક પ્રતિકાર સમિતિના જણાવ્યા અનુસાર મધ્ય સુદાનના એક ગામ પર અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF) દ્વારા કરવામાં આવેલા હુમલામાં ઓછામાં ઓછા ૪૦ નાગરિકો મૃત્યુ પામ્યા છે. બિન-સરકારી સમુહ અબુ ઘૌટા પ્રતિકાર સમિતિએ એક નિવેદનમાં જણાવ્યું કે, ‘‘ગેઝિરા રાજ્યના અબુ ઘૌટા ક્ષેત્રના ગૌઝ અલ-નાકા ગામ પર આરએસએફના હુમલામાં ઓછામાં ઓછા ૪૦ નાગરિકો મૃત્યુ પામ્યા છે.’’ સિન્હુઆ ન્યૂઝ એજન્સીએ નિવેદનને ટાંકીને જણાવ્યું કે, ગામમાં ઘણા મૃતદેહો ખુલ્લામાં પડેલા હતા કારણ કે આરએસએફ વિસ્થાપિત ગ્રામવાસીઓને મૃતકોને દફનાવવા માટે પાછા આવતા અટકાવી રહ્યું હતું. સમિતિએ નાગરિક સમાજના સંગઠનોને અપીલ કરી કે તેઓ RSF પર દબાણ કરે કે રહેવાસીઓને ગામમાં પ્રવેશવા અને મૃતકોને દફનાવવા દેવા. આરએસએફએ હજુ સુધી હુમલા અંગે કોઈ ટિપ્પણી કરી નથી. સુદાનીસ આર્મ્ડ ફોર્સિસ (SAF)એ રાજ્યની રાજધાની વદ મદનીમાંથી પીછેહઠ કર્યા પછી RSFએ ડિસેમ્બર ૨૦૨૩માં ગેઝિરા રાજ્ય પર નિયંત્રણ મેળવ્યું. ૧૫ એપ્રિલ ૨૦૨૩થી, સુદાન SAF અને RSF વચ્ચેના હિંસક સંઘર્ષમાં ફસાયેલ છે. સંઘર્ષના પરિણામે ઓછામાં ઓછા ૧૬,૬૫૦ લોકો મૃત્યુ પામ્યા છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે.

# ઈઝરાયેલની સુપ્રીમ કોર્ટે જેલને બંધ કરવાની અરજીને નકારી કાઢી, જ્યાં પેલેસ્ટીની મહિલા સાથે બળાત્કાર થયો હતો



(એજન્સી) તા.૨૨

ઈઝરાયેલી સુપ્રીમ કોર્ટે કુખ્યાત સાદે તે ઈમાન જેલને બંધ કરવાની નાગરિક સમાજ સંસ્થાઓની વિનંતીને નકારી કાઢી છે, જ્યાં પેલેસ્ટીની અટકાયતીઓ સામે ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન કરવામાં આવે છે.

એસોસિએશન ફોર સિવિલ રાઈટ્સ, ડોકટર્સ ફોર હ્યુમન રાઈટ્સ, ગેશા, હમોકડે અને કમિટી અગેઈન્સ્ટ ટોર્ચર દ્વારા મેમાં દાખલ કરવામાં આવેલી અરજીના ભાગરૂપે આ વિનંતી કરવામાં આવી હતી.

એસોસિએશન ફોર સિવિલ રાઈટ્સ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે અરજીમાં દક્ષિણ ઈઝરાયેલના નેગેવ રણમાં સ્થિત જેલને તાત્કાલિક બંધ કરવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે તેને બંધ કરવાની વિનંતીને ફગાવી દીધી અને તેના બદલે રાજ્યને ચેતવણી આપી ત્યાં પેલેસ્ટિનિયન કેદીઓ સાથેના વ્યવહારમાં કાયદાનું પાલન કરવું પડશે.

એસોસિએશને તેના નિવેદનમાં જણાવ્યું કે "આ મુશ્કેલ દિવસોમાં, સુપ્રીમ કોર્ટે પણ એવા ચુકાદા જારી કરવાની જરૂર છે જે સ્પષ્ટ હોવા જોઈએ - કે રાજ્યએ કાયદાનું પાલન કરવું જોઈએ અને અટકાયતીઓ સાથે દુર્વ્યવહાર પ્રતિબંધિત છે." તેમાં જણાવવામાં આવ્યું છે કે ઑક્ટોબર ૨૦૨૩માં ગાઝા પર યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી, સેંકડો પેલેસ્ટિનિયનોને આ અટકાયત કેન્દ્રમાં દયનીય સ્થિતિમાં અટકાયતમાં રાખવામાં આવ્યા છે, જેમાં ન તો પથારી છે કે ન તો પર્યાપ્ત આશ્રય.

તે કહે છે, "જબરી પુરાવા શારીરિક અને મનોવૈજ્ઞાનિક દુર્વ્યવહાર તરફ નિર્દેશ કરે છે (ઈઝરાયેલી સૈનિકો દ્વારા પ્રતિબદ્ધ), જેમાં પીડાદાયક સ્થિતિમાં અટકાયતીઓના હાથ બાંધવા, એનેસ્થેસિયા વિના શસ્ત્રક્રિયા કરવી, તેમને લાંબા સમય સુધી આંખે પાટા બાંધવા અને હુમલો અને ગંભીર તબીબી ઉપેક્ષાનો સમાવેશ થાય છે."



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની હિમાયત પાછળ રાજકીય ગણતરીઓ દેખાય છે

કોઈએ કર્યા ન હોય એવા કારનામા કરવાની લ્હાયમાં છાશવારે દેશભરમાં વિવાદો સર્જતી મોદીના નેતૃત્વવાળી એનડીએની કેન્દ્ર સરકારે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'નો પ્રસ્તાવ મૂકીને વધુ એક કકળાટ શરૂ કરી દીધો છે. કોઈને કોઈ બિનજરૂરી મુદ્દે વિવાદ ઊભો કરીને ચર્ચામાં રહેવું અને દેશ આખામાં ચકચાર જગાવવી એ આ કેન્દ્ર સરકારને કોઠે પડી ગયું છે. પ્રજામાંથી જેની માંગ ઉઠાવવામાં જ ન આવી હોય એવા મુદ્દાઓ શોધી શોધીને તે લાવે છે પરંતુ વાસ્તવમાં પ્રજાના હિતલક્ષી મુદ્દાઓની તે અવગણના કરે છે. બાકી પ્રજા આજે શું ઝંખી રહી છે ? તો તેના જવાબમાં આવે બેરોજગારી, ગરીબી, મોંઘવારી અને ભ્રષ્ટાચારની નાબૂદી... આરોગ્ય સેવાઓ, શિક્ષણ, સડકો, સંદેશાવ્યવહાર વગેરેમાં સારી ગુણવત્તા જોઈએ... પરંતુ આવી બધી પ્રજાની મૂળભૂત જરૂરિયાતો ઉપર પૂરૂં ધ્યાન આપવાને બદલે સરકાર શું કરી રહી છે ? તો જવાબ આવે કે ત્રણ તલાક, સમાન સિવિલ કોડ, વકફ એક્ટમાં સંશોધન વગેરે... વગેરે... કે જેની માંગ ક્યારેય દેશભરમાંથી ઉઠી નથી કે ન તો તેના માટે આંદોલનો થયા છે પરંતુ પોતાનો રાજકીય એજન્ડા 'સેટ' કરવા માટે કેન્દ્ર સરકાર આવા મુદ્દે દેશમાં સતત ઉધમ મચાવ્યો રાખે છે અને 'રિયલ ઈશ્યુ' એટલે કે મૂળ મુદ્દાને બદલે 'નોન ઈશ્યુ' કે જે મુદ્દો જ ન હોય એવી બિનજરૂરી બાબતોમાં દેશ ગૂંચવાયેલો રહે એવી ચેષ્ટા કરવામાં આવી રહી છે અને આ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પાછળ પણ મોદી સરકાર કે પછી ભાજપનો ઈરાદો આવો જ કંઈક જણાય છે. ખરેખર તો આ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' વગર દેશની લોકશાહી સડસડાટ ચાલી રહી છે ત્યારે આ ચાલુ પૈડામાં ટાંગ અડાડવા પાછળની ગણતરીઓ શું છે એનો જવાબ મેળવવો રહ્યો...

સૌ પ્રથમ તો હાલ આ મુદ્દાની કોઈ આવશ્યકતા જ દેખાતી નથી... બીજું હાલ જે પદ્ધતિથી દેશભરમાં ચૂંટણીઓ યોજાઈ રહી છે એનાથી દેશ સંતુષ્ટ છે. વિરોધ પક્ષોથી માંડીને શાસક પક્ષો પણ જુદા જુદા સમયે યોજાતી જુદી જુદી ચૂંટણીઓ બાબતે એક મત છે પરંતુ મોદી સરકારે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'નું ગતકડું જેવું વહેતું કર્યું કે દેશમાંથી વિરોધના સૂર ઉઠવા લાગ્યા છે. રાજકીય વિશ્લેષકો, વિદ્વાનો, કેળવણીકારો, સામાજિક કર્મશીલો અને વિરોધ પક્ષોએ આ પ્રસ્તાવ અંગે શંકા-કુશંકાઓ અને અનેક સવાલો ઉઠાવવા માંડ્યા છે. કોઈ કહે છે કે આ સંઘ પરિવારનો મોટો ગેમ પ્લાન છે તો કોઈ કહે છે કે આગામી પચાસ વરસ સુધી દેશ પર રાજ કરવાની મંશાનો એક ભાગ છે... કારણ કે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની બાબત ભાજપ જ્યારે સત્તા પર ન હતો આવ્યો તે પહેલાના ૨૦૧૪ના ચૂંટણી ઢંઢેરામાં સામેલ હતી. એટલે આ પોતાના પક્ષના અંગત એજન્ડાના ભાગરૂપે ભાજપે ૨૦૨૪માં પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતાવાળી સમિતિ રચવામાં આવી અને આ સમિતિએ એજન્ડા મુજબ દેશભરમાં એક સાથે ચૂંટણીઓ કરવાની તરફેણ કરી અને આ માટેની ભલામણ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુને સોંપી દીધી અને હવે મોદી મંત્રીમંડળે તેને મંજૂરી પણ આપી દીધી. પરંતુ કેબિનેટે તેને મંજૂરી આપવા માત્રથી કંઈ આ ભલામણોનો અમલ ન થાય. આના માટે આ પ્રસ્તાવ લોકસભા અને રાજ્યસભા બંનેમાં પસાર કરવો પડે કે જ્યાં ભાજપ પાસે પોતાની સ્પષ્ટ બહુમતી નથી. તેલુગુ દેશમ અને જનતા દળ(યુ)ના ટેકાથી ચાલતી આ સરકાર માત્ર ભાજપના સાંસદોના ટેકાથી આ બિલ પસાર ન કરી શકે.

બીજું લગભગ તમામ વિરોધ પક્ષો જેમ કે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને અન્યોએ આ વિધેયકનો જોરશોરથી વિરોધ કર્યો છે અને કહ્યું છે કે તે સંઘીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે અને લોકશાહીને નબળી પાડશે. એકસાથે યોજાનારી ચૂંટણી અંતર્ગત લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને તમામ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એકસાથે યોજાશે. વિશ્લેષકો કહે છે કે આવી સ્થિતિ લોકશાહીના અસ્તિત્વ અને વિકાસ માટે સારી નથી.

વિશ્લેષકોના મતે, એકસાથે મતદાનથી લોકોની તાકાત પણ નબળી પડી જશે. વર્તમાન ચૂંટણી પ્રણાલી હેઠળ, સંસદીય ચૂંટણીઓ, વિધાનસભાની ચૂંટણીઓ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ અલગથી યોજવામાં આવે છે. જે સત્તામાં રહેલા પક્ષનો જુદા જુદા સમયે હિસાબ લેવાની તક પૂરી પાડે છે. જો કેન્દ્રમાં સત્તામાં રહેલી કોઈ પાર્ટી સારૂં પ્રદર્શન ન કરે અથવા ખરાબ પ્રદર્શન કરે, તો લોકોને વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં તેમને પાઠ ભણાવવાનો અને બીજા પક્ષને સત્તા માટે મત આપવાની તક મળે છે. સત્તામાં રહેલા પક્ષને પણ ભાવ વધારવા જેવા કોઈ અપ્રિય પગલા ભરતાં ડર લાગે છે કે આગામી ચૂંટણીઓમાં લોકો આ મોંઘવારીનો બદલો લેશે, ઉદાહરણ તરીકે, વિધાનસભાની ચૂંટણીઓ અથવા સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ આ સુનિશ્ચિત કરે છે કે રાજકીય પક્ષો લોકોનો અવાજ સાંભળે છે અને લોકોના સંપર્કમાં રહે છે.

બીજું એ પણ જોવું રહ્યું કે શું એકસાથે તમામ ૨૮ રાજ્યો અને આઠ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંસદીય, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવી શક્ય છે ? જ્યારે ચૂંટણી પંચ ચાર રાજ્યો J&K, મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડમાં એકસાથે ચૂંટણી કરાવવા માટે સક્ષમ નથી ત્યારે આખા દેશમાં એક સાથે ચૂંટણી યોજવાનું કેવી રીતે શક્ય બને, ખાસ કરીને મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે જ્યારે સુરક્ષા કર્મચારીઓની મોટી ટુકડીઓ તૈનાત કરવી પડે.

પીએમ મોદીએ આ વર્ષે ૧૫ ઓગસ્ટે પોતાના ભાષણમાં એક સાથે ચૂંટણીના પ્રસ્તાવની ઘોષણા કરી હતી. બીજા જ દિવસે માત્ર ચાર રાજ્યો મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડ અને J&K માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી. તેમણે બાકીના તમામ રાજ્યો માટે ચૂંટણીની જાહેરાત કેમ ન કરી ? શું તેમને ડર હતો કે તેમની પાર્ટી મોટાભાગના રાજ્યોમાં હારી જશે અને તે તેમના અને ભાજપ માટે વધુ નીચાજોણું કરાવશે ??

વળી એકસાથે ચૂંટણી માટે બંધારણમાં ફેરફાર કરવાની જરૂર પડશે. સાથોસાથ નવું સીમાંકન પણ કરવું પડે એમ છે. દેશમાં સૌ પ્રથમ બેઠકની ગણતરી ૧૯૫૧ની વસ્તી ગણતરીના આધારે ૧૯૫૨માં કરવામાં આવી હતી અને છેલ્લી બેઠક ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે ૧૯૭૩માં કરવામાં આવી હતી જ્યારે વસ્તી અનુક્રમે ૩૬.૧ કરોડ અને ૫૪.૮ કરોડ હતી. ૧૯૫૨માં લોકસભાની ૪૯૪ બેઠકો નક્કી કરવામાં આવી હતી અને ૧૯૭૩માં વધીને ૫૪૩ થઈ ગઈ હતી. જો કે ૧૯૭૩ પછી બેઠકોની સંખ્યા વધારવામાં આવી ન હતી, જો કે ત્યારથી વસ્તી લગભગ ત્રણ ગણી થઈ ગઈ છે.

રાજકીય નિરીક્ષકોના મતે, ભાજપ માત્ર પોતાનું રાજકીય વર્ચસ્વ ચાલુ રાખવા માટે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' યોજનાનો અમલ કરીને લોકસભાની બેઠકોની સંખ્યા વધારવા માંગે છે. હવે દેશની વસ્તી૧૪૦ કરોડને વટાવી ગઈ હોવાથી, સંસદીય બેઠકોની સંખ્યા લોકસભામાં ૮૦૦થી વધુ અને રાજ્યસભામાં ૩૮૪ જેટલી થઈ શકે. ઉત્તર ભારતીય રાજ્યો યુપી, બિહાર, મધ્ય અને રાજસ્થાનની સરખામણીમાં દક્ષિણ ભારતીય રાજ્યોની વસ્તીમાં છેલ્લા કેટલાક દાયકાઓમાં પ્રમાણસર નીચી વૃદ્ધિ નોંધાઈ હોવાથી, દક્ષિણ ભારતીય રાજ્યોમાં લોકસભા અને રાજ્યસભાની બેઠકોની સંખ્યા ઘટતી જશે. જ્યારે હિન્દીભાષી રાજ્યોમાં બેઠકોની સંખ્યા વધશે.

કાર્નેગી એન્ડોવમેન્ટના અભ્યાસ મુજબ, જો ૨૦૨૬માં અનુમાનિત વસ્તીના આધારે લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૪૮ કરવામાં આવે છે, તો બેઠકોની કુલ સંખ્યા જ્યાં ભાજપ મજબૂત છે તે હિન્દી રાજ્યોના પટ્ટામાં વધી જશે જ્યારે દક્ષિણ ભારતમાં બેઠકોની કુલ સંખ્યામાં ઘટાડો થશે.

ભાજપની મોટાભાગની તાકાત ઉત્તર ભારતીય રાજ્યોમાં છે. દક્ષિણમાં ઘૂસવાના જોરદાર પ્રયાસો છતાં ભાજપને સફળતા મળી નથી. રાજકીય નિષ્ણાતો કહે છે કે ભાજપ વિચારે છે કે તે હિન્દીભાષી પટ્ટામાં જ્યાં તેનું પ્રભુત્વ છે ત્યાં લોકસભાની બેઠકોની સંખ્યામાં વધારો કરીને તે સત્તા જાળવી રાખી શકે છે અને ભારત પર શાસન કરવાનું ચાલુ રાખી શકે છે. શું ભાજપ આ મનસુબામાં સફળ થશે ? શું દક્ષિણ ભારતના રાજકીય નેતાઓ આવું થવા દેશે ? જો ૨૦૨૬માં અનુમાનિત વસ્તીના આધારે સીમાંકન કવાયત હાથ ધરવામાં આવે અને દક્ષિણ ભારતીય રાજ્યોને પ્રમાણમાં ઓછી સંખ્યામાં બેઠકો ફાળવવામાં આવે તો શું એટલું સરળ રહેશે ? સરવાળે આ એક રાષ્ટ્ર - એક ચૂંટણી મુદ્દે પણ દેશમાં ઉહાપોહ સર્જાશે તેમ જણાઈ રહ્યું છે.

# પોલીસના ક્રૂર અત્યાચાર, હિંસા અને આગચંપી હુમલાઓને પગલે ભાજપ શાસિત રાજ્યો પણ હચમચી ઉઠ્યા

## પોલીસ કસ્ટડીમાં એક દલિત કિશોરના મૃત્યુથી લઈને બિહારમાં ઘરોને તોડી પાડવાની તાજેતરની ઘટનાઓ કાયદાના અમલીકરણ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાય પ્રત્યેની શાસનની ગંભીર બેદરકારીઓ સામે આવી છે

સપ્ટેમ્બરના મહિનામાં ભાજપ શાસિત રાજ્યોમાં બે આઘાતજનક ઘટનાઓ બની જેણે સમગ્ર ભારતમાં દલિત સમુદાયો પર વારંવાર થતી પ્રણાલીગત હિંસાનું ચિત્રણ સ્પષ્ટ કરી દીધુ છે.

બનાવની વિગતમાં ઉત્તર પ્રદેશના સિસાવાન કાલા ગામમાં પોલીસે એક ૧૬ વર્ષીય દલિત છોકરાને ચોરીના કેસના સંબંધમાં કેટલાય દિવસોથી કસ્ટડીમાં ગોંધી રાખીને નિર્દયતાપૂર્વક માર મારીને અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો. જે બાદ તેનું મોત નિપજ્યું હતું. તેના મૃત્યુથી તેના પરિવાર અને સમુદાયમાં પોલીસની બર્બરતા સામે આક્રોશ ફેલાયો છે. આ નિર્દય દુર્ઘટનાને પગલે ઠેર ઠેર ન્યાયની માગણી સાથેના વિરોધે જોર પકડ્યું છે. બીજા એક બનાવમાં બિહારના નવાદા જિલ્લામાં જમીન વિવાદને લઈને અપરાધીઓએ દલિત વસાહત પર હુમલો કર્યો, ત્યાંના રહેવાસીઓને માર માર્યો, ભય ફેલાવવા હવામાં ગોળીબાર કરીને આંતક ફેલાવ્યો અને તેમના ઘરોને સળગાવી દીધા હતાં. આ અમાનુષી અત્યાચારને કારણે ૨૦થી વધુ દલિતો પરિવારો બેઘર બની ગયા હતા.

આ બંને ઘટનાઓ એક વ્યાપક સ્વરૂપને ઉજાગર કરે છે કે, હાંસિયામાં ધકેલાઈ ગયેલા દલિતોને રાજ્ય સરકારની હિંસા અને જુલમનો વખતોવખત ભોગ બનવું પડે છે. ઘટનાઓ વ્યાપક રાજકીય નિંદાને પણ ઉત્તેજન આપે છે અને જાતિ-આધારિત હિંસાને કારણે સંવેદનશીલ સમુદાયોનું રક્ષણ કરવા બાબતે રાજ્યની નિષ્ફળતા અને ઉદાસીન વલણ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

વિપક્ષી નેતાઓએ પણ આ ઘટનાઓને વખોડી નાખીને વર્તમાન શાસનના અંધેર વહીવટ હેઠળ જાતિ આધારિત દમનને શાંત પાડવાની જગ્યાએ વધવા દેવામાં આવે છે તેનું એક જીવતાજાગતા ઉદાહરણ તરીકે વર્ણવ્યું છે. જ્યારે આ ઘટનાઓ સમાજમાં ઊંડાણમાં જડાઈ ગયેલો દલિત-વિરોધી ભેદભાવ અને હિંસાની સંસ્કૃતિ જેવી સમસ્યાનું પ્રતીક છે જે ઘણી ચિંતાજનક બાબત છે. આજે પણ આ સમસ્યા આપણા દેશમાં ચાલુ જ છે.

ઉત્તર પ્રદેશ અને બિહારમાં બનેલી બે ઘટનાઓ દર્શાવે છે કે કેવી રીતે લાંબા સમયથી ઉચ્ચ-જાતિના જૂથો કાયદાના અમલીકરણના હાથે, ગુનાહિત જૂથો અથવા તો રાજ્યનો લક્ષિત જુલમ સહન કરી રહેલાં દલિતો પોતાને લાચાર અને મજબૂર સમજે છે. જેના કારણે આ સમુદાયોને પર્યાપ્ત રીતે સુરક્ષિત કરવામાં રાજ્યની નિષ્ફળતા તેમના રાજ્ય પ્રત્યેના વિશ્વાસને તોડી નાખે છે તદ્‌ઉપરાંત જાતિ-આધારિત હિંસા ફાટી નિકળે તેવું ઝેરી વાતાવરણ પણ નિર્માણ થવા પામે છે. ભાજપ શાસિત રાજ્યોમાં બનેલી આ ઘટનાઓ નીતિઓ અને શાસન પર વિવેચનાત્મક રોશની ફેંકે છે જેણે આવી હિંસાને વધવા દીધી છે. બંને રાજ્યોના, વિપક્ષી નેતાઓએ સિસ્ટમની અંદરની ઊંડી અસ્વસ્થતાનું લક્ષણ ગણાવી જાતિ આધારિત હિંસા વધી છે તે અંગે નિર્દેશ કર્યો છે. ઉત્તર પ્રદેશમાં, દલિત છોકરાના મૃત્યુએ પોલીસે દલિતો સામે કરેલા અતિશય બળના ઉપયોગ અંગે તેમજ તેમની જવાબદેહી અંગે નવા પ્રશ્નો ઊભા કર્યા છે. દલિત બાળકના અપમૃત્યુ બાદ તેના પરિવારે ન્યાયની હાકલ માટે તેના મૃતદેહને હાઈવે પર મુકી દઈને રસ્તો બ્લોક કરી દીધો હતો. આમ કરવાનું કારણ તેઓ એવું માને છે કે આ દેશમાં તેઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે અને તેમને કોઈ સાંભળતુ નથી અને તેમની સાથે સન્માનપૂર્વકનું સાથે વર્તન કરતુ નથી. તો આ તરફ પોલીસ તેની નિર્દોષતા પુરવાર કરવા વારંઘડીએ તેની વાત બદલે છે જેના કારણે દલિતોનો અવિશ્વાસને વધુ ઊંડો બને છે અને તેમને લાગે છે કે શું તેમને ન્યાય મળશે ખરો ?

તેવી જ રીતે, બિહારમાં દ્વેષભાવચી દલિતોની મિલકતને બાળી નાખવામાં આવી તે દલિતોની દુર્દશાને પ્રકાશિત કરે છે. જમીનના વિવાદો તેમજ વારંવાર જાતિ-આધારિત દુશ્મનાવટ સાથે પનારો લેતા દલિતો સતત હિંસાના ભયના ઓથાર હેઠળ જીવતા હોય છે.

નવાદામાં કરવામાં આવેલી ઘરોની તોડફોડ ચોક્કસ એક દુઃખદ ઘટના છે. આ કોઈ એક અલગ કિસ્સો નથી. તે જ્ઞાતિ આધારિત હિંસાના વ્યાપક વલણનો એક ભાગ છે. ઘણીવાર વિલંબિત સરકારી કાર્યવાહીને કારણે અને છૂટાછવાયા ન્યાય સાથે મળે છે. આ કિસ્સામાં પોલીસે ઘણા શંકાસ્પદોની ધરપકડ કરી હોવા છતાં, આ વિસ્તારના ઘણા દલિત પરિવારો અસ્થાયી આશ્રયસ્થાનોમાં રહીને સતત ભયભીત જીવન ગાળે છે. આ ઘટનાઓ પર રાજકીય પ્રતિક્રિયાઓ ઝડપી અને તીક્ષ્ણ રહી છે, વિપક્ષી નેતાઓએ ભાજપ પર એવા વાતાવરણને ઉત્તેજન આપવાનો આરોપ મૂક્યો છે કે જાતિ આધારિત હિંસાને અગર પ્રોત્સાહિત કરવામાં નથી આવતી તો સહન જરૂર કરવામાં આવે છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, બસપાના વડા માયાવતી અને આરજેડીના નેતા તેજસ્વી યાદવે હુમલાની નિંદા કરતા નિવેદનો જારી કર્યા છે અને દલિતોના રક્ષણ માટે શાસક સરકારની પ્રતિબદ્ધતા પર સવાલ ઉઠાવ્યા છે.

ગાંધીએ ભાજપ અને તેના સાથી પક્ષો પર હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને નિશાન બનાવતા અપરાધીઓને આશ્રય આપવાનો આરોપ લગાવ્યો છે જ્યારે માયાવતીએ પીડિતોના પુનર્વસન માટે સંપૂર્ણ નાણાકીય સહાયની માંગ કરી છે.

આ ઘટનાઓ દલિતોને બંધારણીય સુરક્ષા આપવામાં આવી હોવા છતાં ન્યાય અને સમાનતા જાળવવામાં રાજ્યની સ્પષ્ટ નિષ્ફળતાઓને પ્રકાશિત કરે છે. ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા ભાજપ શાસિત રાજ્યોમાં, જ્યાં જ્ઞાતિની ગતિશીલતા ઊંડે ઊંડે સુધી જડેલી છે તેથી દલિતો ઘણીવાર પોતાને સ્થાનિક વંશવેલા અને સંસ્થાકીય ઉપેક્ષા બંનેની દયા ઉપર નિર્ભર જોતો રહે છે. વધતા રહેલા દલિત અત્યાચારોની યાદી- પોલીસ હિંસાથી લઈને જમીન પર હુમલા સુધી, જાતિ-આધારિત હિંસાના વધતા મુશ્કેલીજનક વલણ તરફ નિર્દેશ કરે છે જેને અલગ ઘટનાઓ ગણીને ઢાંકપિછોડો કરી શકાય નહીં. જ્યારે જ્યારે ભારતમાં જ્ઞાતિના ભેદભાવ બનતા આવ્યા છે ત્યારે ત્યારે આવી ઘટનાઓ બનતી રહે છે અને તે એ યાદ અપાવે છે કે હજુ પણ આ વિષયે ઘણું કામ કરવાની જરૂર છે.

દલિત સમુદાયોએ સહન કરેલા મૃત્યુ, વિસ્થાપન અને આઘાત માત્ર એટલું માંગે છે કે રાજકીય આક્રોશ કરતાં પ્રણાલીગત પરિવર્તનની વધારે જરૂર છે. અર્થપૂર્ણ હસ્તક્ષેપ અને જવાબદારી વિના, દલિત-વિરોધી હિંસાની સંસ્કૃતિ ખીલવાનું ચાલુ રાખશે, જેનાથી દેશના સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને એવી વ્યવસ્થાનો ભોગ બનવું પડશે જે તેમને સુરક્ષિત કરવામાં નિષ્ફળ ગઈ છે.

**ઘટના ૧ : પોલીસ કસ્ટડીમાં આપવામાં આવેલી યાતનાને કારણે મોત**

અહેવાલો અનુસાર, ૩ સપ્ટેમ્બરના રોજ ઉત્તર પ્રદેશમાં ખેરી પોલીસે ચોરીના ગુનામાં ૧૬ વર્ષના એક દલિત છોકરા દલિત ઝડપી લીધો હતો. આ છોકરાની પૂછપરછ દરમિયાન પોલીસે તેને ખૂબ માર માર્યો હતો. જે બાદ છોકરાને લખનૌની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેનું ગુજારવામાં આવેલા અત્યાચારને કારણે શનિવારે મૃત્યુ થયું હતું.

ઈન્ડિયન એક્સપ્રેસે એક નિવેદનમાં એસપી ગણેશ પ્રસાદ સાહાને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, "મૃત્યુની વિગતવાર તપાસના આદેશ આપવામાં આવ્યા છે." સર્કલ ઓફિસર રમેશ કુમાર તિવારીએ જણાવ્યું હતું કે, મરી જનાર આકાશ સેપ્ટિસેમિયા (લોહીમાં ઝેરી કીટાણુઓની ઉત્પત્તિ) નામની બિમારીથી પીડિત હતો અને લાંબા સમયથી અસ્વસ્થ હતો.

જો કે, પીડિતાના સંબંધીઓ અને સિસાવાન કાલા ગામના રહેવાસીઓએ છોકરાના મૃત્યુ માટે જવાબદાર પોલીસ સામે એફઆઈઆર દાખલ કરવાની માંગ સાથે પોલીસ સ્ટેશનની બહાર રાજ્ય ધોરીમાર્ગને કેટલાક કલાકો સુધી જામ કરી દીધો હતો. છોકરાના પરિવારે આરોપ લગાવ્યો છે કે તેને ત્રણ દિવસ સુધી કસ્ટડીમાં ઢોર માર મારવામાં આવ્યો હતો અને પોલીસ અત્યાચાર દરમિયાન તેની તબિયત બગડી હતી. લખનૌની હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવા છતાં આકાશનું ૧૩ સપ્ટેમ્બરે મોત થયું હતું. તેના મૃત્યુ પછી,



આકાશના પરિવારે તેના મૃતદેહને લખીમપુર-ગોલા હાઈવે પર મૂકીને વિરોધ કર્યો હતો અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી. સમાજવાદી પાર્ટીના પૂર્વ ધારાસભ્ય રામશરણ પણ આ વિરોધમાં જોડાયા હતા. પરિવારે પોલીસ પર ક્રૂરતાનો આરોપ લગાવ્યો હતો અને સામેલ અધિકારીઓની ધરપકડની માંગ કરી હતી. વિરોધને પગલે હાઈવેની બંને તરફ ભારે ટ્રાફિક જામ થયો હતો. સુધીમાં, અધિકારીઓ છેક મોડી સાંજ સુધી નાકાબંધી હટાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા.

જોકે પોલીસનું કહેવું છે કે, આકાશની માત્ર પૂછપરછ કરવામાં આવી હતી અને બાદમાં તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો. આ તરફ પરિવાર એવો દાવો કરે છે કે આકાશને ઘરે લાવ્યા બાદ તેની તબિયત વધુ ખરાબ થઈ હતી. પરિવાર તેના મૃત્યુનું કારણ જાણવા માટે તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહ્યો છે. આ પરિસ્થિતિ ગ્રામવાસીઓ અને કાયદાના અમલીકરણ વચ્ચેના અવિશ્વાસની ચાડી ખાય છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ, ઉત્તર પ્રદેશના લખીમપુર જિલ્લામાં પોલીસ સાથે સંકળાયેલી બીજી ઘટનાએ ગ્રામજનો અને પોલીસ વચ્ચેના સંઘર્ષનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વ્યાપક આક્રોશ ફાટી નીકળ્યો હતો. પ્લેટફોર્મ X પર શેર કરાયેલા વીડિયોમાં એક પોલીસ અધિકારી એક ગ્રામીણ પર શાબ્દિક અને શારીરિક હુમલો કરતા જોઈ શકાય છે. અધિકારી અપમાનજનક ભાષાનો ઉપયોગ કરીને ગ્રામીણને મારતા જોઈ શકાય છે.

આ વીડિયોની તીવ્ર ટીકા કરવામાં આવી છે, જેમાં લોકોએ પોલીસના અપમાનજનક વર્તન અને વધુ પડતા બળના ઉપયોગ પર ગુસ્સો વ્યક્ત કર્યો છે. ઘણા લોકોએ અધિકારીની પ્રક્રિયાઓની નિંદા કરી છે. ગ્રામીણ વિસ્તારોમાં નાગરિકો સાથે ગેરવર્તણૂક કરતા કાયદા અમલીકરણ અધિકારીઓના વધતા ત્રાસ તરફ ધ્યાન દોર્યું છે. આ ઘટનાએ પોલીસની અનિયંત્રિત શક્તિ અને આવા કિસ્સાઓમાં જવાબદારીના અભાવની ચર્ચાઓને તેજ કરી છે. આ વાયરલ વિડિયોને કારણે સ્થાનિક સમુદાયો અને કાયદા અમલીકરણ વચ્ચેના અવિશ્વાસને વધુ ઊંડો બની ગયો છે. ઘણા લોકો તેને પોલીસની નિર્દયતાનું બીજું ઉદાહરણ અને આવી ક્રિયાઓથી ઘેરાયેલી મુક્તિની સંસ્કૃતિ તરીકે જુએ છે. આ તાજેતરના મુકાબલો પરનો હોબાળો એ લોકોમાં વધતી જતી નિરાશાને પ્રતિબિંબિત કરે છે, જેઓ પોલીસની વર્તણૂક અને સામાન્ય લોકો સાથેના તેમના વર્તન પર વધુને વધુ પ્રશ્ન કરી રહ્યા છે. આ ઘટના પોલીસ આક્રમણના આવા કૃત્યોથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો કેવી રીતે અપ્રમાણસર રીતે પ્રભાવિત થાય છે તે અંગેની વ્યાપક ચિંતાઓને પણ રેખાંકિત કરે છે.

**ઘટના ૨ : આગજની અને હિંસા**

બિહારના નવાદા જિલ્લામાં એક દલિત વસાહતના ૨૦થી વધુ ઘરોને બુધવારની રાત્રે બદમાશોએ જમીનના વિવાદને લઈને આગ લગાવી દીધી હતી. આ હિંસક હુમલાએ રાજ્યમાં વધતી જાતિ-આધારિત હિંસા, રાજકીય આક્રોશ અને શાસક સરકારની વ્યાપક ટીકાને લઈને ચિંતાઓને તીવ્ર બનાવી છે. પોલીસે આ ઘટનાના સંબંધમાં મુખ્ય શકમંદ સહિત ૧૫ લોકોની ધરપકડ કરી છે, જ્યારે રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસ જેવા વિરોધ પક્ષોએ તેને NDA સરકાર હેઠળ બિહારમાં પ્રવર્તી રહેલા 'જંગલ રાજ'નો વધુ એક પુરાવો ગણાવ્યો છે. આ હુમલો નવાદા જિલ્લાના મુફસિલ પોલીસ સ્ટેશન વિસ્તારની અંદર માંઝી ટોલામાં થયો હતો. અહેવાલો મુજબ ૮૦થી વધુ ઘરોને આગ લગાડવામાં આવી હતી, પરંતુ પોલીસે પાછળથી ૨૧ ઘરોના નાશ થયાની પુષ્ટિ કરી હતી. ગ્રામજનોએ આરોપ લગાવ્યો છે કે, શસ્ત્રધારી બદમાશોનું એક જૂથે દલિત વસાહતમાં ઘુસીને, ઘણા દલિત પરિવારોને માર મારીને તેમના ઘરોને આગ ચાંપી દીધી હતી અને ભય ફેલાવવા હવામાં ગોળીબાર કર્યો હતો. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, અચાનક આવેલા હુમલાખોરોનો પ્રતિકાર કરી ચુકેલા એક ગ્રામીણે જણાવ્યું કે, "તેઓએ અમને નિર્દયતાથી માર્યા અને પછી ઘરોને સળગાવવાનું શરૂ કર્યું હતું. અમે હચમચી ગયા હતા. જો કે કોઈ જાનહાનિ થઈ ન હતી, ઘરોના વિનાશથી ઘણા પરિવારો વિસ્થાપિત અને નિરાધાર બની ગયા છે. પોલીસે હવાઈ ગોળીબારના દાવાને નકારી કાઢ્યો છે, પોલીસ અધિક્ષક (SP) અભિનવ ધીમાને જણાવ્યું હતું કે, તેમની તપાસ દરમિયાન કોઈ બુલેટના શેલ મળ્યા નથી. સદનસીબે, આ ઘટનામાં કોઈને શારીરિક નુકસાન થયું નથી.

વધુ ઉશ્કેરાટ ન થાય તે માટે પોલીસ અધિકારીઓની મોટી ટુકડી વિસ્તારમાં તૈનાત કરવામાં આવી છે. તેમની હાજરી હોવા છતાં, બીજીવાર હુમલાના ભયથી હજુ પણ સમુદાયમાં તંગદિલી વ્યાપેલી રહે છે. ઘણા ગ્રામજનોએ તેમના ઘરો અને સામાન (ઘરવખરી) ગુમાવી ચૂક્યા હોવાથી ત્વરિત ન્યાયની માંગણી કરી રહ્યા છે. જોકે એ પણ સત્ય છે કે સરકારી સમર્થન વિના સામાનની પુનઃપ્રાપ્તિની શક્યતાઓ નહીવત છે.

બિહાર પોલીસે આગજનીના સંબંધમાં કેસ નોંધીને ગુરૂવાર સુધીમાં, મુખ્ય શંકાસ્પદ સહિત ૧૫ લોકોની ધરપકડ કરી લીધી છે.

નવાડાના એસપી અભિનવ ધીમાને જણાવ્યું હતું કે, પ્રારંભિક તપાસ સૂચવે છે કે જમીન વિવાદને કારણે હિંસા થઈ હોઈ શકે છે.

નવાડાના જિલ્લા મેજિસ્ટ્રેટ આશુતોષ કુમાર વર્માએ જણાવ્યું હતું કે, "જિલ્લા પોલીસે ઘરોને આગ લગાડવાના સબંધમાં ૧૫ લોકોની ધરપકડ કરી છે. વધુ તપાસ અર્થે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવી છે અને બાકીના શંકાસ્પદોને પકડવા માટે શોધખોળ ચાલુ છે."

શાંતિ જાળવવા હેતુસર અને વધુ હિંસા થતી અટકાવવા વરિષ્ઠ પોલીસ અધિકારીઓને અને વહીવટી અધિકારીઓને સમગ્ર વિસ્તારમાં તૈનાત કરવામાં આવ્યા છે. આગની ઘટનાની જાણકારી મળતાં જ ફાયર એન્જિનને આગને કાબૂમાં લેવા માટે તાત્કાલિક ઘટનાસ્થળે લાવી દેવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ વાતની પુષ્ટિ કરી છે કે, આગમાં કોઈ જાનહાનિ થઈ નથી, અને આ ઘટનામાં પશુઓ બળી ગયા હોવાની વાત પણ અફવાઓ માત્ર જ છે.

**રાજકીય પ્રતિક્રિયાઓ અને સરકારી પ્રતિભાવ :**

આ ઘટનાને કારણે રાજકીય આક્રોશ ફાટી નિકળ્યો છે. સ્પેક્ટ્રમના તમામ નેતાઓએ આ હુમલાની નિંદા કરી હતી અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોનું રક્ષણ કરવામાં નિષ્ફળતા બદલ રાજ્ય સરકારને આડે હાથ લીધી હતી. હુમલાની ઘટના બાદ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે વરિષ્ઠ અધિકારીઓની એક ઈમરજન્સી બેઠક બોલાવી હતી. તેમણે અધિક પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) ને વ્યક્તિગત રીતે સ્થળની મુલાકાત લેવા અને તપાસની દેખરેખ રાખવા સૂચના આપી હતી. આ ઉપરાંત, તપાસને વેગીલી બનાવવા માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવી છે. નીતિશ કુમારે ગુનેગારો સામે કડક કાયદાકીય કાર્યવાહીનું વચન આપ્યું હતું, ખાતરી આપતાં કહ્યું હતુ કે, "કોઈને પણ બક્ષવામાં આવશે નહીં."

જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) આશુતોષકુમાર વર્માની આગેવાની હેઠળ જિલ્લા વહીવટીતંત્રએ વિસ્થાપિતોને તાત્કાલિક ધોરણે પિડિત પરિવારોને રાહત વિતરણ સામગ્રી આપવાનું શરૂ કરી દીધું છે. ETV ભારતના અહેવાલ મુજબ, ડીએમ વર્માએ જણાવ્યું હતું કે, "અમે અસરગ્રસ્ત પરિવારોને, ફૂડ પેકેટ, પીવાનું પાણી અને અન્ય જરૂરી વસ્તુઓનું વિતરણ કરી રહ્યા છીએ. તેમને આશ્રય આપવા માટે અસ્થાયી તંબુ ગોઠવવામાં આવ્યા છે. જિલ્લા વહીવટીતંત્ર મિલકતના થયેલા નુકસાનનો સર્વે કરીને તેનું મૂલ્યાંકન નક્કી કરીને પીડિતોને વળતર ચુકવવાનું નક્કી કર્યુ છે. વધુમાં, વર્માએ જણાવ્યું હતું કે, આ હુમલો સંભવિત રીતે વિસ્તારમાં ચાલી રહેલા જમીન વિવાદને કારણે થયો હતો. જો કે, પોલીસ અને સ્થાનિક અધિકારીઓ હિંસા પાછળના અન્ય સંભવિત હેતુઓની તપાસ કરવાનું ચાલુ રાખી છે. સરકારના ધીમા પ્રતિભાવ અને પીડિતો માટે લાંબા ગાળાની પુનર્વસન યોજનાઓના અભાવ માટે તેમજ રાહત પ્રયાસો મંદ ગતિએ ચાલી રહ્યા હોવાની ટીકાનો સામનો કરવો પડ્યો છે.

**વિપક્ષી નેતાઓનો આક્રોશ :**

આ હુમલાએ વિપક્ષી નેતાઓની તીવ્ર ટીકા કરી છે, જેમણે ભાજપ-જેડી(યુ) સરકાર પર જાતિ આધારિત હિંસાને વધવા દેતા તેમજ તેમના અંધેર વહીવટને કારણે બગડી ગયેલા વાતાવરણને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર આ ઘટનાની નિંદા કરી અને તેને દલિતોના રક્ષણમાં રાજ્યની નિષ્ફળતાના ભયાનક ઉદાહરણ તરીકે ગણાવ્યું છે. રાહુલ ગાંધીએ કડક શબ્દોમાં ટ્વિટ કરીને લખ્યું, "નવાડામાં દલિતોની આખી વસાહતને સળગાવી નાખવી એ બિહારમાં બહુજન સામેના અન્યાયની ભયાનક તસવીરને ઉજાગર કરે છે. આવા અરાજકતાવાદી તત્વોને બીજેપી અને તેના એનડીએ સહયોગીઓના નેતૃત્વમાં આશ્રય મળે છે. મૌન વડાપ્રધાનનું સુચક મૌન એ આવા મોટા ષડયંત્ર માટેની મંજૂરીની મહોર સમાન છે. ગાંધીની ટિપ્પણીઓ બિહાર અને સમગ્ર દેશમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામે વધી રહેલી હિંસા અંગે હતાશાની વ્યાપક લાગણી દર્શાવે છે. તેમણે એનડીએ પર ગુનેગારોને આશ્રય આપવા અને બહુજનને દબાવવાનો આરોપ મૂક્યો છે, જેથી તેઓ તેમના સામાજિક અને બંધારણીય અધિકારોની માંગ ન કરી શકે. તેમની ટિપ્પણીઓએ આ અત્યાચારો પર મૌન રહેવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પણ દોષ મૂક્યો, જે સૂચવે છે કે તેમના મૌનને કારણે ગુનેગારોને પ્રોત્સાહન મળે છે. બહુજન સમાજ પાર્ટી (BSP)ના વડાં માયાવતીએ પણ પોતાનો આક્રોશ વ્યક્ત કરીને જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી અને પીડિતોના પુનર્વસન માટે સંપૂર્ણ નાણાકીય સહાયની માંગ કરી છે.

માયાવતીએ પોસ્ટ કર્યું કે, "ગુંડાઓ દ્વારા બિહારના નવાડામાં ગરીબ દલિતોના ઘણા ઘરોને સળગાવી નાખવાની ઘટના અત્યંત દુઃખદ અને ગંભીર છે. સરકારે ગુનેગારો સામે ઝડપી કાયદાકીય પગલાં લેવા જોઈએ અને પીડિતોના પુનર્વસન માટે સંપૂર્ણ આર્થિક મદદ કરવી જોઈએ."

બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને આરજેડી નેતા તેજસ્વી યાદવે ઘટનાને વખોડીને ચેતવણી આપી હતી કે, રાજ્યમાં દલિતો સામેના અત્યાચારને હવે સહન કરવામાં આવશે નહીં. તેમણે મુખ્ય પ્રધાન નીતિશ કુમારને નિંદ્રામાંથી જાગવા હાકલ કરી હતી. યાદવે, વ્યાપક જનભાવનાનો પડઘો પાડતા કહ્યું, "એનડીએને બિહારની નહી પરંતુ ગુનેગારોને બચાવવાની ચિંતા વધારે છે. રાજ્યમાં ત્રીજા ક્રમની સૌથી મોટી પાર્ટીનું નેતૃત્વ કરનારા મુખ્યમંત્રી મહિનાઓથી આ ઘટના અંગે એક પણ શબ્દ બોલ્યા નથી."

તેમણે આરોપ લગાવ્યો કે, સરકાર ખાસ કરીને દલિતો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની જાણીજોઈને ઉપેક્ષા કરે છે.

આ હુમલાને કારણે ફરી એકવાર બિહારમાં જ્ઞાતિના જે ઉંડા બીજ રોપાયા છે તેના પર પ્રકાશ પાડ્યો છે. જેમાં દલિત સમુદાયો ખાસ કરીને જમીન વિવાદો પર, અવારનવાર હિંસાના શિકાર બને છે. આ ઘટનાને દેશભરમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામે હુમલાની વ્યાપક પેટર્નના ભાગ રૂપે જોવામાં આવી રહી છે. વિરોધ પક્ષો આવી હિંસા માટે સરકારને દોષી ઠેરવે છે. કોંગ્રેસ અને આરજેડીએ આ ઘટનાને 'જંગલ રાજ'ની કથા તરીકે વર્ણવી છે. NDAના શાસનના આ જંગલરાજમાં ફક્ત અંધેર અને જાતિ આધારિત દમનનો વિકાસ થયો છે. અગ્નિદાહની ઘટના અંગે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બિહારની રાજ્ય સરકારની કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળતાનું ભયાનક ઉદાહરણ ગણાવતા કહ્યું, "તે નિંદનીય છે કે લગભગ ૧૦૦ દલિત ઘરોને આગ લગાડી દેવામાં આવી હતી, ત્યાં ગોળીબાર કરવામાં આવ્યો હતો અને ગરીબ પરિવારો પાસે જે બધું હતું તે રાતના સમયે ચોરાઈ ગયું હતું. ખડગેએ એનડીએ પર દલિતોની દુર્દશાની અવગણના કરવાનો અને અસામાજિક તત્વોને તેના શાસન હેઠળ ખીલવા દેવા માટે પ્રોત્સાહિત કરવાનો આરોપ લગાવ્યો છે. જેમ જેમ તપાસ આગળ વધી રહી છે તેમ તેમ, બિહાર સરકાર હુમલા પછીના પરિણામોને કેવી રીતે હેન્ડલ કરશે, પીડિતોને ન્યાય આપશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓને બનતી કેવી રીતે અટકાવશે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પીડિતોએ, તેમના ઘરો અને આજીવિકા ગુમાવી દીધી છે, તેઓ ચાલુ રાજકીય કોલાહલ વચ્ચે તેમના જીવનને પુનઃનિર્માણ કરવા માટે તાત્કાલિક રાહત અને લાંબા ગાળાની સહાય બંનેની રાહ જોઈ રહ્યા છે.

**(સૌ. : સબરંગ ઈન્ડિયા.કોમ)**

**હદીસ બોધ**

જ્યારે લોકો વચ્ચે ચુકાદો આપો ઈન્સાફથી આપો.
(હદીસ બોધ)

**બોધ વચન**

ઈચ્છા જો ઘોડો બને તો દરેક વ્યક્તિ ઘોડેસવાર બની જાય.
-શેક્સપિયર

**આજની આરસી**

૨૩ સપ્ટેમ્બર સોમવાર ૨૦૨૪
૧૯ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા વદ છઠ્ઠ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૦ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૨ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૨૯ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૩૬ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# અદ્‌ભુત અશ્વિન : પહેલી ટેસ્ટમાં બાંગ્લાદેશને ૨૮૦ રને સજ્જડ પરાજય આપતું ભારત

## અશ્વિનની કમાલ સ્પિન બોલિંગ અને ઓલરાઉન્ડ દેખાવથી ભારત શ્રેણીમાં ૧-૦થી આગળ

### ઓફ સ્પિનરે ૮૮ રનમાં ૬ વિકેટ ઝડપતા બાંગ્લાદેશ ટીમનો બીજો દાવ ૨૩૪ રનમાં સંકેલાયો : જાડેજાને ૩ વિકેટ, ૩૦૦ વિકેટથી એક જ વિકેટ દૂર

### ૩૭મી વખત એક દાવમાં ૫ વિકેટ લઈ શેન વોર્નના વિશ્વ વિક્રમની બરાબરી કરતો અશ્વિન ''પ્લેયર ઓફ ધ મેચ'' જાહેર

ચેન્નાઈ, તા.૨૨
ભારતના લાજવાબ સ્પિનર આર અશ્વિનના અદભુત ઓલરાઉન્ડ દેખાવની મદદથી આજે પહેલી ટેસ્ટના ચોથા દિવસે ભારતે બાંગ્લાદેશની ટીમને ૨૮૦ રને કારમો પરાજય આપ્યો હતો. સદી ફટકારનાર અને બાદમાં ૬ વિકેટ ઝડપનાર અશ્વિન ''પ્લેયર ઓફ ધ મેચ'' જાહેર થયો હતો. આ રીતે ભારતે બે ટેસ્ટની શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી હતી. બીજી ટેસ્ટ મેચ હવે કાનપુરમાં રમાશે. આ ટેસ્ટમાં અશ્વિને વધુ એક મહાન સિદ્ધિ મેળવી હતી ઓફ સ્પીનરે ટેસ્ટમાં ૩૭મી વખત એક દાવમાં ૫ વિકેટ લઈને શેન વોર્નના વિશ્વ વિક્રમની બરાબરી કરી લીધી હતી. આ રીતે ભારતીય ટીમે બાંગ્લાદેશ સામે ટેસ્ટમાં સતત વિજયનો સિલસિલો જાળવી રાખ્યો હતો. ભારતે આપેલા ૫૧૫ રનના અત્યંત પહાડી લક્ષ્યાંકને પાર કરવા માટે બાંગ્લાદેશ ટીમ ચોથા દિવસે મેદાનમાં ઊતરી પણ અશ્વિનની જાદુઈ સ્પિન ચકરી સામે લંચ પહેલાં તો બાંગ્લાદેશનો બીજો દાવ પણ સંકેલાઈ ગયો હતો. લંચ પહેલા એમની ૬ વિકેટ ખડી પડી હતી અને અશ્વિનનું બુલડોઝર ફરી વળ્યું હતું અને ભારતનો ભવ્ય વિજય થયો હતો. અશ્વિને ૮૮ રનમાં ૬ વિકેટ ઉપાડી લીધી



હતી જ્યારે રવિન્દ્ર જાડેજાએ ૫૮ રનમાં ૩ વિકેટ લીધી હતી. આ રીતે જાડેજા ૩૦૦ વિકેટની સિદ્ધિથી માત્ર ૧ વિકેટ દૂર છે. જ્યારે અશ્વિને ૩૭મી વખત ટેસ્ટમાં એક દાવમાં ૫ વિકેટ ઝડપીને વોર્નના વિશ્વ વિક્રમની બરાબરી કરી હતી. આ રીતે આ ટેસ્ટમાં સદી ફટકાર્યા બાદ લાજવાબ સ્પિન બોલિંગથી ટીમને વિજય ભણી દોરી જનાર અશ્વિન માટે આ ટેસ્ટ યાદગાર બની રહી હતી.

બાંગ્લાદેશ તરફથી એક માત્ર એમના સુકાની નજમુલ હુસેન શાંતોએ એકલા હાથે ટક્કર લીધી અને આકર્ષક ૮૨ રન કર્યા હતા જેમાં ૩ છગ્ગા અને ૮ ચોગ્ગા સામેલ હતા પણ બાંગ્લાદેશ સુકાનીને સામા છેડા પર કોઈએ લાંબો સાથ આપ્યો ન હતો. એક માત્ર શાકીબલ હસને ૨૫ રન કરીને થોડો ટેકો આપ્યો હતો પણ અશ્વિનની ફીરકી સામે બાકીની આખી ટીમ ધૂળ ચાંટતી થઈ ગઈ હતી. એમની સામે અશ્વિનનો સામનો કરવાની હામ કે હિંમત દેખાયા ન હતા. આ રીતે ભારતે ૨૮૦ રને ભવ્ય વિજય મેળવ્યો હતો અને અશ્વિને ચેન્નાઈના ચિદમબરમ્ સ્ટેડિયમ ખાતે ઘરઆંગણે અદ્‌ભુત પ્રદર્શન કર્યું હતું. બીજી ટેસ્ટ ૨૭ સપ્ટેમ્બરથી કાનપુરમાં શરૂ થશે. એ માટે સિલેકશન કમિટીએ પહેલી ટેસ્ટની ટીમ જ જાળવી રાખી છે.

# જ્યારે રોહિત શર્મા પોતાના આદર્શ વીરેન્દ્ર સેહવાગને મળવા સ્કૂલમાંથી ગાપચી મારી દેતો

## ક્રિકેટ શીખતો ત્યારથી રોહિત સેહવાગનો બહુ મોટો ફેન રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૨
વીરેન્દ્ર સેહવાગ માટે રોહિત શર્માના હૃદયમાં ઘણા પહેલેથી આદર અને લાગણીઓ અગાધપણે હૃદયના ઊંડાણમાં રહ્યા છે તેના ક્રિકેટના શરૂઆતના જીવનની કેટલીક યાદગાર વાતો તેને કરી હતી એ સમયે પોતાના આદર્શ ખેલાડી સેહવાગને મળવા માટે પોતાની સ્કૂલમાંથી ગાપચી મારી દેતો હતો તેવું જાણવા મળ્યું છે.



પોતાની આક્રમક બેટિંગ સ્ટાઈલથી ખૂબ જ જાણીતો વીરેન્દ્ર સેહવાગ હંમેશા મેદાન પર આવતા વેંત શરૂઆતથી જ ફટકાબાજી શરૂ કરી દેતો હતો આથી એ સમયના યુવાનો માટે સેહવાગ હંમેશા હીરો રહ્યો છે અને તેમાંથી રોહિત શર્મા પણ બાકાત નહોતો. રોહિત તરૂણાવસ્થામાં હતો ત્યારે તેને જાણ થઈ કે સેહવાગ તેમના શહેરમાં આવ્યો છે એટલે રોહિત શર્મા તક જતી કરવા માંગતો નહોતો તેણે પોતાની સ્કૂલમાંથી ગાપચી મારી દીધી હતી અને સેહવાગ જ્યાં રમી રહ્યો હતો એ સ્ટેડિયમ પહોંચી ગયો હતો. ગમે તેમ કરીને તે અંદર પહોંચી ગયો હતો જેથી કરીને પોતાના હીરોની એક ઝલક મેળવી શકાય. જો કે, રોહિત શર્માની આ મહેનત કામ લાગી હતી અને તેને પોતાના હીરો ખેલાડીના ઓટોગ્રાફ પણ મળ્યા હતા અને રોહિત શર્માના આનંદનો કોઈ પાર રહ્યો નહોતો પછી તો રોહિતને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના હીરોની સાથે રમવાનું મળ્યું એટલું જ નહીં પોતાના આદર્શની સાથે ડ્રેસિંગરૂમમાં પણ વાતચીત કરવાની અને ક્રિકેટના પાઠ શીખવાની તક મળી.

# મથુરામાં ચાલતી કારમાં દલિત છોકરી પર બળાત્કાર કરવા બદલ બે સગીરોની ધરપકડ, એક છોકરો ફરાર

(એજન્સી) આગ્રા, તા.૨૨
૧૬ અને ૧૭ વર્ષની વયના બે સગીર છોકરાઓને શનિવારના રોજ મથુરામાં ફ્લાયઓવર નીચે ત્યજી દેતાં પહેલાં ૧૩ વર્ષની દલિત છોકરીને ચાલતી કારમાં ડ્રગ્સ પીવડાવવા અને બળાત્કાર કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, તેઓ ત્રીજા શંકાસ્પદની શોધ કરી રહ્યા છે, ત્રણેય આરોપી વિદ્યાર્થીઓ હોવાનું જણાય છે. મથુરાના એસપી (ગ્રામીણ) ત્રિગુણ બિસેને જણાવ્યું હતું કે, શનિવારની સવારે ફરાર થયેલા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. એફઆઈઆર નોંધાઈ ત્યારથી તેઓ ફલાયઓવરની નીચે છુપાઈ ગયા હતા. યુવતીને મેજિસ્ટ્રેટ સમક્ષ તેનું નિવેદન નોંધવા માટે લઈ જવામાં આવી હતી. અમારી ટીમ ત્રીજા આરોપીની ધરપકડ કરવા કાર્યરત છે. આ ઘટના ગુરૂવારની રાત્રે બની જ્યારે યુવતી કરિયાણાની દુકાનેથી ઘરે પરત ફરી રહી હતી. તેની ફરિયાદમાં તેણે જણાવ્યું હતું કે, ત્રણેય એ તેને નશીલા પદાર્થ યુક્ત પાણી પીવડાવ્યું હતું. ત્યારબાદ તેને બળજબરીપૂર્વક કારમાં બેસાડવામાં આવી હતી, જ્યાં કાર ચાલતી હતી ત્યારે ત્રણેય જણાએ તેની સાથે બળાત્કાર કર્યો હતો. યુવતીને પછી મથુરાના બરસાના રોડ પર ફ્લાયઓવર નીચે છોડી દેવામાં આવી હતી. ભાનમાં આવ્યા પછી, છોકરી ઘરે પરત આવી અને તેના માતા-પિતાને દર્દનાક ઘટના વિશે જાણ કરી. તેની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ અને તેણે પેટમાં તીવ્ર દુખાવાની ફરિયાદ કરી. તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં ડોકટરોએ પુષ્ટિ કરી હતી કે તેના પર બળાત્કાર થયો હતો. BNS કલમ ૧૩૭(૨) (અપહરણ), ૧૨૭(૨) (ખોટી રીતે કેદ), ૧૨૪(અપરાધ કરવાના ઈરાદાથી ઝેર વડે ઈજા પહોંચાડવી વગેરે), ૭૦(૨) (૧૮ વર્ષથી ઓછી ઉંમરની મહિલા પર સામૂહિક બળાત્કાર) અને પોક્સો એક્ટ સહિત એસસી/એસટી એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

# રન મશીન વિરાટનું બેટ થયું મૌન ટીકાકારો કહે છે સમયની સાથે ચાલો

## ૨૦૨૪નું વર્ષ કોહલી માટે જરાય ''વિરાટ'' રહ્યું નથી : બાંગ્લાદેશ સામેની પહેલી ટેસ્ટમાં પણ શાનદાર ખેલાડીનું નબળું ફોર્મ યથાવત્

નવી દિલ્હી, તા.૨૨
છેલ્લા કેટલાક સમયથી ભારતના એક સમયના રન મશીન કહેવાતા વિરાટ કોહલીનું બેટ એકદમ મૌન થઈ ગયું છે અને રનોનો જાણે દુકાળ પડ્યો હોય તેમ વિરાટ માટે રન બનાવવાનું વધુને વધુ મુશ્કેલ બનતું દેખાય છે. ટેસ્ટ મેચમાં તેનું નબળું ફોર્મ યથાવત્ રહ્યું છે હમણા પૂરા થયેલી બાંગ્લાદેશ સામેની પહેલી ટેસ્ટ મેચમાં ભારતના ટેસ્ટ મહારથીએ બે ઈનિંગમાં માત્ર ૬ અને ૧૭ રન જ કર્યા હતા આથી હવે નિષ્ણાતો અને ખાસ કરીને



ભારતના પૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રીએ ફોર્મ સુધારવા કોહલીને સમયની સાથે ચાલવાની સલાહ આપી છે. રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે-ત્રણ વર્ષથી મોટા ભાગે સ્પિનરો સામે કોહલી વિકેટ ગુમાવી રહ્યો છે. જો કે ઘણાં બધાં રન પણ કર્યા છે અત્યારે જરૂર એ છે કે, વિરાટ તેના પદનો વધુ ઉપયોગ કરે અને બોલની પિચ સુધી પહોંચે અને જેથી કરીને સ્વીપ શોટ આસાનીથી રમી શકાય. તમારે સમયની સાથે ચાલવું પડે. જો ફિલ્ડરો નજીક હોય તો તેમના માથા પરથી દડો બાઉન્ડરી પર પહોંચાડવામાં ડરવું જોઈએ નહીં અમારે સ્પિનરોની સામે આગળ જઈને રમવું પડે જેથી એમની લેન્થ પર અસર પડે. ૨૦૨૪નું વર્ષ કોહલી માટે જરાય ''વિરાટ'' રહ્યું નથી. ૧૫ આંતરરાષ્ટ્રીય મેચોમાં ફક્ત ૧૮.૭૬ની એવરેજથી તેણે માત્ર ૩૧૯ રન બનાવ્યા છે જેમાં માત્ર એક સદી અને એક ફિફટી છે, ૨૦૨૩ની વાત કરીએ તો વિરાટે ૩૫ મેચોમાં ૮ સદી સાથે ૨,૦૪૮ રનનો ખડકલો કર્યો હતો અને એકદમ નબળા ફોર્મમાં ચાલી રહ્યો છે.

# ચેન્નાઈ ટેસ્ટની ટોપ-૮ મોમેન્ટ્સ...

૧. પંતે સ્ટમ્પિંગની તક છોડી બાંગ્લાદેશની બીજી ઈનિંગની ૪૭મી ઓવરમાં જાડેજાએ ફુલ લેન્થ બોલ શાકિબને ફેંક્યો હતો. અહીં શાકિબ આગળ જઈને ડ્રાઈવ રમવા માગતો હતો. તે બોલ ચૂકી ગયો. આ પછી વિકેટકીપર રિષભ પંતે સ્ટમ્પિંગની તક છોડી દીધી હતી.

૨. સિરાજ અને શાંતો વચ્ચે ખૂબ બોલાચાલી થઈ ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજ ઈનિંગની ૪૬મી ઓવરમાં બાંગ્લાદેશી કેપ્ટન શાંતોને સતત કંઈક કહેતો જોવા મળ્યો હતો. તેણે ઓવરનો પહેલો બોલ લેગ સ્ટમ્પ પર શાંતોને ફેંક્યો. શાંતોએ ડિફેન્ડ કર્યો. બોલ સિરાજ પાસે ગયો. અહીં સિરાજ તેને સતત ઉશ્કેરતો રહ્યો. આ પછી શાંતોએ ઓવરનો ચોથો બોલ પુલ કર્યો અને ફાઈન લેગ તરફ ચોગ્ગો માર્યો. શાંતોએ ઓવરના બાકીના બંને બોલને ડિફેન્ડ કર્યા. સિરાજ તેને ઝડપી રમવા માટે કહી રહ્યો હતો.

૩. રિષભ પંતે બાંગ્લાદેશની ફિલ્ડિંગ સેટ કરી ચેન્નઈ ટેસ્ટના ત્રીજા દિવસે બાંગ્લાદેશી કેપ્ટન નઝમુલ હુસૈન શાંતો નાહિદ રાણાની ઓવરમાં ફિલ્ડિંગ બદલતા મૂંઝવણમાં જોવા મળ્યા હતા. અહીં સ્ટ્રાઈક પર આવેલા રિષભ પંતે બાંગ્લાદેશી કેપ્ટનને ફિલ્ડિંગ બદલવા માટે કહ્યું. તેમની વાત પણ સ્ટમ્પ માઈકમાં રેકોર્ડ થઈ હતી. પંતે મિડ-વિકેટ તરફ ઈશારો કરીને કહ્યું, 'ઈધર એક આયેગા'. કેપ્ટન શાંતોએ રિષભની વાત સાંભળી અને ફિલ્ડરને તે જ જગ્યાએ બેસાડી દીધો. ધોનીએ ૨૦૧૯ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની ટીમને પણ આવી જ સલાહ આપી હતી.

૪. યશસ્વીએ એક હાથે ડાઈવિંગ કેચ લીધો બાંગ્લાદેશની પ્રથમ વિકેટ બીજા દાવમાં ૬૨ રનના સ્કોર પર પડી હતી. ૧૭મી ઓવરમાં ઝાકિર હસને ઓફ સ્ટમ્પની નજીક એક લેન્થ બોલને બેકફૂટ પર પંચ કરવાનો પ્રયાસ કર્યો હતો. એડ્જ વાગતા બોલ ગલીની ડાબી બાજુએ ગયો. અહીં ઉભેલી યશસ્વી જયસ્વાલે ડાઈવિંગ કરતી વખતે એક હાથે કેચ લીધો હતો. ઝાકિરે ૩૩ રન બનાવ્યા હતા.

૫. આકાશ દીપે સતત બે બોલમાં બે વિકેટ ઝડપી આકાશ દીપે બાંગ્લાદેશને બે બોલમાં બે ઝટકા આપ્યા હતા. તેણે ૮મી ઓવરના પહેલા બોલ પર ઝાકિર અને બીજા બોલ પર મોમિનુલને આઉટ કર્યો હતો. આવતા બોલ પર આકાશ દીપે ઝાકિરને બોલ્ડ કર્યો હતો. તેના પછી બેટિંગ કરવા આવેલા મોમિનુલને આકાશે ગુડ લેન્થ બોલ ફેંક્યો હતો. બોલ અંદરની તરફ આવ્યો અને પેડ સાથે અથડાયો અને સ્ટમ્પ પર અથડાયો.

૬. રિવ્યુ ન લેવાના કારણે કોહલી આઉટ વિરાટ કોહલી બીજી ઈનિંગમાં પણ મોટો સ્કોર બનાવવાનું ચૂકી ગયો હતો. તે ૧૭ રન બનાવીને આઉટ થયો હતો. મેહદી હસન મિરાઝનો ફુલ બોલ કોહલીના પેડ પર વાગ્યો, જોરદાર અપીલ થઈ, અમ્પાયરે સંકેત આપ્યો. કોહલીએ રિવ્યુ ન લીધો, જો તેણે લીધો હોત તો તે બચી ગયો હોત. રિપ્લેમાં જોવા મળ્યું કે બોલ બેટ સાથે અથડાયા બાદ પેડ પર અથડાયો હતો.

૭. લિટન-પંત વચ્ચે ચર્ચા મેચના પહેલા દિવસે ૧૭મી ઓવર દરમિયાન ભારતના વિકેટકીપર રિષભ પંત બાંગ્લાદેશના વિકેટકીપર લિટન દાસ સાથે દલીલ કરતા જોવા મળ્યા હતા. બેટિંગ દરમિયાન પંત લિટનને કંઈક સમજાવતો જોવા મળ્યો હતો. તેણે બાંગ્લાદેશી ફિલ્ડરના થ્રો વિશે વાત કરી. પંતે કહ્યું, જો તે મારા પર ફેંકશે તો હું પણ મારા રન માટે દોડીશ. ત્યારબાદ પંતે વધુ ૮ ઓવર બેટિંગ કરી અને ૩૯ રન બનાવીને આઉટ થયો.

૮. જાડેજાની તલવારબાજીની સેલિબ્રેશન રવીન્દ્ર જાડેજાએ હસન મહમૂદના એક બોલ પર ૭૩ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. આ પછી તેણે તલવારની જેમ બેટ લહેરાવ્યું અને તલવારની ઉજવણી કરી. જાડેજા પોતાની ફિફ્ટી કે સેન્ચુરી પૂરી કર્યા પછી ઘણીવાર આ રીતે તલવારબાજી કરે છે.

# છેડતી અને દલિત ઉત્પીડન માટે ચોકી ઈન્ચાર્જ સહિત ૧૨ સામે FIR દાખલ

(એજન્સી)નવી દિલ્હી, તા.૨૨
કોર્ટના આદેશ પર, દસ મહિના પહેલા થાના ક્ષેત્રના પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં ઘર તોડફોડ, મારપીટ, છેડતી અને દલિત ઉત્પીડનના કેસમાં ચોકી ઈન્ચાર્જ સહિત ૧૨ લોકો સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતા સીઆરપીએફ જવાનની પત્નીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી કે તેનો પતિ જમ્મુમાં પોસ્ટેડ છે. ૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ગામના રહેવાસી રામ અવતાર સાહુએ તેના પરિવારના સભ્યો અને અજાણ્યા લોકોએ તેની ૧૬ ફૂટ જમીન કબજે કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે તેના પતિ અને ઈંગોહાટા ચોકીના ઈન્ચાર્જ શિવમ પાંડેને ફોન પર આ વાતની જાણ કરી. પરંતુ પોસ્ટ ઈન્ચાર્જ સ્થળ પર આવ્યા ન હતા. આ પછી ૧૧ નવેમ્બરે ચોકીના ઈન્ચાર્જની હાજરીમાં આરોપીએ તેના ઘરે દરોડો પાડ્યો હતો. તેઓએ તેની સાથે દુર્વ્યવહાર કર્યો, તેણીને માર માર્યો, છેડતી કરી અને તેના ઘરની બે કોંક્રીટની દિવાલો તોડી નાખી હતી. તેણે તેના પતિને આ વાતની જાણ કરી. પતિએ પણ જમ્મુથી ફોન કરીને પોસ્ટ ઈન્ચાર્જને કાર્યવાહી કરવા વિનંતી કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ ન હતી. દરમિયાનગીરી કરવા આવેલા પરિવારના માયા, કવિતા, અર્ચના અને રવિને પણ માર મારવામાં આવ્યો હતો.

પીડિતાની ફરિયાદના આધારે કોર્ટે એફઆઈઆર નોંધી હતી અને પોલીસને તપાસનો આદેશ આપ્યો હતો. જે બાદ પોલીસે ચોકીના ઈન્ચાર્જ શિવમ પાંડે, રામાવતાર સાહુ, કલાવતી સાહુ, ગુરુ પ્રસાદ સાહુ, અર્ચના સાહુ, અલકા સાહુ, રાણીબાઈ સાહુ,છૂટકુ સાહુ સહિત ચાર અજાણ્યા શખ્સો સામે કલમ ૧૪૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૪૨૭,૪૫૨,૩૫૪ અને દલિત અત્યાચારની કલમો નોંધી હતી. કેસ નોંધાતાની સાથે જ આરોપીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

ચોકી ઈન્ચાર્જ શિવમ પાંડેની બદલી કરવામાં આવી છે. પોલીસ સ્ટેશનના વડા રાકેશ કુમારે કહ્યું કે,આ મામલો તેમના ખ્યાલમાં છે. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. તપાસના આધારે આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

# ચેસ ઓલમ્પિયાડમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ મેળવતું ભારત

## મહિલા અને પુરૂષ ટીમ બંનેનો શાનદાર દેખાવ, ૨૦માંથી૧૯ પોઈન્ટ લઈ સૌથી આગળ પુરૂષ ટીમ : ફાઈનલ રાઉન્ડમાં અર્જુન અને ગુકેશની શાનદાર જીતથી પહેલીવાર ઈતિહાસ બનાવતાં ભારતીય ચેસ વિરલા

નવી દિલ્હી, તા.૨૨
બુડાપેસ્ટમાં ચાલી રહેલા ૪૫મા ચેસ ઓલમ્પિયાડમાં ભારતે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. ફાઈનલ રાઉન્ડમાં અર્જુન અને ગુકેશના ભવ્ય વિજયથી સ્લોવેનિયાને હરાવીને ભારતે પહેલો ચેસ ઓલમપિયાડ ગોલ્ડ મેડલ હાસલ કર્યો છે. પુરૂષ ટીમે ફરીથી જોરદાર દેખાવ કર્યો હતો અને ડી. ગુકેશ તથા આર પ્રગ્યિાનંદાએ અમેરિકા પર પ્રભાવશાળી વિજય મેળવ્યો હતો જયારે મહિલા ટીમે ચીનને પરાજય આપ્યો હતો. આ રીતે હવે પોઈન્ટ ટેબલનું ગણિત જોઈએ તો ભારત ફાઈનલ રાઉન્ડમાં સ્લોવેનિયાને હરાવી દે તો ૨૨માંથી ૨૧ પોઈન્ટ લઈને ગોલ્ડ મેડલ મેળવી ચેસ દુનિયામાં નવા ઈતિહાસનું આલેખન કરશે પણ જો ભારત હારે અને ચીન અમેરિકાને હરાવે તો ટાઈ થશે. કેમ કે આ શક્યતા ઓછી છે કેમ કે ભારતીય ખેલાડીઓ અત્યારે શાનદાર ફોર્મમાં છે.

મહિલા ટીમની વાત કરીએ તો અઝરબૈજાનને હરાવે અને કઝાકિસ્તાન અમેરિકા સામે હારે તો મહિલા ટીમનો ગોલ્ડ પાકો છે. નિર્ણાયક પુરૂષ વિભાગના ૧૦મા રાઉન્ડમાં ભારતના ડી. ગુકેશે અમેરિકાના ફેબિયાનો કેરૂઆનાને સજ્જડ પરાજય



આપ્યો. તેના કારણે ભારત ટકી રહ્યું હતું કેમકે પ્રગ્યિાનંદા અમેરિકાના વેશલી સામે હારી ગયો હતો. તો બીજી તરફ અર્જુન એરીગાયસીએ પણ વિજય મેળવ્યો હતો અને વિદિત ગુજરાતીએ ડ્રો મેચ ખેંચીને ભારતનું કામ આસાન કર્યું હતું. મહિલા વિભાગમાં દિવ્યા દેશમુખે શાનદાર ચેસનું પ્રદર્શન જારી રાખ્યું હતું અને ચીનની નીશીકુનને પરાજય આપ્યો હતો જયારે આર વૈશાલીની મેચ ડ્રો થઈ હતી. એજ રીતે ડી હારીકા અને વંતીકા અગ્રવાલની મેચ પણ ડ્રો થતાં ભારતની ગોલ્ડની આશા જીવંત રહી હતી.

# હરદા : નિવૃત્ત અધિકારીએ સગીર દલિતને ખુલ્લામાં પેશાબ કરવા બદલ માર માર્યો, બળજબરીપૂર્વક શર્ટ વડે ગટર સાફ કરાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨
માનવતાને શરમાવે એવો એક કિસ્સો મધ્યપ્રદેશમાંથી સામે આવ્યો છે. અહીં એક નિવૃત્ત અધિકારીએ એક સગીર દલિત છોકરાને નિર્દયતાથી માર્યો એટલું જ નહીં પરંતુ તેને તેના શર્ટ વડે ગટર સાફ કરવા માટે દબાણ પણ કર્યું. આ ઘટના હરદામાં વિવેકાનંદ કોમ્પ્લેક્ષની સામે બની હોવાનું કહેવાય છે. આરોપી ડીપી ઓઝાની પોલીસે ધરપકડ કરી લીધી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, પીડિત કથિત રીતે ખુલ્લામાં પેશાબ કરી રહ્યો હતો, જેના કારણે આરોપીઓએ તેને માર માર્યો હતો. આરોપી નિવૃત્ત આવકવેરા અધિકારી હોવાનું કહેવાય છે. મળેલી માહિતી મુજબ હરદા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પ્રહલાદ સિંહે જણાવ્યું કે, વિવેકાનંદ કોમ્પ્લેક્ષની સામે પેશાબ કરી રહેલા એક વ્યક્તિને તે જ વિસ્તારના રહેવાસી ડીપી ઓઝાએ માર માર્યો હતો. આરોપીઓએ તેને કપડાં વડે સાફ કરવા માટે પણ દબાણ કર્યું હતું. એસટી એક્ટ અને મારપીટની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને આરોપીની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું કે, ઓઝાને સ્થાનિક અદાલતે જેલમાં મોકલી દિધો છે. સગીર છોકરાના પિતાએ જણાવ્યું કે, તેમનો પુત્ર જન્મથી જ અશક્ત છે. પીડિતના પિતાએ ઓઝા સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

# હું અંદરથી છેતરાયેલો અનુભવું છું : આંધ્રપ્રદેશના DyCM પવન કલ્યાણે તિરૂપતિ લાડુ વિવાદ વચ્ચે ૧૧ દિવસની તપસ્યા શરૂ કરી

(એજન્સી) તા.૨૨

તિરૂપતિ મંદિરમાં લાડુના પ્રસાદમાં પ્રાણીઓની ચરબી મળી આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. જેમાં હવે આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમજ પવન કલ્યાણે જાહેરાત કરી કે તે આ પાપનું પ્રાયશ્ચિત કરવા માટે ૧૧ દિવસ સુધી ઉપવાસ રાખશે. આ માટે તેઓ ૨૨ સપ્ટેમ્બરથી ગુંટુર જિલ્લાના નામ્બુર સ્થિત શ્રી દશાવતાર વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ૧૧ દિવસની ''પ્રાયશ્ચિત દીક્ષા'' લેશે.



પવન કલ્યાણે સોશિયલ મીડિયા પર લખ્યું કે ''અમારી સંસ્કૃતિ, આસ્થા, વિશ્વાસ અને શ્રદ્ધાની ધર્મધુરી શ્રી તિરૂપતિ બાલાજી ધામના પ્રસાદને અપવિત્ર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તેથી હું વ્યક્તિગત રીતે ખૂબ જ દુઃખી થયો છું. અને સાચું કહું તો અંદરથી છેતરાયા હોવાનો ભાવ અનુભવું છું. પ્રભુ વેંકટેશ્વરને મારી પ્રાથર્ના છે કે આ દુઃખની ઘડીમાં મને અને તમામ સનાતનીઓને આ પોતાની કૃપાથી શકિત પ્રદાન કરે.

પવન કલ્યાણે આગળ લખ્યું કે, અત્યારે, આ જ ક્ષણે, હું ભગવાન પાસે ક્ષમા માંગી રહ્યો છું, હું તપસ્યા શરૂ કરવાની મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી રહ્યો છું, અને હું અગિયાર દિવસના ઉપવાસ માટે ધાર્મિક સંકલ્પ લઈ રહ્યો છું. અગિયાર-દિવસીય પ્રાયશ્ચિત દીક્ષાના અંતે ૧લી અને ૨જી ઓક્ટોબરે, હું તિરૂપતિ જઈશ, ભગવાનના સાક્ષાત દર્શન કરીને ક્ષમા માંગીશ. આ રીતે પ્રભુ સમક્ષ મારી પ્રાયશ્ચિત દીક્ષા પૂર્ણ થશે. આ અગાઉ આ મુદ્દા પર પ્રતિક્રિયા આપતા પવન કલ્યાણે 'સનાતન ધર્મ રક્ષા બોર્ડ'ની રચનાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પૂર્વે પવન કલ્યાણે ટ્વિટ કરીને જગન રેડ્ડી પર ઉગ્ર નિશાન સાધ્યું હતું. કલ્યાણે ટ્વિટ કર્યું હતું કે, અગાઉની સરકારના કાર્યકાળ દરમિયાન, તિરૂપતિ બાલાજી પ્રસાદમાં પ્રાણીની ચરબી ભેળવવામાં આવી હતી. તત્કાલીન YCP સરકારે રચેલા TTD બોર્ડને ઘણા પ્રશ્નોના જવાબ આપવા પડશે. આ સંદર્ભમાં અમારી સરકાર શક્ય તમામ કડક પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે. પરંતુ આ આખી ઘટના મંદિરોની પવિત્રતા, જમીન સંબંધિત મુદ્દાઓ અને અન્ય ધાર્મિક પ્રથાઓથી સંબંધિત ઘણા મુદ્દાઓ પર ગંભીર પ્રકાશ ફેંકે છે. હવે સમય આવી ગયો છે કે સમગ્ર ભારતમાં મંદિરો સંબંધિત તમામ મુદ્દાઓ પર વિચાર કરવા માટે રાષ્ટ્રીય સ્તરે સનાતન ધર્મ રક્ષા બોર્ડની તાત્કાલિક રચના કરવામાં આવે.

# મહારાષ્ટ્રની ચૂંટણી કેન્દ્રમાં BJPના પતનની શરૂઆત બની જશે : જમ્મુ કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકનો દાવો

(એજન્સી) તા.૨૨

જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકનો ભારતીય જનતા પાર્ટી (BJP) વિરૂદ્ધ સતત પ્રહાર ચાલુ છે. દરમિયાન, શનિવાર (૨૧ સપ્ટેમ્બર) ના રોજ, તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણી દેશના રાજકીય પરિદ્રશ્યને ખૂબ અસર કરશે. સત્યપાલ મલિકે મુંબઈમાં નાગરિક સંગઠનના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે મહારાષ્ટ્ર ચૂંટણીના પરિણામો કેન્દ્રમાં ભાજપ સરકારના પોતાનાની શરૂઆત બની જશે. આ કાર્યક્રમમાં શિવસેના (UBT)ના નેતા સંજય રાઉત અને સમાજવાદી પાર્ટીના અબુ આઝમી સહિત ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. સત્યપાલ મલિકે કહ્યું, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દેશને નવી દિશા આપશે. તેમણે મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચૂંટણીમાં વિલંબ કરવા માટે કેન્દ્ર સરકારની ટીકા કરી અને કહ્યું કે વિરોધ પક્ષોને હારવાના ડરથી આવું કરવામાં આવી રહ્યું છે. તેમણે અનુમાન લગાવ્યું હતું કે હરિયાણામાં કોંગ્રેસ લગભગ ૬૦ સીટો જીતી શકે છે, જ્યારે ભાજપ માત્ર ૨૦ સીટો જીતી શકે છે. વધુમાં, મલિકે ૨૦૧૯ના પુલવામા આતંકવાદી હુમલાની વ્યાપક તપાસ માટે તેમની અપીલનો પુનરોચ્ચાર કર્યો હતો જેમાં ૪૦ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) જવાનોએ જીવ ગુમાવ્યો હતો. તેમણે કહ્યું, 'હું પુલવામા હુમલાની તપાસની માંગ કરૂં છું જેથી એ જાણવા માટે કે અમારા સૈનિકો કેવી રીતે માર્યા ગયા અને તેના માટે કોણ જવાબદાર છે. આ દુર્ઘટના માટે એક પણ વ્યક્તિએ પરિણામનો સામનો કરવો પડ્યો નથી.' સત્યપાલ મલિકે દાવો કર્યો હતો કે 'તેમને કેન્દ્ર સરકાર તરફથી ઉત્પીડનનો સામનો કરવો પડ્યો હતો. તેમના કાર્યકાળ દરમિયાન તેમની પાંચ વખત બદલી કરવામાં આવી હતી. ધમકીઓ છતાં, તેમની સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી હતી અને તેમને રહેવાની ના પાડી દેવામાં આવી હતી.' સત્યપાલ મલિકે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા આ સિવાય તેમણે સરકાર પર તેમની વિરૂદ્ધ કેન્દ્રીય એજન્સીઓનો દુરૂપયોગ કરવાનો આરોપ લગાવ્યો. વર્તમાન સરકારના સ્વર ટીકાકાર મલિકે ટિપ્પણી કરી હતી કે ભાજપે હુમલાના ત્રીજા દિવસથી પુલવામા ઘટનાનું રાજનીતિકરણ કર્યું હતું અને મતદારોને મતદાન કરતી વખતે શહીદોને યાદ રાખવા વિનંતી કરી હતી.



# કોંગ્રેસ દ્વારા તેના પશ્ચિમ બંગાળ એકમના અધ્યક્ષ તરીકે શુભંકર સરકારની નિમણૂક

## પાર્ટીએ એમ.કે. ભારદ્વાજ અને ભાનુ મહાજનને તેના જમ્મુ અને કાશ્મીર એકમના કાર્યકારી પ્રમુખ તરીકે નીમ્યા

(એજન્સી) તા.૨૨

કોંગ્રેસે દિગ્ગજ નેતા અધીરરંજન ચૌધરીની જગ્યાએ શુભંકર સરકારને તેના પશ્ચિમ બંગાળ એકમના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા. સરકારને AICC સચિવ તરીકેના તેમના વર્તમાન પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા તેમની નિમણૂકની ઘોષણા કર્યા પછી સરકારે કહ્યું, 'રાજ્ય કોંગ્રેસ બંગાળમાં પક્ષના કાર્યકરોની ઈચ્છા મુજબ કાર્ય કરશે.' તેમણે એમ પણ કહ્યું હતું કે, રાજ્યમાં કોંગ્રેસ માટે ભાવિ માર્ગ પસંદ કરવા માટે લોકોની ઈચ્છાઓ સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ હશે. એક નિવેદનમાં પાર્ટીએ કહ્યું કે, તેના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સરકારને પશ્ચિમ બંગાળ પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા તરીકે તાત્કાલિક અસરથી નિયુક્ત કર્યા છે. પાર્ટીએ પીસીસીના આઉટગોઈંગ પ્રેસિડેન્ટ અધીરરંજન ચૌધરીના યોગદાનની પ્રશંસા કરી. સરકાર અરૂણાચલપ્રદેશ, મેઘાલય અને મિઝોરમ રાજ્યોની દેખરેખ કરતી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના સેક્રેટરી હતા. ચૌધરીએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ટીએમસીના ઉમેદવાર યુસુફ પઠાણ સામે સતત પાંચ ટર્મ બાદ પોતાના હોમ ટર્ફ બહેરામપુરથી હારનો સામનો કરવો પડ્યો હતો, તેમણે સંસદીય ચૂંટણીઓ અને નવા પ્રમુખની નિમણૂકની પ્રક્રિયા બાદ પશ્ચિમ બંગાળ પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું હતું. કોંગ્રેસ નેતૃત્વએ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે તૃણમૂલ કોંગ્રેસ સાથેના સંબંધોમાં સંતુલન જાળવવા તેમજ જૂના પક્ષના પશ્ચિમ બંગાળ એકમના આગામી વડાની પસંદગી અંગે રાજ્યના નેતાઓ પાસેથી પ્રતિસાદ લીધો હતો. કોંગ્રેસનું રાજ્ય નેતૃત્વ, ખાસ કરીને ચૌધરી, કેન્દ્રીય સ્તરે કોંગ્રેસ અને ટીએમસી વચ્ચે જોવા મળતા સંકલન અને સમર્થનથી અલગ મત ધરાવે છે. દરમિયાન કોંગ્રેસે એમ.કે. ભારદ્વાજ અને ભાનુ મહાજનની તેના જમ્મુ અને કાશ્મીર એકમના કાર્યકારી પ્રમુખ તરીકે પણ નિમણૂક કરી. જમ્મુ અને કાશ્મીરમાં ચાલી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ વચ્ચે આ નિમણૂકો કરવામાં આવી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભારદ્વાજ અને મહાજનને તાત્કાલિક અસરથી જમ્મુ અને કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હોવાનું પાર્ટીના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. કોંગ્રેસે ઓગસ્ટમાં તારિક હમીદ કારાની જમ્મુ અને કાશ્મીર એકમના પ્રમુખ તરીકે નિમણૂક કરી હતી. તેણે વિકાર રસૂલ વાનીની જગ્યા લીધી હતી. ખડગેએ જમ્મુ અને કાશ્મીર માટે બે કાર્યકારી પ્રમુખ - તારા ચંદ અને રમણ ભલ્લાની નિમણૂક પણ કરી હતી. જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમ તબક્કામાં ૧૮ સપ્ટેમ્બરે ૨૪ બેઠકો માટે મતદાન થયું હતું. આગામી તબક્કામાં ૨૬ બેઠકો માટે ૨૫ સપ્ટેમ્બરે મતદાન થશે. ત્રીજા તબક્કાનું મતદાન ૧ ઓકટોબરે થશે જ્યારે પરિણામ ૮ ઓકટોબરે જાહેર થશે.



# ઈરાનના તાબાસમાં કોલસાની ખાણમાં થયેલા વિસ્ફોટમાં ૫૦ લોકોનાં મોત

(એજન્સી) તા.૨૨

ઈરાનના પૂર્વ વિસ્તારમાં સ્થિત તાબાસમાં કોલસાની ખાણમાં થયેલા વિનાશક વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૫૦ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૭ અન્ય ઘાયલ થયા છે, ઈરાનના સરકારી ટેલિવિઝનએ રવિવારે અહેવાલ આપ્યો છે. દેશની રાજધાની તેહરાનથી લગભગ ૫૪૦ કિલોમીટર (૩૩૫ માઈલ) દક્ષિણપૂર્વમાં આવેલી ખાણમાં મિથેન લીક થયા બાદ વિસ્ફોટ થયો હતો. શનિવારે મોડી રાત્રે થયેલા વિસ્ફોટના જવાબમાં, સત્તાવાળાઓએ અસરગ્રસ્ત વિસ્તારમાં ઈમરજન્સી કર્મચારીઓને મોકલ્યા. વિસ્ફોટ સમયે ખાણમાં લગભગ ૭૦ લોકો હાજર હતા અને કામ કરી રહ્યા હતા. તેલ ઉત્પાદન માટે જાણીતું હોવા છતાં, ઈરાન પાસે વિવિધ ખનિજોનો ભંડાર પણ છે. દેશ વાર્ષિક આશરે ૩૫ લાખ ટન કોલસાનો વપરાશ કરે છે, પરંતુ તેની સ્થાનિક ખાણો દર વર્ષે માત્ર ૧૮ લાખ ટન કોલસાનું ઉત્પાદન કરે છે. બાકીનો કોલસો આયાત દ્વારા મેળવવામાં આવે છે અને મોટાભાગે તેનો ઉપયોગ ઈરાનની સ્ટીલ મિલોમાં થાય છે. કમનસીબે, ઈરાનના ખાણ ઉદ્યોગને ત્રાટકવાની આ પહેલી દુર્ઘટના નથી. ૨૦૧૩ માં, ખાણકામની બે અલગ-અલગ ઘટનાઓમાં ૧૧ કામદારોએ જીવ ગુમાવ્યો છે. ૨૦૦૯માં અનેક ઘટનાઓમાં ૨૦ કામદારોએ જીવ ગુમાવ્યો હતો અને ૨૦૧૭માં કોલસાની ખાણમાં વિસ્ફોટ થતાં ઓછામાં ઓછા ૫૦ લોકોના મોત થયા હતા. ઈરાનના ખાણકામ ક્ષેત્રમાં મૃત્યુની મોટી સંખ્યા ઘણીવાર અપૂરતા સલામતી ધોરણો અને ખાણકામ વિસ્તારોમાં અપૂરતી કટોકટીની સેવાઓને આભારી છે.



# યોગી સરકારે 'ધર્મ પરિવર્તન વિરોધી' કાયદા હેઠળ FIR દાખલ કરવાના પોલીસના અધિકારનો બચાવ કર્યો - આ કાયદો પીડિત અને સગાઓને ફરિયાદ દાખલ કરવાની પરવાનગી આપે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ઉત્તર પ્રદેશમાં આદિત્યનાથની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજ્યના વિવાદાસ્પદ ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ્સ નોંધાવવાના તેના પોલીસ દળના અધિકારનો મજબૂત બચાવ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા ૧૦ સપ્ટેમ્બરના રોજ અલ્હાબાદ હાઈકોર્ટમાં ચાલી રહેલા કાયદાકીય કેસમાં એફિડેવિટ સબમિટ કરી છે. તેમાં દલીલ કરી છે કે, તે કાયદો અને વ્યવસ્થાના હિતમાં છે અને ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) હેઠળ પોલીસ અધિકારીને સરકારે ગેરકાયદેસર ધર્માંતરણ સામે પોલીસ દ્વારા સુઓમોટો એફઆઈઆર દાખલ કરવાને ન્યાયી ઠેરવી છે. શું પોલીસ કોઈ ફરિયાદી વગર પોતાની જાતે ગેરકાયદેસર ધર્માંતરણ સામે એફઆઈઆર નોંધાવી શકે છે? દુર્ગા યાદવ કેસ, જે હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે, તેણે એ પ્રશ્નને જન્મ આપ્યો છે, જો પોલીસ અથવા અન્ય કોઈ તૃતીય પક્ષ, ગેરકાયદેસર ધર્માંતરણ સામે ફરિયાદી બનવા માટે કાયદેસર રીતે અધિકૃત છે. આ સમયે, એ નોંધવું અગત્યનું છે કે રાજ્ય સરકારે તાજેતરમાં પ્રવર્તમાન ધર્માંતરણ વિરોધી કાયદામાં સુધારો કર્યો છે અને તેને વધુ કડક બનાવ્યો છે. સરકારે કરેલા સુધારાઓમાં યુપી પ્રોહિબિશન ઓફ અનલોફુલ કન્વર્ઝન ઓફ રિલિજિયન એક્ટ, ૨૦૨૧ની કલમ ૪માં ફેરફાર કરવાનો હતો. ૨૦૨૧ અધિનિયમની કલમ ૪ કહે છે કે કોઈપણ પીડિત વ્યક્તિ, તેના અથવા તેણીના માતા-પિતા, ભાઈ, બહેન અથવા તેના અથવા તેણીના સંબંધિત કોઈપણ અન્ય વ્યક્તિ કાયદા હેઠળ એફઆઈઆર નોંધાવવા માટે સક્ષમ ગણવામાં આવશે. જો કે, નવા-સંશોધિત કાયદા હેઠળ, ૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સૂચિત - યુપી પ્રોહિબિશન ઓફ અનલોફુલ કન્વર્ઝન ઓફ રિલિજિયન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૨૪ મુજબ ''કોઈપણ વ્યક્તિ'' ગેરકાનૂની ધર્માંતરણ સામે ફરિયાદ નોંધાવવા માટે અધિકૃત હશે. દુર્ગા યાદવે હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરી કે ઉત્તર પ્રદેશ પ્રોહિબિશન ઑફ અનલોફુલ કન્વર્ઝન ઑફ રિલિજિયન એક્ટ, ૨૦૨૧ની કલમ ૩ અને ૫(૧) હેઠળ તેમની સામે નોંધવામાં આવેલી એફઆઈઆર ગેરકાયદેસર હતી કારણ કે પોલીસ અધિકારીને આવી ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત નથી. તેમણે દલીલ કરી હતી કે ૨૦૨૧ એક્ટની કલમ ૪ આને પ્રતિબંધિત કરે છે. દુર્ગા યાદવના કેસમાં એફઆઈઆર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ પોલીસ સ્ટેશન કેરાકટમાં છ વ્યક્તિઓ - દુર્ગા યાદવ, અન્ય પાદરી શ્રવણ કુમાર, શ્રવણની પત્ની ઉષા દેવી અને શ્રવણના ભાઈઓ જિતેન્દ્ર કુમાર અને ગોવિંદ લાલ અને સુરેન્દ્ર ગૌતમ આમ કુલ છ વ્યક્તિઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં ફરિયાદી એસએચઓ રામજનમ યાદવ હતા. એફઆઈઆરમાં લગાવવામાં આવેલા આરોપો અનુસારઃ દુર્ગા યાદવ અને અન્ય લોકો નાણાકીય લાલચ અને ઉપચારના વચન દ્વારા ભોળા લોકોને ધર્મ પરિવર્તન કરતા જોવા મળ્યા હતા. પોલીસે દુર્ગા કેસ સાથે જોડાયેલા પ્રાર્થના કેન્દ્ર પર દરોડો પાડ્યો હતો. તેમાં નવ બાઈબલ, એક નાનું બાઈબલ, વિવિધ બિમારીઓ માટે ઉપચાર સૂચવતી એક ડાયરી અને સાજા થયેલા લોકોના પ્રતિભાવો, ઈસુ ખ્રિસ્તના સફેદ રંગના ૧૦૦ પોસ્ટરો, ગુલાબી રંગના ૧૩૮ સત્સંગ પ્રાર્થના પત્રિકાઓ, 'જન્મ, જીવન અને મૃત્યુ વિશેના ૨૯૩ પેમ્ફલેટ્સનો સમાવેશ થાય છે. 'શ્રદ્ધાના પાંચ પગલાં' વિશે ૩૬ પત્રિકાઓ, 'ઈશ્વરને કેવી રીતે શોધવું' પર ૧૪ પત્રિકાઓ, એક ડ્રમ, એક હાર્મોનિયમ, ૩૨ સફેદ પરબીડિયા, ૨૪ નામો સાથેના પરબિડીયા, બે માઈક્રોફોન સ્ટેન્ડ, એક સેલ્ફી સ્ટેન્ડ, એક સ્પીચ સ્ટેન્ડ સ્ટીલ, માઈક્રોફોન મળી આવ્યું હતું. દુર્ગા યાદવે એફઆઈઆર સામે હાઈકોર્ટનો સંપર્ક કર્યો, અને એવી વિનંતી કરી કે SHO કાયદાની કલમ ૪માં વ્યાખ્યાયિત ''પીડિત વ્યક્તિ'' નથી. હાઈકોર્ટે જુલાઈમાં સરકારને સ્પષ્ટતા કરવા કહ્યું હતું કે કાયદા હેઠળ એફઆઈઆર નોંધવા માટે સક્ષમ વ્યક્તિ કોણ છે. ૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ, ન્યાયમૂર્તિ વિનોદ દિવાકરે અધિક સચિવ, ગૃહ વિભાગ, યુપીને આ મામલે સરકારના વલણ વિશે સોગંદનામું દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે દુર્ગા યાદવ અને અન્યો સામેના કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર પણ રોક લગાવી દીધી હતી. ૧૨ જુલાઈના રોજ, હાઈકોર્ટે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલ એફિડેવિટને રેકોર્ડ પર લઈ લીધી અને દુર્ગા યાદવ અને અન્યોને તેમની સામેના ફોજદારી કેસમાં આપવામાં આવેલી રાહત વધારી દીધી હતી. કોર્ટને તેના જવાબમાં, આદિત્યનાથ સરકારે ગેરકાયદેસર ધર્માંતરણ સામે FIR દાખલ કરવાના તેના પોલીસના અધિકારનો બચાવ કર્યો છે, અને કહ્યું કે ૨૦૨૧ એક્ટની કલમ ૪ સંપૂર્ણ નથી. કાયદાની કલમ ૪ હેઠળ ''પીડિત વ્યક્તિ''માં સંબંધિત વિસ્તારના એસએચઓનો સમાવેશ થાય છે કારણ કે એસએચઓ કાયદો વ્યવસ્થા જાળવવા માટે સક્ષમ અને જવાબદાર અધિકારી છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે નિયુક્ત વરિષ્ઠ અધિકારી દીપક કુમાર દ્વારા સરકાર વતી એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી. કુમારે જણાવ્યું હતું કે ગેરકાયદેસર ધર્મ પરિવર્તનના કેસોમાં, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બની જાય છે, જે પોલીસ એસએચઓને સક્ષમ અધિકારી બનાવે છે. ૧૮-પાનાના સોગંદનામામાં, સરકારે દલીલ કરી હતી કે ''કોઈપણ પીડિત વ્યક્તિ'' વાક્ય વ્યાપક અભિવ્યક્તિ છે અને કોઈપણ માહિતી આપનારને આવરી લેવા જોઈએ કે જે કોઈપણ કોગ્નિઝેબલ ગુનાના કમિશન અંગે માહિતી ધરાવે છે અને આવી માહિતી આપે છે. સરકારે વધુમાં જણાવ્યું હતું કે આ કાયદો એકત્રીકરણ કાનૂન નથી અને તેથી CrPC દ્વારા પૂરી પાડવામાં આવેલ પ્રક્રિયા ચાલુ રહેશે. ધર્માંતરણ વિરોધી કાયદાની કલમ ૪ માત્ર CrPCને પૂરક બનાવે છે. રાજ્ય સરકારે દુર્ગા યાદવની દલીલનો પણ જવાબ આપતા કહ્યું કે જો યાદવની કલમ ૪નું અર્થઘટન સ્વીકારવામાં આવે, તો તેનો અર્થ એ થશે કે 'સામૂહિક ધર્માંતરણના કેસો અથવા અનાથ, અથવા માતા-પિતા અને સંબંધીઓ વિનાના કિસ્સામાં, પીડિતા સિવાય કોઈ એફઆઈઆર નોંધી શકાશે નહીં. અધિનિયમની ઉક્ત કલમ ઘણા કેસોમાં વિવાદનો વિષય બની છે, જેમાં આરોપીઓ તેમના પોતાના વતી પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરની માન્યતા પર સવાલ ઉઠાવે છે. કાયદાની કલમ ૪ સ્કેનર હેઠળ તાજેતરમાં જ્યારે બરેલીની એક અદાલતે ૩૦ જુલાઈના રોજ બે હિન્દુ પુરુષોને ગેરકાનૂની ધર્માંતરણના આરોપમાંથી નિર્દોષ જાહેર કર્યા હતા, ત્યારે જિલ્લાના પોલીસ અધિકારીઓને આ બંનેને પાયાવિહોણાના આધારે ખોટી રીતે ફસાવવા બદલ કાનૂની કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. નિર્દોષ છૂટવાનું પ્રાથમિક કારણ એ હતું કે અદાલતે આરોપીઓ સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને ગેરકાયદેસર ગણાવી હતી કારણ કે ફરિયાદી કથિત ગેરકાનૂની ધર્માંતરણનો ભોગ બન્યો ન હતો. અન્ય એક કેસમાં, લખનૌની એક અદાલતે ૧૧ સપ્ટેમ્બરે પશ્ચિમ યુપીના અગ્રણી ઈસ્લામિક વિદ્વાન સહિત ૧૨ લોકોને આજીવન કેદની સજા સંભળાવી હતી અને અન્ય ચારને ગેરકાયદેસર રીતે ધર્માંતરણ માટે આંતર-રાજ્ય સિન્ડિકેટ ચલાવવા બદલ દોષી ઠેરવ્યા બાદ ૧૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. આરોપીઓએ જે આધાર પર આરોપોને પડકાર્યા તે પૈકી એક એ હતું કે એફઆઈઆર કોઈ પીડિત વ્યક્તિ દ્વારા નહીં પરંતુ એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડના પોલીસ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવી હતી.



દુર્ગા યાદવના એક સંબંધીએ નામ જાહેર ન કરવાની શરતે વાત કરી અને એફઆઈઆર દાખલ કરવા બદલ પોલીસની ટીકા કરી, અને કહ્યું કે, કથિત રીતે ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત કરવામાં આવતા કોઈ સામાન્ય નાગરિકે પોલીસને ફરિયાદ કરી ન હતી. અમે ક્યારેય કોઈને કોઈ આકર્ષણ આપતા નથી અથવા તેમને અમારી પ્રાર્થના સભાઓમાં આમંત્રિત કરતા નથી. તેઓ પોતાની મરજીથી સભાઓમાં આવે છે. દુર્ગા યાદવ પર લાગેલા આરોપો પાયાવિહોણા છે. પ્રાર્થના સભાઓમાં હાજરી આપનાર કોઈ વ્યક્તિએ આવો કોઈ આક્ષેપ કર્યો નથી. સંબંધીએ એમ પણ કહ્યું કે દુર્ગા યાદવ દ્વારા કરવામાં આવતી સમગ્ર પ્રાર્થના સેવા કેમેરામાં રેકોર્ડ કરવામાં આવી હતી અને યુટ્યુબ ચેનલ પર ઓનલાઈન ટેલિકાસ્ટ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટ આ મામલાની સુનાવણી ૧૯ સપ્ટેમ્બરે કરશે. **(સૌ.: ધ વાયર.ઈન)**

# કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશે ટિપ્પણી પર ખેદ વ્યક્ત કર્યો અને કહ્યું, સોશિયલ મીડિયાએ સંદર્ભની બહાર અહેવાલ આપ્યો છે

## એક ક્લિપમાં ન્યાયમૂર્તિ શ્રીશાનંદે બેંગ્લુરૂના એક વિસ્તારનો 'પાકિસ્તાન' તરીકે ઉલ્લેખ કર્યો છે

(એજન્સી) તા.૨૨

કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ વી શ્રીશાનંદે તાજેતરમાં ન્યાયિક કાર્યવાહી દરમિયાન કરેલી કથિત વાંધાજનક ટિપ્પણી પર ખેદ વ્યક્ત કર્યો છે, જે વાયરલ થઈ છે અને સુપ્રીમ કોર્ટને તેની નોંધ લેવી પડી છે. ૨૦ સપ્ટેમ્બરના રોજ, ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની પાંચ ન્યાયાધીશોની બેન્ચે બે વીડિયોની ગંભીર નોંધ લીધી જેમાં હાઈકોર્ટના ન્યાયાધીશ ખુલ્લી અદાલતમાં ટિપ્પણી કરતા જોવા મળે છે અને તેમણે હાઈકોર્ટ રજિસ્ટ્રાર જનરલ પાસેથી રિપોર્ટ માંગ્યો હતો. એક ક્લિપમાં ન્યાયમૂર્તિ શ્રીશાનંદે બેંગ્લુરૂના એક વિસ્તારનો 'પાકિસ્તાન' તરીકે ઉલ્લેખ કર્યો છે. કોર્ટની કાર્યવાહી શરૂ થતા જ જસ્ટિસ શ્રીશાનંદે આ સંબંધમાં તેમનું નિવેદન વાંચ્યું. હાઈકોર્ટના જજે કહ્યું, 'ન્યાયિક કાર્યવાહી દરમિયાન કરવામાં આવેલા કેટલાક અવલોકનો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સંદર્ભની બહાર નોંધવામાં આવ્યા હતા. અવલોકનો અજાણતા હતા અને તેનો હેતુ કોઈ વ્યક્તિ અથવા સમાજના કોઈપણ વર્ગને નુકસાન પહોંચાડવાનો નહોતો. જો આવા અવલોકનો કોઈ વ્યક્તિ અથવા સમાજ અથવા સમુદાયના કોઈપણ વર્ગને નુકસાન પહોંચાડે છે, તો હું નિષ્ઠાપૂર્વક દિલગીરી વ્યક્ત કરું છું,'. જસ્ટિસ શ્રીશાનંદે તેમનો સંદેશ વાંચ્યો ત્યારે એડવોકેટ્સ એસોસિએશન, બેંગ્લુરૂ (એએબી)ના કેટલાક સભ્યો પણ હાજર હતા. વકીલોએ ધ્યાન દોર્યું કે કેટલાક યુટ્યુબર્સ ગેરમાર્ગે દોરતી હેડલાઈન્સ સાથે કોર્ટની કાર્યવાહીની ક્લિપ્સ પોસ્ટ કરી રહ્યાં છે, જેના કારણે સમસ્યા આવી રહી છે.



# ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી ટ્રાફિકમાં ફસાયા; SIને સસ્પેન્ડ કરાયા પરંતુ શહેરમાં ભારે વરસાદને પગલે સર્વત્ર સખત જળબંબાકાર થતા ટ્રાફિક જામ સર્જાયો હતો

(એજન્સી) લખનઉ, તા.૨૨

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૧૦મી સપ્ટેમ્બરે ગ્રેટર નોઈડામાં ભારે ટ્રાફિક જામમાં ફસાયા હતા તેઓ ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરવા જઈ રહ્યા હતા. એ જ દિવસે મુખ્યમંત્રી ઈન્ડિયા એક્સ્પો માર્ટ સેન્ટર ખાતે યોજાનાર સેમીકોન ઈન્ડિયા ૨૦૨૪ની તૈયારીઓનું નિરીક્ષણ કરવા પણ પહોંચ્યા હતા. પછી બીજા દિવસે ૧૧ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે એ સેમિનારનું ઉદ્ઘાટન થયું હતું.



મીડિયાના અહેવાલો મુજબ નોઈડા અને ગ્રેટર નોઈડા એક્સપ્રેસ વેપર ભારે વરસાદને કારણે સર્વત્ર જળ ભરાવ થયો હતો અને તેના કારણે ટ્રાફિકજામ સર્જાયો હતો એ વખતે મુખ્યમંત્રી એક્સપો સેન્ટરથી પાછા ફરી રહ્યા હતા અને યુનિવર્સિટી તરફ જઈ રહ્યા હતા ત્યારે ટ્રાફિકમાં ફસાયા હતા. આ ઘટનાને પગલે એક ટ્રાફિક ઈન્સ્પેક્ટર સહિત બે ટ્રાફિક અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા પણ સીએમ ફસાયા એ કારણે અધિકારીઓને સસ્પેન્ડ કરાયેલું ટ્રાફિકના ડીસીપીએ નકારી કાઢ્યું હતું.

ડીસીપી યમુના પ્રસાદે જણાવ્યા મુજબ ટ્રાફિક ઈન્સ્પેક્ટર સંજય પાલ અને ટ્રાફિક એસઆઈ પ્રભાકર ચૌહાણને સીએમને કારણે સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી પણ એ લોકો ફરજના સ્થળ પર હાજર નહોતા એ કારણે એમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સીએમ યોગી અને એમનો કાફલો ટ્રાફિક જામમાં અટવાયો ત્યારે ત્યાંથી પસાર થતા ઘણા બધા લોકો વીડિયો ઉતારવા લાગ્યા હતા અને મોબાઈલમાં આ દ્રશ્યોનો વીડિયો રેકોર્ડિંગ કરતા રહ્યા હતા જે બાદમાં ઈન્ટરનેટ પર વાયરલ થયા હતા. ઘણા લોકોએ એમની પ્રતિક્રિયા પણ આપી હતી અને ટ્રાફિક વ્યવસ્થાની ટીકા કરી હતી.

### માંગરોળમા ફરી એકવાર એમડી ડ્રગ્સ ઝડપાયું

# માંગરોળના કેશોદ રોડ પરથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે મહિલા સહિત ત્રણ ઝડપાયા

## મુંબઈની બે યુવતી તથા ધોરાજીનો યુવાન ઝડપાયો



(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

માંગરોળ, તા.૨૨

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે વારંવાર મેફેડ્રોન ડ્રગ્સ ઝડપાઈ રહ્યું છે. એમડીના રવાડે માંગરોળનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી મુંબઈ ખાતેથી વેપાર ધંધાની આડમાં માંગરોળમાં એમડી ડ્રગ્સ લાવવામાં આવી રહ્યું છે. અને પોતાની સાથે મજૂરી કામ કરતા યુવાનોને પેડલર તરીકે ઉપયોગ કરી મોટા ડ્રગ્સ માફિયાઓ પડદા પાછળ રહીને માંગરોળમાં ડ્રગ્સનો મોટો વેપલો ચલાવી રહ્યા છે. આવા કેટલાય યુવાનો અને તેનો પરિવાર બરબાદ થઈ ચુક્યા છે. ત્યારે ફરી એક વાર રવિવારે મોડી રાત્રે માંગરોળના કેશોદ રોડ પર દાતાર મંઝિલ નજીકથી એસઓજીએ મુંબઈની બે મુસ્લિમ યુવતીઓ અને ધોરાજીના એક ઈસમને એમડી ડ્રગ્સના મોટા જથ્થા સાથે ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી છે. જૂનાગઢ એસઓજીના કોન્સ્ટેબલ ઈરફાન રૂમીને મળેલ બાતમી મુજબ ધોરાજીનો ઈમરાન જુમા મતવા મુંબઈની બે યુવતીઓ સાથે કાળા કલરની મોપેડ (GJ 03 MN ૨૪૬૭) પર એમડી ડ્રગ્સનો જથ્થો લઈને માંગરોળ ખાતે વેચાણ કરવા માટે આવનારો હોય, જેના આધારે રવિવારે મોડી રાત્રે જૂનાગઢ એસઓજીએ માંગરોળના કેશોદ રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન માંગરોળથી ત્રણ કી.મી. નજીકના માનખેત્રા તરફથી આવી રહેલી મોપેડ પર ચાલક યુવક અને પાછળ બેસેલી બે યુવતીઓને અટકાવી તલાશી લેતાં તેઓની પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ (૨૩.૯૯ગ્રામ) નો જથ્થો મળી આવેલ જેની અંદાજિત કિંમત ૨,૩૯,૯૦૦/-જેટલી થાય છે. તદુપરાંત તેઓની પાસેથી પ્લાસ્ટિકની બેગ, ૫૨,૭૦૦/- રોકડ, ત્રણ મોબાઈલ સહિત કૂલ ત્રણ લાખ ત્રેસઠ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્રણેય ઈસમો વિરૂદ્ધ માંગરોળ પોલીસ સ્ટેશનમા એન.ડી.પી.એ. એસ. એકટ હેઠળ ગુનો રજિસ્ટ્રેશન કરાવી આગળની તપાસ હાથ ધરી છે. ઈમરાન જુમા મતવા (ઉ.વ.૨૭), ધંધો ડ્રાઈવિંગ રહે ધોરાજી, હારીસા ઝુબેર શેખ, (ઉ.વ.૨૨) ધંધો પ્રાઈવેટ નોકરી, રહે મલાડ વેસ્ટ. આસિફા નદીમજુહર ખાન (ઉ.વ.૨૦) ધંધો પ્રાઈવેટ નોકરી રહે મલાડ વેસ્ટની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ત્રણેય આરોપીઓની ઉમર જોતા એવું લાગી રહ્યું છે કે નાના કુમળી વયે યુવક યુવતીઓ ડ્રગ્સના રવાડે ચડી જીવન બરબાદ કરી રહ્યા છે. આ ડ્રગ્સ માંગરોળમાં કોને આપવાનો હતો ? અને કોણ કોણ આ લોકોની સાથે સામેલ છે.? અને એમના ગ્રાહકો કોણ કોણ છે ? જો તેની સખ્તાઈથી તપાસ કરવામાં આવે તો માંગરોળમાં સફેદપોસ ડ્રગ્સ માફિયાઓના મોટા માથાઓ બહાર આવી શકે છે. જૂનાગઢ જિલ્લા પોલીસ આ બાબતે સખત વલણ અપનાવી ખાસ કરીને મુંબઈ ખાતે ધંધાર્થે જાતા લોકો પર વોચ રાખે તો હજું ઘણું બધું બહાર આવે એમ છે.

# મહુધા : કોડિનયુક્ત નશીલી દવાઓની બોટલો સાથે બે શખ્સો ઝડપાયા



નડિયાદ, તા.૨૨

ખેડા SOG પોલીસે મોટરસાયકલ પર આવેલા બે લોકોને કોડિનયુક્ત નશીલી દવાઓની બોટલો સાથે પકડી લીધા હતા. પોલીસની પૂછપરછમાં આ દવાનો જથ્થો પુરોપાડનારનું નામ પણ બહાર આવ્યું છે. આથી પોલીસે કુલ ત્રણ સામે નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) પોલીસના માણસો મહુધાના વડથલ ગામની સીમમાં આવેલ રેલવે ફાટક પાસે વોચમાં ઊભા હતા. આ દરમિયાન શંકાસ્પદ લાગતા મોટરસાયકલ નંબર (GJ 07 EM 0447)ને અટકાવ્યું હતું. આ મોટરસાયકલ પર બે લોકો સવાર હતા. જેના નામઠામ પુછતા મહંમદઈમરાન અબ્દુલમજીદ મલેક (રહે.મહુધા) અને આરીફમહંમદ મહંમદરફીક શેખ (રહે.મહુધા) હોવાનું જણાવ્યું હતું. આ બંને ઈસમો પાસેથી નશીલા કફ શીરપની બોટલો મળી આવી હતી. જેના આધાર પુરાવા માંગતા આ બંને લોકો રજૂ કરી શક્યા નહોતા.આ બાદ પોલીસે એફએસએલને સ્થળ પર બોલાવી હતી. પ્રાથમિક પૃથક્કરણમાં આ કોડિન યુક્ત નશીલી દવા હોવાનું ખુલ્યું છે. જે પ્રતિબંધિતમાં આવતું હોવાથી પોલીસે આ બોટલો નંગ ૨૦ કિંમત રૂપિયા ૩ હજાર ૭૦૦ની કબ્જે કરી સેમ્પલો મેળવી FSLની અંદર પરીક્ષણ અર્થે મોકલી આપ્યા છે. તો આ પ્રતિબંધિત દવાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો તે દીશામાં પકડાયેલા બંને આરોપીની પૂછપરછ કરતા આ જથ્થો કઠલાલના નિરવ ઉર્ફે પાપડી પાસેથી લાવી વેચાણ અર્થે લાવ્યા હોવાની વિગતો જણાવી હતી. આથી પોલીસે કુલ ત્રણ સામે ગુનો નોંધી કુલ રૂપિયા ૬૬ હજાર ૫૦૦નો મુદ્દામાલ કબજે કરી ફરાર નિરવ ઉર્ફે પાપડીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### સાસંદ જશુભાઈ રાઠવાએ પત્રમાં આપવીતી જણાવી

# છેટાઉદેપુર જિલ્લાના અધિકારીઓ સાંસદને પણ ગાંઠતા નથી : કલેક્ટરને પત્ર લખાયો

## અધિકારીઓ અધૂરી માહિતી આપતા હોવાની તથા સમયસર જવાબો ન આપતા હોવાની પત્રમાં રજૂઆત કરી

પાવીજેતપુર, તા.૨૨

છોટાઉદેપુર જિલ્લાના અધિકારીઓ સાંસદને પણ ગાંઠતા નથી જેને કારણે સાંસદે કલેક્ટરને પત્ર લખીને રજૂઆત કરી છે. છોટાઉદેપુર જિલ્લામાં અધિકારીઓનું રાજ ચાલી રહ્યું છે, જેને લઈને જિલ્લાની જનતાને ભારે મુશ્કેલી પડી રહી છે. જનતા તો ઠીક જિલ્લાના અધિકારીઓ સાંસદને પણ ગાંઠતા નથી, તેનો તાદૃશ્ય પુરાવો જશુભાઈ રાઠવાએ કલેક્ટરને લખેલો પત્ર છે. છોટાઉદેપુરના સાંસદ દ્વારા ગત ૧૦/૯/૨૦૨૪ના રોજ લખેલો અને ૧૭/૯/૨૦૨૪ના રોજ કલેક્ટર કચેરીમાં આપવામાં આવેલ પત્રમાં પોતાની આપવીતી જણાવી છે. સાંસદ જશુભાઈ રાઠવાએ લખેલા પત્રમાં જણાવ્યાં મુજબ તેઓએ રજૂ કરેલ પ્રશ્નો જે તે વિભાગોમાંથી જવાબો સમયસર આપવામાં આવતા નથી, અને જે આપવામાં આવે છે તે અધૂરી માહિતીવાળા હોય છે, અને સંકલન સમિતિની મિટિંગમાં આગળના દિવસે પ્રશ્નોના જવાબો આપવામાં આવે છે જેથી તેઓ પ્રશ્નોના જવાબોનો અભ્યાસ કરી શકતા નથી. જેથી સમયસર જવાબ આપવા માટેની વિનંતી કરી છે. જો છોટાઉદેપુરના સાંસદને અધિકારીઓ જવાબ આપવામાં ગલ્લાતલ્લા કરતા હોય તો સમાન્ય વ્યક્તિઓનું શું ગજું ?

# વેરાવળ-પાટણ નગરપાલિકા વિસ્તારમાં ગંદકી કરનાર સામે દંડનીય કાર્યવાહી કરાશે

પ્રભાસપાટણ, તા.૨૨

સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર સુધી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા પણ સમગ્ર વિસ્તારમાં વ્યાપક પણે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આમ છતા ઘણા લોકો દ્વારા જાહેરમાં કચરો કરવાની પ્રવૃત્તિ જોવામાં આવી છે. આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર ચેતન ડુડિયાએ જણાવ્યું હતું કે, જે લોકો આ રીતે નગરને ગંદુ કરવાની પ્રવૃત્તિ કરતા પકડાશે તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તેમણે સ્વચ્છતા ઝુંબેશમાં સહકાર આપી વેપારીઓને સ્વચ્છતા જાળવવા અને વેરાવળ શહેરને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી. ચીફ ઓફિસરએ આ અંગે જણાવ્યું છે કે, આ નગર આપણા સૌનું છે અને નગરની સુંદરતા અને સ્વચ્છતા જળવાઈ રહે તે આપાણા સૌની જવાબદારી છે. સમગ્ર રાજ્યમાં જ્યારે નગર અને શહેરો સ્વચ્છ કરવામાં આવી રહ્યાં છે ત્યારે વેરાવળ નગર પણ સ્વચ્છ અને સુંદર બને તે માટે સૌ નાગરિક સમાજ સહયોગ આપે તે ઈચ્છનીય છે. આમ છતાં જો કોઈ નાગરિકો દ્વારા શહેરમાં કોઈ જગ્યાએ જાહેરમાં કચરો નાખતા માલૂમ પડશે તો નગરપાલિકા દ્વારા આવા નાગરિકો, વ્યાપારીઓ અને એકમો સામે દંડનિય કાર્યવાહી પણ કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બસ સ્ટેન્ડથી ટાવર ચોક, ટાવર ચોકથી લાઈબ્રેરી બજાર, સટ્ટા બજાર જેવા વાણિજ્યિક વિસ્તારોના વેપારીઓ સ્વચ્છતા રાખે અને ડોર ટુ ડોર કલેક્શન વાહનમાં જ પોતાનો કચરો નાખે, દુકાનદારો પોતાના વાણિજ્ય ક્ષેત્ર આસપાસ ડસ્ટબીનનો ઉપયોગ કરે તેમજ સ્વચ્છતા જાળવે.

# ચોટીલાના પિયાવા ગામે તળાવમાં ડૂબી જતાં ૧૦ વર્ષીય બાળાનું મોત

વઢવાણ, તા.૨૨

જેમાં ચોટીલા તાલુકના પિયાવા ગામે ડૂબી જતાં બાળકીનું મોત થયું હતું. ચોટીલાના પીયાવા ગામના ૧૦ વર્ષીય પ્રિયા મુનાભાઇ જોગરાજીયા સીમમાં આવેલા ખેતરની તલાવડીમાં બાળકો સાથે રમતાં રમતાં નહાવા પહોંચી ગઇ હતી. દરમિયાન આગળ જતા ઊંડા પાણીમાં ગરકાવ થઇ જતાં ડૂબવાથી બાળકીનું મોત થયું હતું. બાળકી તળાવમાં પડી ગયા અંગે સાથે રહેલા અન્ય બાળકોએ પરીવારજનોને જાણ કરી હતી. પરંતુ તે લોકો તળાવે પહોંચે પહેલાં મૃત્યુ નિપજતા મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો હતો.

### પલસાણાના ઈકો ટેક્ષટાઈલ પાર્ક ખાતે આવેલ

# કિયારા ટ્રેન્ડ્ઝ પ્રા. લિ.માં થયેલ ચોરી સંદર્ભે મુદ્દામાલ સાથે ૩ આરોપી ઝડપાયા



(સંવાદદાતા દ્વારા)

પલસાણા, તા.૨૨

ઈકો ટેક્ષટાઈલ પાર્ક ખાતે આવેલ કિયારા ટ્રેન્ડઝ પ્રાઈવેટ લિમિટેડ મીલમાં ચોરી થયેલ એક લાખના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને પલસાણા પોલીસે ઝડપી પાડ્યા હતા. સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં આવેલ ઈકો ટેક્ષટાઈલ પાર્ક ખાતે કિયારા રેન્જ પ્રાઈવેટ લિમિટેડ મીલમાં એક ચોરીની ઘટના બની હતી. તે સંદર્ભે પલસાણા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવી રહેલ હેડ કોન્સ્ટેબલ મેરૂભાઈ રમેશભાઈ તેમજ પોલીસ કોન્સ્ટેબલ નિલેશભાઈ જગદીશભાઈને બાતમી મળેલ કે ઉપરોક્ત મીલમાં ચોરી થયેલ તાકાને બિંદુ કુમાર સંતોષભાઈ ગુપ્તા તેમજ અનિલ રાય એ જમનારા યાદવ તેમજ સુભાષ દૈલારામ જાટ દ્વારા ચોરી કરી મુદ્દામાલને બલેશ્વર ગામ ખાતે રાજહંસ એક્સપા પાસે છુપાવી રાખેલ છે જેને લેવા માટે આ ત્રણેય આરોપી નક્કી કરેલા સમય ઉપર આવવાના છે તેવી બાતમી મળેલ હતી. તે સંદર્ભે સુરત ગ્રામ્ય એસપી હિતેશ જોઈસરએ મિલકત સંબંધિત ગુનાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓને શોધી કાઢવા માટે જરૂરી માર્ગદર્શન આપેલ એ સંદર્ભે hl રાઠોડની સૂચના મુજબ તેમજ પલસાણા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બચાવી રહેલ અને ખૂબ જ ટૂંકા ગાળામાં પલસાણા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ વિસ્તારોમાં બની રહેલ ગુનાઓ પર ખૂબ જ ટૂંક સમયમાં કાબુ મેળવતા એવા પલસાણા પોલીસ સ્ટેશનના પીઆઈ વિપુલ ગાગીયા દ્વારા આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે પેટ્રોલિંગમાં માણસો મોકલી આ ત્રણે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા અને કાયદાકીય તપાસ આગળ વધારી આ ત્રણે આરોપીઓને જેલ હવાલે મોકલ્યા હતા.

### ઈન્ડસ્ટ્રીઝને લગતા વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ

# અંકલેશ્વરમાં સાયખા ઈન્ડસ્ટ્રીઝ એસો.ની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



(તસવીર : સૈયદ અમજદ, વાગરા)

(સંવાદદાતા દ્વારા) વાગરા, તા.૨૨

સાયખાં ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન વાર્ષિક સામાન્ય સભા અંકલેશ્વર ખાતે યોજાઈ હતી. જેમાં એસોસિએશનના હોદ્દેદારો અને સભ્યો જોડાયા હતા. ઈન્ડસ્ટ્રીઝના વિવિધ પ્રાણ પ્રશ્ને ચર્ચા કરવામાં આવી હતી. મિટિંગમાં વાગરા પી.આઈ. પણ ઉપસ્થિત રહી કાયદો વ્યવસ્થા જળવાઈ એ માટે ના જરૂરી સૂચનો કર્યા હતા. વાગરા તાલુકામાં આવેલ સાયખાં કેમીકલ ઝોનમાં અનેક વિધ કંપનીઓ સ્થપાઈને કાર્યરત થઈ છે. તો બીજી તરફ કેટલીયે કંપનીઓ આકાર લઈ રહી છે. આ બધા વચ્ચે સાયખાં કેમીકલ ઝોનમાં આવેલ કંપની સામે હજુ કેટલાયે પડકારો સામે છે. જેને કંપની સંચાલકો સામનો કરી રહ્યા છે. અંકલેશ્વર ખાતે યોજાયેલ સાયખાં ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભામાં ઈન્ડસ્ટ્રીઝને કનડગતા પ્રશ્નો જેમ કે રોડ- રસ્તા ડ્રેનેજ લાઈન, ઈલેક્ટ્રીસીટી, CETP નો ચાર્જ અને પ્રદુષણ જેવા વિવિધ મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. સાથે તેના નિવારણ માટે વહીવટી તંત્ર સાથે મળી કેવા પગલાં લીધા છે અને આગામી સમયમાં વિશેષ શું કરી શકાય એ બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઈન્ડસ્ટ્રીઝની મિટિંગમાં આસપાસના વાતાવરણને પ્રફુલ્લિત બનાવવા તેમજ વિસ્તારના લોકોનું આરોગ્ય સચવાઈ તેમજ તેમને રોજગારી મળી રહે અને તેમના જીવન ધોરણને ઊંચું લાવવા શું કરી શકાય તેના ઉપર પણ વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. વાર્ષિક સામાન્ય સભામાં ઈન્ડસ્ટ્રીઝ ના પ્રમુખ હરેશ ભુતા, ઉપ પ્રમુખ પ્રશાંત પટેલ, ઉપ પ્રમુખ સી.કેજીયાની, સેક્રેટરી જયેશ વિસાવાડીઆ, જોઈન્ટ સેક્રેટરી નટવર પટેલ અને દેવેન્દ્ર પટેલ તેમજ ટ્રેઝરર મીનકુ ગાંધી, કુંજ પટેલ, દુર્ગેશ કાબરા સહિત મોટી સંખ્યામાં એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લામાં હિટ એન્ડ રન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ લોકોના પરિવારજનોને બે લાખની સહાય અપાઈ

દાહોદ, તા.૨૨

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. આ નિમિતે જિલ્લા કલેકટર યોગેશ નિરગુડે અન્ય પદાધિકારીઓના હસ્તે દાહોદ જિલ્લામાં થયેલ હિટ એન્ડ રન દુર્ઘટના કેસમાં મૃત્યુ પામેલ મૃતકના પરિવારજનને રૂા.૨ લાખની આર્થિક સહાય આપવામાં આવી હતી.

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ખાંડણીયા ગામના વેડ ફળીયાના રહેવાસી પરષોત્તમ બુધાભાઈ બારીયા, ભાટવાડા ગામના ટોલ ફળીયા ખાતે રહેતા ચંચીબેન પારસીંગભાઈ કોળી, સેવાનીયા ગામના ડુંગરી ફળીયાના વતની મધુબેન બારીયા તેમજ દાહોદ તાલુકાના રોઝમ ગામના નિશાળ ફળીયા ખાતે રહેતા લક્ષ્મીબેન સુરેશભાઈ નળવાયા, રોઝમ ગામના હોળી ફળીયા ખાતે રહેતા રમીલાબેન જવસીંગભાઈ રાઠોડ અને લીમખેડા તાલુકાના દુધિયા ગામના કેવલ ફળીયાના રહેવાસી દીપભાઈ ગણેશભાઈ સલાનીયા તેમજ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કોઠંબા ગામમાં સદગુરૂ મંદિર પાછળ રહેતા રફીક સત્તારભાઈ શૈખને સરકાર દ્વારા તેઓના પરિવારજનના થયેલા મૃત્યુના વળતર રૂપે આ તમામને આર્થિક સહાય રૂપિયા ૨ લાખની સહાય આપવામાં આવી હતી.

# નડિયાદના નવાગામના સેવાભાવી યુવકે એક વર્ષમાં ૧૦૦થી વધુ દર્દીઓને ગાડીમાં નિ:શુલ્ક હોસ્પિટલ પહોંચાડ્યા




નડિયાદ, તા.૨૨

લોકોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવાની ઉત્તમ સેવા નડિયાદ તાલુકાના નવાગામના અલ્પેશ ભાઈ સોઢા છેલ્લા એક વર્ષથી કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૦૦ કરતા વધુ લોકોને સારવાર માટે વિના મૂલ્યે હોસ્પિટલમાં પોતાની ગાડીમાં લઈ ગયા છે. મળતી માહિતી મુજબ નવાગામમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતાં અલ્પેશ નટુભાઈ સોઢાને ઈકો કાર લાવ્યા બાદ બિમાર વ્યક્તિઓને ગાડીમાં નિ:શુલ્ક હોસ્પિટલમાં લઈ જવાની સેવા કરવાનો વિચાર આવ્યો હતો. એટલે કાર પાછળ કોઈપણ દવાખાનું નવાગામ, હાથજ, વાલ્લા, મરીડા, જાવોલ, પાલૈયા સહિત કલાક ફ્રી સેવાનું બેનર લગાવવામાં આવ્યું છે. આમ અંતરિયાળ ગામોમાં દર્દીઓને સારવાર અર્થે વિનામૂલ્યે હોસ્પિટલ સુધી પહોંચાડવાની સેવા પૂરી પાડવામાં આવે છે. ૧૦૮ની જેમ આસપાસના ગામોમાંથી દર્દી લઈ જવાનો કોલ આવે એટલે પોતાની કાર લઈને સ્થળ ઉપર પહોંચીને કારમાં દર્દીને બેસાડીને હોસ્પિટલ પહોંચાડવામાં આવે છે. સેવાભાવી અલ્પેશભાઈ કોઈપણ નાત, જાત, કે જ્ઞાતિના ભેદભાવ વિના દર્દીઓને નિ:શુલ્ક હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે. એક વર્ષમાં૧૦૦ ઉપરાંત દર્દીઓને સારવાર અર્થે તાત્કાલિક પહોંચાડવામાં આવ્યા છે. જેમાં થોડા દિવસો પહેલા હાથજ પાસે રાત્રે થયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્ત બાઈક ચાલકને હોસ્પિટલ પહોંચાડતાં તેઓનો જીવ બચી ગયો હતો. આ ઉપરાંત આ પંથકના ગ્રામ્ય વિસ્તારમાંથી મહિલા ડિલીવરીના વધુ કેસ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા છે. આ પંથકના રહીશોએ કાર માલિકની એક પાઈ પણ લીધા વિના દર્દીઓને સારવાર માટે દવાખાનામાં પહોંચાડવાની સેવાને બિરદાવી છે.

# પાલનપુરની રાજવી પ્રાથમિક વિદ્યાલયના નવીન મકાનનો સંગેબુનિયાદ કાર્યક્રમ યોજાયો





(તસવીર :- અક્ષર ચૌહાણ, પાલનપુર)

પાલનપુર, તા.૨૨

પાલનપુર નાની બજાર વિસ્તારમાં આવેલી રાજવી સ્કૂલના નવીન મકાનનો સંગેબુનિયાદ કાર્યક્રમ સંસદ સભ્ય ગેનીબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આન અને પ્રાર્થનાથી થઈ હતી. સ્વાગત પ્રવચન એ.જે. મોગલે કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત તમામ મહેમાનોનું પુષ્પમાળા તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં ગેનીબેન ઠાકોર, મૌલવી કુદુસ બાવાના હસ્તે આધારશિલા મૂકવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ખાસ હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થાના પ્રમુખ સૈયદ સમીઉલ્લાહએ સંસ્થા પરિચય સાથે સંસ્થાની સ્થાપનાનો ઉદ્દેશ સ્થાપનામાં પીરો મુર્શિદ હઝરત સૈયદ દાદજી બાવા તથા પીરો મુર્શિદ હઝરત સૈયદ આરીફ બાવાના યોગદાન તથા સંસ્થા માટે સહયોગ આપનાર તમામ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો તથા નવીન મકાનની રૂપરેખા શ્રોતાઓ સમક્ષ મૂકી હતી. નવીન મકાનને "હઝરત સૈયદ દાદજીમિયાં ઉર્ફે દાઉદ આલમ શૈક્ષણિક સંકુલ"ના નામાભિધાનની જાહેરાત કરી હતી. જેને તમામ શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. આ કાર્યક્રમમાં શાહનવાઝ શેખ (અમદાવાદ) ડો. સલીમ પટ્ટીવાલા, ડો. મેનન મેહતા, ભીખુભાઈ બિહારી, ભીખનખાન સિધી, ખુર્રમખાન બિહારી, ભીખનખાન લોહાણી, ઈસ્માઈલભાઈ શેરૂ, ડો. બિલાલ શેઠ, ડો. રિઝવાન લોઢિયા, પ્રો. એ.ટી. સિંધી, મહેમુદભાઈ એસ સૈયદ, રમેશભાઈ કોઠારી, અજીતખાન સિંધી, ઝાકીર ચૌહાણ, ડો. રફીક માસ્ટર, પરવેઝખાન સિંધી, યાસીનભાઈ ખોખર વગેરે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા મોટી સંખ્યામાં શહેરીજનોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સલાહકાર સમિતિના બાજીતખાન સિંધી, ફિરદોસખાન બિહારી, ડો. લુકમાન, અશરફખાન તુંવર, જહાંગીરખાન બિહારી, મુસ્તાકખાન સિંધી તથા આયોજન સમિતિના સદસ્ય અબરાર શેખ, સાહિલ કુરેશી, પરવેઝ સિંધી, ઉસમાનભાઈ વ્હોરા, સાજીદભાઈ બાબી, ઈરફાન બલુચ, જીબીરભાઈ સોલંકી તથા આશાબેન રાવલે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ કાર્યક્રમનું સંચાલન ઈરફાન મોગલે કર્યું હતું અને આભારવિધિ અશરફખાન તુંવરે કરી હતી. રાષ્ટ્રીય ગીત સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

### સુરત જિલ્લા પંચાયતની અનોખી પહેલ

# મત્સ્ય ઉછેર માટે જિલ્લાના ૭૫થી વધુ તળાવો ઈજારા પર અપાશે

સુરત, તા.૨૨

સુરત મત્સ્ય ઉદ્યોગ કચેરી દ્વારા જિલ્લા પંચાયતના ઉપક્રમે સુરત જિલ્લાના ૭૦ ગામોના ૭૫ થી વધુ નવા તળાવોને મત્સ્ય ઉછેર માટે ટેન્ડર પ્રક્રિયાથી ઈજારા પર અપાશે. આ પ્રક્રિયાને અંતે વર્ષોથી એમ જ ખાલી પડી રહેલા તળાવોમાંથી ગ્રામ પંચાયતને અંદાજિત રૂા.૧ કરોડથી વધુ આવક થશે. થોડા દિવસો અગાઉ જિલ્લા પંચાયત દ્વારા ઝુંબેશ રૂપે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તળાવોનો સર્વે કરાયો હતો. સર્વેમાં જિલ્લાના ૭૫ થી વધુ નવા તળાવો મત્સ્ય ઉછેર માટે અનુકુળ હોવાનું જણાયું હતું. હવે સરકારી ગાઈડલાઈન અનુસાર ટેન્ડરની પ્રક્રિયા શરૂ કરાશે. જેમાં ઓલપાડ તાલુકાના ૫૭, માંડવીના ૮, મહુવામાં ત્રણ, માંગરોળ અને પલસાણા તાલુકામાંથી ૩-૩ તળાવો, બારડોલીના ૨ અને કામરેજ તાલુકાના ૧ મળી કુલ ૭૫ થી વધુ તળાવોનો ટેન્ડર પ્રક્રિયાથી મત્સ્ય ઉછેર માટે ઈજારો આપવામાં આવશે.

# વડગામના ભરકાવાડા ગામે સંકલ્પ વૃક્ષ અભિયાન કાર્યક્રમ યોજાયો

છાપી,તા.૨૨

વડગામ તાલુકાના ભરકાવાડા ગામે આવેલ પ્રાથમિક શાળામાં સમગ્ર શિક્ષા સચિવ મહેશભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને સંકલ્પ વૃક્ષ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સચિવના હાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સંકલ્પ વૃક્ષ અભિયાન કાર્યક્રમ હેઠળ રાજયમાં ત્રણ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું. જયારે ભરકાવાડા ગામને રાજયના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં માધ્યમિક શાળાની મંજૂરી મળતા તેઓએ અભિનંદન પાઠવી તમામ મદદ કરવા આશ્વાસન આપ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. વી.એમ. પટેલ, એજ્યુકેશનલ ઈન્સ્પેકટર ગીતાબેન, બીઆરસી કો-ઓર્ડિનેટર ડો. મોંઘજીભાઈ પટેલ વડગામ, ભરતભાઈ સોલંકી, સીઆરસી કો-ઓર્ડિનેટર, શાળાના આચાર્ય તેમજ રઘજીભાઈ ચૌધરી સહિત વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**CHANGE OF NAME**

I have Changed my old Name from PATEL MEHRUNNISHA AIYUBBHAI To New Name PATEL MEHRUNNISHA AIYUB & I Will Be known as new Name which Please Note.

Address : 17, Al-Noor Bunglows, Dahegam Chokdi, Near Munshi School, Bharuch-392001

**જાહેર નોટિસ**

આથી અમો સહી કરનાર અને જાહેર નોટિસ આપનાર મુખ્ય પ્રયોજક શ્રી હરદત્તસિંહ જયદેવસિંહ જાદવ, રહે. ૯૧ બી, ઈશાન ૩ પ્રહલાદનગર નગર પાસે, વેજલપુર અમદાવાદ જણાવીએ છીએ કે અમોએ ( સૂચિત ) જાદવ બ્રધર્સ ક્રેડિટ એન્ડ સપ્લાય કો - ઓ. સો. લિ. ઠે . ૩૯/૧, કોળી વાસ, આકરૂ-૨, મું. આકરૂ, તા. ધંધુકા, જી. અમદાવાદની નોધણી અંગેની પ્રક્રિયા શરૂ કરેલ છે અને સૂચિત સોસાયટી ( મંડળી )નું કાર્યક્ષેત્ર સમગ્ર અમદાવાદ જિલ્લો (અમદાવાદ ગ્રામ્ય તથા શહેર કોર્પોરેશન વિસ્તાર સહિત) કરવા કાર્યવાહી કરેલ છે. જેમાં કોઈ સંસ્થા, વ્યક્તિ, કંપની અથવા કોઈ પણને વાંધો કે વિરોધ હોય તો દિન-૭ માં નીચેના સરનામે અથવા જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ) અમદાવાદની કચેરી ૭મો માળ, એ વિંગ, બહુમાળી ભવન-૧, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે જાણ કરવી.

સરનામું : ( સૂચિત ) જાદવ બ્રધર્સ ક્રેડિટ એન્ડ સપ્લાય કો - ઓ. સો. લિ. ઠે . ૩૯/૧, કોળી વાસ, આકરૂ-૨, મું. આકરૂ, તા. ધંધુકા, જી. અમદાવાદ

**જાહેર નોટિસ**

આથી અમો સહી કરનાર અને જાહેર નોટિસ આપનાર મુખ્ય પ્રયોજક શ્રી વીરૂભાઈ કાનાભાઈ અલગોતર, રહે. ૪, પાર્થ ફ્લેટ, પ્રેરણાતીર્થ દેરાસર, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ જણાવીએ છીએ કે અમોએ ( સૂચિત ) મંગલ નવકાર મહેક બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. ઠે. શ્રી ગોપાલ સંસ્કાર મહેક ટ્રસ્ટ, ગોપાલ આવાસ, રોઝવુડ ટાવર, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદની નોધણી અંગેની પ્રક્રિયા શરૂ કરેલ છે અને સૂચિત સોસાયટી ( મંડળી ) નું કાર્યક્ષેત્ર સમગ્ર અમદાવાદ જિલ્લો (અમદાવાદ ગ્રામ્ય તથા શહેર કોર્પોરેશન વિસ્તાર સહિત) કરવા કાર્યવાહી કરેલ છે. જેમાં કોઈ સંસ્થા, વ્યક્તિ, કંપની અથવા કોઈ પણને વાંધો કે વિરોધ હોય તો દિન-૭ માં નીચેના સરનામે અથવા જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. ( શહેર ) અમદાવાદની કચેરી ખેડૂત સભા હોલ પ્રથમ માળ ચીમનભાઈ પટેલ માર્કેટ વાસણા APMC વાસણા અમદાવાદ ખાતે જાણ કરવી.

સરનામું : ( સૂચિત ) મંગલ નવકાર મહેક બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. ઠે. શ્રી ગોપાલ સંસ્કાર મહેક ટ્રસ્ટ, ગોપાલ આવાસ, રોઝવુડ ટાવર, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અને સબ ડિસ્ટ્રીક્ટ આણંદ, મોજે ગામ મોગરીની સીમના રે.સ.નં.૨૫૨/પૈકી,ખાતા નં.૧૦૩૭, હેક.૦.૪૪.૦૦ આરે, રે.સ.નં.૨૪૯/૨, ખાતા નં.૧૦૩૭, હેક.૦.૧૯.૦૩ ગુંઠા તથા રે.સ.નં.૨૩૯/૨, ખાતા નં.૧૨૨૧, હેક.૦.૨૧.૪૧ આરેવાળી ખેતીલાયક જમીન અમારા અસીલ તુષારભાઈ નવનીતભાઈ પટેલ, રહે, મોગરી, ઠે.ગાડીયા સેરી, પંચાયત પાસે, તા.જિ. આણંદનાઓની સ્વતંત્ર માલિકીની આવેલ છે. જેથી સદર જમીનોના ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટની અમારા અસીલે અમારી પાસે માગણી કરેલ છે. જેથી સદર જમીનો ઉપર કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હિસ્સો, ગીરો હક્ક, ભરણપોષણનો હક્ક, બાનાખત, ગણોત હક્ક, લીયન હક્ક કે ઈઝમેન્ટનો રાઈટ હોય કે કોર્ટ કચેરીમાં દાવો ચાલતો હોઈ, અવલજપ્તી કે મનાઈ હોઈ કે કોઈપણ કો.ઓ.મંડળી કે બેંક કે રાષ્ટ્રીયકૃત બેંકના બોજામાં કે તારણમાં હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩માં અમોને નીચેના સરનામે જરૂરી પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદર જમીનો ઉપર કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, ગીરો હક્ક, ભરણપોષણનો હક્ક, બાનાખત, ગણોત હક્ક, લીયન હક્ક, ધિરાણ, બોજો કે તારણ નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો સદર જમીનો અંગે ટાઈટલ ક્લિયરનસ સર્ટી આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે દાવો ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેવી.

તા. : ૨૧/૦૯/૨૦૨૪

સ્થળ : આણંદ

મારી મારફતે

SAEED M.MALEK

(B.A., L.L.B.) Advocate, (Gujarat High Court),

Office : 1/D, dNest Cube Complex, First Floor, Near Collector Office,

New Jilla Seva Sadan, Ganesh Chokdi,

At- Anand, Ta. & Dist-Anand-388001

# યુપીમાં અપરાધ; વધુ એક ટ્રેન ઊથલાવવાનું ષડયંત્ર : કાનપુર-પ્રયાગરાજ રૂટ પર રેલવેના પાટા ઉપર LPG સિલિન્ડર ગોઠવેલા મળ્યા

**આ મહિને અગાઉ પણ પ્રયાગરાજ અને ભીવાની રૂપ પરની કાલિન્દી એક્સપ્રેસ એલપીજી સિલિન્ડર સાથે ટકરાઈ હતી અને મોટી હોનારત સર્જાતા રહી ગઈ હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

દેશમાં રેલવે ટ્રેનો ઉથલાવી દેવાના મોટા પયે કાવતરા થઈ રહ્યા હોવાથી શંકા વધુ મજબૂત બનાવતી એક વધુ ઘટના બની છે. રવિવારે સવારે ઉત્તર પ્રદેશમાં રેલવેના પાટા પર પ્રેમપુર સ્ટેશન નજીક એલપીજી ગેસના બાટલા મૂકીને એક માલવાહક ટ્રેન ઉથલાવી દેવાનું પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે પરંતુ ટ્રેનના ચાલકે સમય સૂચકતા વાપરી ઈમરજન્સી બ્રેક લગાવી દેતા ટ્રેન ઉથલી પડતી રહી ગઈ હતી તેમ રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું.

આ માલ વાહક ટ્રેન કાનપુરથી પ્રયાગરાજ તરફ જઈ રહી હતી. ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાટા પરથી એલપીજી સિલિન્ડર દૂર કર્યું હતું અને તપાસ શરૂ કરી હતી. આવી રીતે ટ્રેનો ઉથલાવી દેવાના આ મહિને વારંવાર પ્રયાસો થતા રેલવેની મુસાફરીની સુરક્ષા અંગે ગંભીર ચિંતાઓ લોકોના મનમાં ઊભી થવા પામી છે. રવિવારે માલવાહક ટ્રેન કાનપુરથી પ્રયાગરાજ જય રહી હતી ત્યારે રેલવે પાટા પર વચ્ચે એલપીજી ગેસ સિલિન્ડર જોવા મળતા ડ્રાઈવર એ તાત્કાલિક બ્રેક મારીને ટ્રેન અટકાવી દીધી હતી વહેલી સવારે ૦૫:૫૦:૦૦ વાગ્યાના પ્રેમપુર સ્ટેશન પાસે આ ઘટના બની હતી. રેલવેના વર્ક ઈન્સ્પેક્ટર તથા સુરક્ષા ટીમ અને અન્ય ટીમના અધિકારીઓએ સિલિન્ડર અને તપાસીને તેને પાટા પરથી દૂર કર્યું હતું. બાદ જણાવ્યું હતું કે આ સિલિન્ડર પાંચ



લિટરનું હતું પણ તે ખાલી હતું નોર્થ સેન્ટ્રલ રેલવે દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

આ મહિને અગાઉ પણ આવી ઘટના બની છે ત્યારે પ્રયાગરાજથી ભીવાની જતી કાલિન્દી એક્સપ્રેસ પાટા પર મૂકી દેવાયેલા એલપીજી સિલિન્ડર સાથે અથડાવી પડી હતી અને મોટી ટ્રેન હોનારત સર્જાતા રહી ગઈ હતી. એક સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રેલવેના પાટા પર એલપીજી ગેસ સિલિન્ડર મૂકીને કાલિન્દી એક્સપ્રેસ ઉથલાવી દેવાનું ષડયંત્ર ઘડાયું હતું. તે વખતે ઘટનાની જાણ થતાં જ વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો. ફોરેન્સિક ટીમો દ્વારા પણ તપાસ કરવામાં આવી હતી. અત્યારે રેલવે સુરક્ષા દળ તપાસ ચલાવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે પાટા પર કોઈ ચીજ જોઈને લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવી દીધી હતી અને સિલિન્ડર પાસે આવીને એન્જિન અટકી ગયું હતું અને અથળાતા રહી ગયું હતું એક પેટ્રોલ ભરેલો કાકડો પણ ત્યાંથી મળી આવ્યો હતો.

ગત ૧૭મી ઓગસ્ટે કાનપુર નજીક વારાણસીથી અમદાવાદ જતી સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના ૨૨ ડબ્બા ખડી પડ્યા હતા. આવી જ રીતે પાટા પર એન્જિન એક પથ્થર સાથે ટકરાયું હતું જેના કારણે આ હોનારત સર્જાઈ હતી. ગયા સપ્તાહે બીલાસપુર રોડ અને રૂદ્રપુર શહેર વચ્ચે રેલવેના પાટા પરથી ૬ મીટર લાંબો લોખંડનો એક સળીયો મળી આવ્યો હતો એ પણ ટ્રેન ઉથલાવી દેવાનું કાવતરૂ હોવાનું પોલીસ અને રેલવે તંત્ર માને છે એ વખતે પણ લોકો પાયલોટે ઈમજરન્સી બ્રેક મારીને ટ્રેન પાટા પરથી ઉતરી જતી બચાવી લીધી હતી.

# શું સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને વધુ પડતાં નિવેદનો કરતાં રોકી શકશે ?

**તેની માર્ગદર્શિકા પ્રકૃતિમાં સલાહકારી છે પણ અમલમાં મૂકવી મુશ્કેલ છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશની અણગમતી ટિપ્પણી અંગે ટીકા કરતાં અયોગ્ય નિવેદનો આપતા ન્યાયાધીશો માટે સંયમ સીમાઓ રાખવાનો સર્વોચ્ચ અદાલતનો પ્રયાસ કદાચ ઈચ્છિત અસર નહીં કરી શકે કારણ કે, તેના ઉલ્લંઘનથી કોઈ ગંભીર પરિણામો આવશે નહીં.

હિપ્પી હેલેટ ઉર્ફે સર હ્યુ ઈમ્બર્ટપેરિયમ હેલેટ એક અંગ્રેજ એટર્ની હતા જેમણે કાયદાના તેમના જ્ઞાનથી બધાને પ્રભાવિત કર્યા હતા. તેઓ ૧૯૩૯માં ન્યાયાધીશ તરીકે નિમણૂક પામ્યા હતા. વિવાદોના મૂળ સુધી પહોંચવા માટે તેઓ સતત દલીલ કરતા વકીલને પ્રશ્નો પૂછતા અને અવરોધ ઊભો કરતા હતા, ઘણીવાર તેઓ કેસને સુસંગત રીતે રજૂ કરવામાં નિષ્ફળ જતા હતા. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા શ્રેષ્ઠ રીતે સાવચેતી રાખી શકે છે અથવા કોર્ટરૂમમાં સલાહકારી આચારસંહિતાનો ભંગ કરવા બદલ હાઈકોર્ટ ન્યાયાધીશને સલાહ આપી શકે છે પણ શું આ માર્ગદર્શિકા સેમિનાર અથવા પરિષદોમાં હાઈકોર્ટ ન્યાયાધીશના ભાષણ પર લાગુ થશે ? કદાચ નહીં. તાજેતરમાં એક ન્યાયાધીશે, ચોક્કસ યોગ ગુરૂના વર્તનથી નારાજ થઈને ‘અમે તમને ફાડી નાખીશું’ એવી ટિપ્પણી કરી હતી. શું સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશને ઘડવામાં આવનાર આ માર્ગદર્શિકા લાગુ થશે ?

જો ન્યાયાધીશ વારંવાર કોર્ટરૂમ અવલોકનો માટેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરે છે અને અતાર્કિક વધુ પડતું બોલવાનું ચાલુ રાખે છે તો શું તેને ગેરવર્તણૂક અથવા અસમર્થતા તરીકે ગણી શકાય કે છે ?

બંધારણની કલમ ૧૨૪(૪) હેઠળ સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયાધીશને હટાવવાની ભલામણ કરવા માટે CJI હેઠળ ન્યાયાધીશોની એક પેનલની આગેવાની હેઠળ તપાસ થવી જોઈએ જેણે સંબંધિત ન્યાયાધીશની ગેરવર્તણૂક અથવા અસમર્થતા સાબિત કરતો અહેવાલ



આપવો પડશે અને ભલામણ કરવી પડશે. આવો અહેવાલ પ્રાપ્ત થવા પર CJIએ સંસદમાં કલમ ૧૨૪(૪) હેઠળ હટાવવાની દરખાસ્ત શરૂ કરવા માટે તેને સરકારને આગળ મોકલવાનું નક્કી કરવું પડશે, જે દરખાસ્તને દરેક ગૃહમાં હાજર રહેલા અને મતદાન કરવા માટેના બે તૃતીયાંશ સભ્યોનું સમર્થન પ્રાપ્ત કરવું આવશ્યક છે. શું સુપ્રીમ કોર્ટ અને CJI બંને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશો સામે આ પ્રકારની કડક કાર્યવાહી કરવા તૈયાર છે ? દેશમાં ૧૦૦૦થી વધુ હાઈકોર્ટના જજો છે. શું સોશિયલ મીડિયા અતિશય બોલતા ન્યાયાધીશો અથવા સંબંધિત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સામે પગલાં લેવા માટે કોઈ માર્ગદર્શક પ્રથા અમલમાં મૂકવામાં આવશે ? જો કોઈ બંધારણીય પદ ધારક પોતાના પદ સાથે જોડાયેલી ગરિમાને સમજી શકતો નથી તો કોઈપણ માર્ગદર્શિકા તેમના નિવેદનોમાં વિવેક અથવા સંતુલન લાવવામાં મદદ કરશે નહીં.

# મમતાનો પીએમને પત્ર; બંગાળની પૂર પરિસ્થિતિ અંગે મારી સરકારની સલાહ લેવામાં આવી નથી

**બંગાળમાં સીએમનો દાવો છે કે રાજ્ય સરકારને જાણ કર્યા વિના પાણી છોડવામાં આવે છે અને મારી સરકારના અભિપ્રાયને માન આપવામાં આવતું નથી**

(એજન્સી) કોલકાતા, તા.૨૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળની પૂર પરિસ્થિતિ અંગે ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવ્યો છે અને જણાવ્યું છે કે મારી સરકારની સલાહ લીધા વિના કે જાણ કર્યા વિના દામોદર વેલી કોર્પોરેશન દ્વારા પાણી છોડવામાં આવ્યું હતું જેના કારણે અનેક જિલ્લાઓ જળબંબાકાર થઈ ગયા છે. બેનર્જીના પીએમ પરના અગાઉના પત્રના સંદર્ભમાં કેન્દ્રના જળ શક્તિ મંત્રી સી આર પાટીલે એવું કહ્યું હતું કે ડીવીસીના ડેમોમાંથી જ્યારે પણ પાણી છોડવામાં આવવાનું હોય ત્યારે દરેક તબક્કે રાજ્યના અધિકારીઓને માહિતગાર કરવામાં આવે છે અને કોઈપણ મોટી આફત રોકવા માટેએ જરૂરી પણ છે. મમતા બેનર્જીએ બીજા પત્રમાં જણાવ્યું હતું કે માનનીય મંત્રી નો એવો દાવો છે કે ડીવીસીના ડેમોમાંથી પાણી છોડતી વખતે અથવા એ પહેલા રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સાથે મસલતો કર્યા બાદ અને સરકારના સહયોગથી અને સર્વ સંમતિથી પાણી છોડવામાં આવ્યું છે પણ હું વિવેક પૂર્વક તેમની સાથે અસમતિ વ્યક્ત કરૂં છું. તેમણે કહ્યું હતું કે આવા તમામ નિર્ણય કેન્દ્રીય જળપંચ તેમજ શક્તિ મંત્રાલય અને ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને પૂછ્યા વિના અને મતલબ કર્યા વિના એક તરફી રીતે લેવામાં આવે છે. તેમણે એવો દાવો કર્યો હતો કે ક્યારેક તો રાજ્ય સરકારને જાણ કર્યા વિના પાણી છોડી દેવાતું હોય છે અને અમારા મંતવ્યોને માન આપવામાં આવતું નથી. માત્ર સાડા ત્રણ કલાક પહેલા ટૂંકી મુદતમાં જાણ કરવામાં આવે છે અને ડેમોમાંથી લાંબા સમયગાળા માટે પાણી છોડવામાં આવે છે. જે આફત નિયમન અને જળબંબાકાર રોકવા માટેનો અપૂરતો સમય છે. નવ કલાક પાણી છોડવામાં આવે અને ત્રણ



કલાક પહેલા જાણ કરવામાં આવે છે એટલે જળબંબાકારથી બચવા માટે એટલો સમય પૂરતો થઈ ન પડે. ૨૦ મી સપ્ટેમ્બરના પીએમ પરના પત્રમાં મમતાએ દાવો કર્યો હતો કે આવી રીતે ડેમમાંથી પાણી છોડી દેવાને કારણે પૂરની સ્થિતિ સર્જાય છે તેનાથી ૫૦ લાખ લોકોને અસર થઈ છે. જે વ્યાપક નુકસાન થયું છે તેની ઝડપાઈ માટે અને લોકોની મદદ માટે કેન્દ્રીય ફંડમાંથી તાત્કાલિક નાણાકીય સહાય કરવા તેમણે પીએમને અનુરોધ કર્યો હતો. જળ શક્તિ મંત્રી પાટીલે મુખ્યમંત્રીની ચિંતાઓ અંગે જણાવ્યું હતું કે પાણી નિકાલનું દામોદર વેલી નિયમન સમિતિ કરતી હોય છે અને કેન્દ્રના જળપંચ તેમજ પશ્ચિમ બંગાળ અને ઝારખંડ અને ડીવીસીના તમામ પતિ નિધિઓ સાથે મળીને નિર્ણય લેતા હોય છે. તેમણે દાવો કર્યો હતો કે ૧૪ અને ૧૭ સપ્ટેમ્બરે બે ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું પણ મુખ્યમંત્રીની વિનંતીને માન આપીને અને ભારે વરસાદ થઈ રહ્યો હોવાથી પાણી છોડવામાં ૫૦% કાપ મૂકી દેવામાં આવ્યો હતો.

# મને ભ્રષ્ટાચારી સાબિત કરવાનું વડાપ્રધાનનું કાવતરૂં, અરવિંદ કેજરીવાલનો મોટો આક્ષેપ

**દિલ્હીમાં રવિવારે જંતર મંતર ખાતે જનતા કી અદાલત કાર્યક્રમમાં બોલતા કેજરીવાલે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મને અને આપના નેતા મનીષ સિસોદિયાને ભ્રષ્ટાચારી પુરવાર કરવા માટેનું કાવતરૂં કર્યું છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

આમ આદમી પાર્ટીના સર્વોચ્ચ નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે મને ભ્રષ્ટાચારી પુરવાર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાવતરૂં કર્યું હતું. દિલ્હીમાં રવિવારે જંતર મંતર ખાતે જનતા કી અદાલત કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું હતું કે મને અને આપના નેતા મનીષ સિસોદિયાને ભ્રષ્ટ સાબિત કરવા માટેનું આખું કાવતરૂં નરેન્દ્ર મોદીએ ઘડી કાઢ્યું છે. અમારી પ્રતિષ્ઠા ખરડી નાખવાનો વડાપ્રધાને પ્રયાસ કર્યો છે. કેજરીવાલે કહ્યું હતું કે હું છેલ્લા દસ વર્ષથી પ્રમાણિકતા સાથે દિલ્હીની સરકાર ચલાવી રહ્યો હતો અને વડાપ્રધાનને એવું લાગ્યું કે મારી સામે જો કોઈ લડાઈ જીતવી હોય તો મારી પ્રમાણિકતા પર આક્રમણ કરવું એ જ એકમાત્ર માર્ગ છે. હું હોદ્દાનો કે મુખ્યમંત્રી પદનો ભૂખ્યો નથી એટલે મેં રાજીનામું આપી દીધું છે. હું અહીં નાણા કમાવવા આવ્યો નથી પણ દેશના રાજકારણમાં પરિવર્તન લાવવા માટે આવ્યો છું. આપના સર્વે કહ્યું હતું કે હું થોડા દિવસોમાં જ સીએમ આવાસ છોડી દઈશ પણ હું દસ વર્ષ મુખ્યમંત્રી રહ્યા છતાં દિલ્હીમાં મારી પાસે મારો પોતાનું મકાન નથી. હું જાડી ચામડીનો નથી એટલે ભાજપ મને ટ્રસ્ટ કહે છે ત્યારે મને દુઃખ થાય છે અને મારે ખૂબ જ પીડા અનુભવી પડે છે. તેમણે સવાલ કર્યો હતો કે જો કેન્દ્રીય અપ્રમાણિક હોય તો દિલ્હીને મફત વીજળી મળે ? જો કેજરીવાલ



અપ્રમાણિક હોય તો મહિલાઓને બસમાં નિશુલ્ક મુસાફરી કરવાની મળે ? જો હું અપ્રમાણિક હોવું તો બાળકો માટે સારી શાળાઓ બની શકી હોત ? જો કેજરીવાલ અપ્રમાણિક હોત તો હોસ્પિટલમાં સારવાર મફત મળતી હોત ? ભાજપ ૨૨ રાજ્યોમાં સત્તા પર છે અને એક પણ રાજ્યમાં મહિલાઓને મફત બસ મુસાફરીની સુવિધા નથી કે મફત વીજળી આપવામાં આવતી નથી. તેમણે સવાલ કર્યો હતો કે શું કેજરીવાલ ચોર છે કે કેજરીવાલને જેલમાં મોકલનારા બધા ચોર છે ?

### રિઝવાન કાદરીએ સોનિયા ગાંધીને લખ્યો પત્ર

# નહેરૂના પત્રો PM મ્યુઝિયમને સોંપો, જેથી ગાંધી-નહેરૂ-પટેલના ઈતિહાસ વિશે જાણવું વધુ સરળ બનશે

**મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરૂ અને સરદાર પટેલના ઈતિહાસ વિશે લોકોને જાણવાનું સરળ બનશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

PMML સોસાયટીના સભ્ય અને જાણીતા ઈતિહાસકાર રિઝવાન કાદરીએ, સોનિયા ગાંધીને પત્ર લખીને પંડિત જવાહર લાલ નેહરુના પત્રો મ્યુઝિયમને સોંપવાની માંગ કરી છે. કાદરીએ પોતાના પત્રમાં લખ્યું છે કે આનાથી ઈતિહાસ જાણવામાં સરળતા રહેશે. તે પત્રને ડિજિટાઈઝેશન અથવા કોપી કર્યા પછી પરત કરશે. તેમણે પત્રમાં લખ્યું છે કે, પંડિત જવાહરલાલ નેહરુએ તેમના યોગદાનના ઘણા મહત્વપૂર્ણ રેકોર્ડ્સ છોડી દીધા છે, જે સદભાગ્યે ‘નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરી’ માટે સચવાયેલા છે. તેમણે આગળ લખ્યું કે, તાજેતરમાં જ ખબર પડી તો મને કહેવામાં આવ્યું કે આમાંથી મોટા ભાગના રેકોર્ડ વડાપ્રધાનના મ્યુઝિયમ અને લાઈબ્રેરીમાં રાખવામાં આવ્યા છે. મને એમ પણ કહેવામાં આવ્યું હતું કે તમારી (સોનિયા ગાંધી) ઓફિસ દ્વારા કેટલાક રેકોર્ડ લેવામાં આવ્યા છે. કારણ કે તમે પરિવારના પ્રતિનિધિ અને દાતા હતા. મને વિશ્વાસ છે કે આ અમૂલ્ય દસ્તાવેજોને સુરક્ષિત રાખવા માટે આ સદ્ભાવનાથી કરવામાં આવ્યું હતું. જો કે, આ રેકોર્ડ સુલભ રહે તેની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે. પોતાની વાતના અનુસંધાને રિઝવાન કાદરીએ પત્રમાં વધુ લખી જણાવ્યું છે કે, ‘તમે સંમત થશો કે પંડિત જવાહરલાલ નેહરુજી કોઈપણ રાજકીય પ્રભાવથી મુક્ત તેમના યોગદાન પર નિષ્પક્ષ સંશોધનને પાત્ર છે. તેથી, કોઈપણ એકમાં આ રેકોર્ડની ઍક્સેસ માટે તમારી પરવાનગીની જરૂર છે. રિઝવાન કાદરીએ આગળ લખી અને કેટલીક પદ્ધતિઓ વિગતવાર સમજાવી. દસ્તાવેજો સ્કેનિંગ કરાશે

(૧) હું આ દસ્તાવેજોને મારા બે સક્ષમ સાથીદારોની



મદદથી સ્કેન કરવાનો પ્રસ્તાવ મૂકું છું. આમ કરવાથી ખાતરી કરશે કે દસ્તાવેજો ખૂબ કાળજીપૂર્વક અને કાર્યક્ષમતા સાથે નિયંત્રિત કરવામાં આવશે.

(૨) નકલો પ્રદાન કરવી, સ્કેન કરેલા દસ્તાવેજોની નકલો પ્રદાન કરવી. પીએમ મ્યુઝિયમ અને લાઈબ્રેરી સોસાયટી એ સુનિશ્ચિત કરે છે કે તેઓ ભવિષ્યના સંશોધન માટે સચવાય અને સુલભ હોય. વૈકલ્પિક રીતે, સ્કેન કર્યા પછી, PMMLS દસ્તાવેજ પરત કરી શકે છે. તેઓ વ્યાપક જનતા અને વિદ્વાનો સુધી પહોંચવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. હું તેમને ડિજિટાઈઝ કરવા અને તેમના ઘટનાક્રમને સુનિશ્ચિત કરવાનો ખર્ચ ઉઠાવવા તૈયાર છું. પ્રાઈમ મિનિસ્ટર્સ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી સોસાયટીના સભ્ય અને અરાજકીય ઈતિહાસકાર તરીકે હું આ વ્યક્તિત્વોના અભ્યાસ માટે ઊંડો પ્રતિબદ્ધ છું. મારો એકમાત્ર ઉદ્દેશ્ય મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુજી અને સરદાર પટેલનો સાચા વૈજ્ઞાનિકઢબે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવાનો છે.

# મણિપુરને શા માટે ‘અફઘાનિસ્તાન માર્ગ’ પર લઈ જવામાં આવે છે : કોંગ્રેસના સાંસદનો કેન્દ્રને પ્રશ્ન

**એ. બિમોલ અકોઈજામે અમિત શાહના એ નિવેદનને ફગાવી દીધું હતું કે, તાજેતરની હિંસાના ત્રણ દિવસ પહેલાં રાજ્યમાં એકંદર પરિસ્થિતિ શાંત હતી**

(એજન્સી) તા.૨૨

મણિપુરમાં લાંબી કટોકટી વચ્ચે કોંગ્રેસના સાંસદ એ. બિમોલ અકોઈજામે કેન્દ્રની નિષ્ક્રિયતા પર તીક્ષ્ણ પ્રશ્નો ઊઠાવ્યા છે અને સૂચન કર્યું કે, જો આવી સ્થિતિ ઉત્તરપ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં બની હોત તો તેના પર ધ્યાન આપવામાં આવ્યું હોત. અકોઈજામે મણિપુરની પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે કેન્દ્રની આકરી ટીકા કરી, પૂછ્યું કે શા માટે ભારત સરકાર ઉત્તરપૂર્વીય રાજ્યને અફઘાનિસ્તાન જેવું બનવા દે છે. મણિપુરમાં ૬૦,૦૦૦ સૈનિકો તૈનાત હોવાથી કેન્દ્ર સરકારે આ કટોકટીને આટલા લાંબા સમય સુધી ચાલુ રહેતા અટકાવવી જોઈતી હતી.

મણિપુરમાં ૩ મે, ૨૦૨૨ના રોજ વંશીય હિંસા ફાટી નીકળી હતી, જેમાં બહુમતી મેઈતેઈ સમુદાય દ્વારા અનુસૂચિત જનજાતિનો દરજ્જો મેળવવાના દબાણના વિરોધમાં પહાડી જિલ્લાઓમાં આદિવાસી એકતા કૂચ કરવામાં આવી હતી. ત્યારથી આ હિંસામાં ૨૨૦થી વધુ લોકોના જીવ ગયા છે, જેમાં કુકી અને મેઈતેઈ સમુદાયના સભ્યો તેમજ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ધારાસભ્યો અને મંત્રીઓને કહેવું જોઈતું હતું કે, ‘ભારતમાં આવું ન થવું જોઈએ. મણિપુર કોઈ બનાના રિપબ્લિકનો ભાગ નથી. મણિપુરમાં કેટલાક કુકી જૂથોના પ્રતિનિધિઓએ ગયા મહિને પુડુચેરીની જેમ વિધાનસભા સાથે કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની માંગ કરી હતી અને કહ્યું હતું કે, તે આ સંઘર્ષમાંથી બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો છે. મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેનસિંહે આ માંગને ભારપૂર્વક નકારી કાઢી છે.

લોકસભામાં આંતરિક મણિપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા અકોઈજામે જણાવ્યું હતું કે, તેઓ જવાબદારીમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ શકતા નથી. ભારત સરકાર આ કટોકટી માટે સંપૂર્ણપણે જવાબદાર છે. તેમણે રાજ્યની બગડતી પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને અફઘાનિસ્તાનનું ઉદાહરણ ટાંક્યું હતું. જ્યારે તેઓને પૂછવામાં આવ્યું કે, શું તેમને લાગે છે કે, મણિપુર અફઘાનિસ્તાનના માર્ગે જઈ રહ્યું છે, તો કોંગ્રેસના સાંસદે કહ્યું કે, ભારત સરકાર આવું થવા માટે મંજૂરી આપી રહી છે. તેથી પ્રશ્ન એ છે કે, મણિપુર અફઘાનિસ્તાનના માર્ગે જઈ રહ્યું છે કે કેમ તે પૂછવાને બદલે આપણે પૂછવું જોઈએ કે શા માટે ભારત



સરકાર મણિપુરને અફઘાનિસ્તાનની જેમ બનાના રિપબ્લિક બનવાની મંજૂરી આપી રહી છે.

અકોઈજામે આરોપ લગાવ્યો હતો કે, મણિપુરને અસ્થિર કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે આ કટોકટી અંગે સિંઘના અસંગત નિવેદનોની વધુ ટીકા કરી અને કહ્યું કે, તેમના નિવેદનો પરિસ્થિતિને સ્પષ્ટ કરવાને બદલે વિરોધાભાસી અને મૂંઝવણભર્યા છે. શરૂઆતથી તેઓ આવા નિવેદનો કરતાં આવ્યા છે. કેટલીકવાર દાવો કરવામાં આવે છે કે, તેમાં નાર્કો-ટેરરિઝમ સામેલ છે, બીજી વખત એવું જણાવે છે કે, તેમાં વિદેશી તત્ત્વો છે. જ્યારે રાજ્યની સંસ્થાઓ પરનો વિશ્વાસ ઘટી જાય છે, ત્યારે તે રાજ્યની કાયદેસરતા પર સવાલ ઊઠાવે છે. અકોઈજામે ગૃહપ્રધાન અમિત શાહના એવા નિવેદનને પણ ફગાવી દીધું હતું કે, તાજેતરની હિંસાના ત્રણ દિવસ પહેલા મણિપુરમાં એકંદર પરિસ્થિતિ શાંત હતી. સરકારના આવા નિવેદનો સ્પષ્ટતાને બદલે મૂંઝવણ પેદા કરે છે. અકોઈજામે કહ્યું કે, જ્યારે સુરક્ષાની ચિંતાઓ હતી, ત્યારે એ સ્વીકારવાની જરૂર હતી કે અમુક સશસ્ત્ર જૂથોએ હિંસા આચરી હતી અને નાગરિકો પણ સશસ્ત્ર હતા. આવું પહેલાં ક્યારેય બન્યું નથી અને એક સમુદાય અથવા બીજાને દોષી ઠેરવવાથી મામલો વધુ જટિલ બને છે. મણિપુરમાં પરિસ્થિતિ સતત તંગ બની રહી છે, કેન્દ્ર સરકાર તરફથી પ્રતિસાદની માગણીઓ વધી રહી છે અને હિસ્સેદારોએ આ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા અને ભાવિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

### તળાજા ખાતે હીરા ખરીદી કરવાનું જણાવી કારમાં લઈ ગયા હતા

# ભાવનગરના હીરા દલાલની હત્યા કરી લાશને બાબરાના ધરાઈ ગામે સળગાવવાનો પ્રયાસ

## લાશને સળગાવી પુરાવાનો નાશ કરવાની કોશિશ કરતા ઘટના સ્થળે જ ત્રણ શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા


(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી તા.૨૨

ભાવનગરના હીરા દલાલને તળાજા ખાતે હીરા ખરીદી કરવા અંગેનું જણાવી ત્રણ શખ્સો તેને કારમાં લઈ ગયા હતા અને બાદમાં આ હીરા દલાલની હત્યા કરી તેની લાશ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામે આવી લાશને સળગાવી પુરાવાનો નાશ કરવાની કોશિશ કરતા લાશ નજીકથી ત્રણ શખ્સઓ પોલીસના રંગેહાથ ઝડપાઈ ગયેલા હતા બાબરાના ધરાઈ ગામ પાસેથી જી.આર.ડી જવાનોને એક શંકાસપદ કાર નીકળતા જોતા તેની જાણ અમરેલી જિલ્લા પેટ્રોલિંગ કરતી પોલીસને કરવામાં આવતા આ સનનીખેજ હત્યાની વિગતો ખુલવા પામી હતી. પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરમાં રહેતા અને હીરા દલાલીનું કામ કરતા ધીરૂભાઈ રાઠોડ નામના આધેડ શખ્સને જ્વેલર્સ સર્કલ પાસેથી ત્રણ શખ્સોએ કારમાં આવી ધીરૂભાઈને તળાજા ખાતે હીરાની ખરીદી કરવા અંગેનું જણાવી કારમાં બેસાડી લઈ ગયા બાદ તેની આ ત્રણ શખ્સોએ હત્યા નિપજાવી નાખી હતી અને બાદમાં આ લાશને પુરાવાનો નાશ કરવા ભાવનગરથી સો કિલોમીટરથી વધુ દૂર અમરેલી જિલ્લાના બાબરા પંથકના ધરાઈ ગામ પાસે આ ત્રણ શખ્સો આ લાશને ડીઝલ અથવા કોઈ વસ્તુથી સળગાવી લાશને પુરાવાનો નાશ કરતા હતા આ અંગે આ ત્રણેય શખ્સોની કારને જીઆરડી જવાન જોઈ જતા તેની જાણ અમરેલી જિલ્લા પોલીસને કરવામાં આવતા પેટ્રોલિંગ કરતી કાર બાબરાના ધરાઈ ગામ કૃષ્ણનગર જવાના રસ્તે પહોંચી હતી અને ત્યાં પોલીસે જોતા કંઈક સળગતું જોવા મળે છે નજીકમાં જ એક કાર પડી હોય તેમાં તપાસ કરતા ત્રણ શખ્સો જોવા મળેલ હતા જે શખ્સોની પૂછપરછ કરતા કિશન ઉર્ફે કાનો ઘનશ્યામ ચુડાસમા, મનહર કિશોર ખસિયા અને રાહુલ રમેશ પરમાર નામ જણાવ્યું હતું અને તમે ત્રણેય અહીં શું સળગાવી રહ્યા છો તે બાબતે પૂછપરછ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો બાબરા પોલીસે આ ત્રણેયની અટકાયત કરી ભાવનગર પોલીસને જાણ કરવામાં આવેલ હતી કારણ કે હત્યા ભાવનગરમાં બનેલ છે જેથી ભોગ બનનારને આરોપીઓ પણ ભાવનગરના હોય તેથી વધુ તપાસ ભાવનગરને પોલીસને આરોપીઓ સોંપી દેવામાં આવ્યા છે અને બનાવ અંગેની વધુ તપાસ ભાવનગર પોલીસ ચલાવશે હત્યા શું કામ કરવામાં આવી છે અને ક્યાં કરવામાં આવી છે અને કેવી રીતે કરવામાં આવી છે હત્યારાઓનું પ્લાનિંગ શું હતું ષડયંત્ર કેવી રીતે રચ્યું બાબતો ઉપરથી હત્યાનો પર્દા ફાશ થઈ જવા પામ્યો હતો.

### અમરેલીના ખાંભાના ડેડાણ ગામે

# હવે દારૂ લેવા દીવ જવાની જરૂર નથી, અહીંયા જ મળી જશે તેવો મેસેજ વાયરલ કરનાર સામે ફરિયાદ

## હિન્દુ-મુસ્લિમ શખ્સોના ખોટા નામ લખી અને પોલીસ હપ્તા લે છે તેમ કહી પોલીસને પણ બદનામ કરતા ફરિયાદ નોંધાઈ

અમરેલી તા.૨૨

ખાંભા તાલુકાના ડેડાણ ગામે થોડા દિવસ પહેલા ગામમાં એક કાળા કલરના બોર્ડમાં હવે દારૂ લેવા દીવ જવાની જરૂર નથી અહીંયા જ મળી જશે તેવું બોર્ડમાં લખેલ તેમજ દારૂ વેચતા ખોટા શખ્સોના નામ લખી અને પોલીસને બદનામ કરી પોલીસ હપ્તા લે છે તેમ બદનામ મુસ્લિમ અને હિન્દુ સમાજમાં અરાજકતા ફેલાય તેવા મેસેજ સોશિયલ મીડિયા પર વાયરલ કરનાર શખ્સ સામે ફરિયાદ નોંધવામાં આવેલ હતી.પ્રાપ્ત વિગતો મુજબ ખાંભાના ડેડાણ ગામે રહેતા પ્રવિણ કાનાભાઈ પરમાર એક કાળા કલરના બોર્ડનો ફોટો પોતાના મોબાઈલ ફોનમાથી સોશ્યલ મીડીયામાં વાયરલ કરેલ હોય જેમાં 'તા.૧૭/૦૯/૨૦૪ પોલીસ મહેરબાન જય હિંદ જય ભારત લખી તેની નીચે દારૂ માટે દિવ જવાની જરૂર નથી દારૂ ડેડાણમાં મળી જશે પોલીસ હપ્તા આપી ધંધો કરે છે "ના શિર્ષક હેઠળ પોલીસના નામ કિશોરભાઈ ખાચર ભીખુભાઈ ડી-સ્ટાફ જમાદાર ડાભી જમાદાર ડેડાણ હપ્તા લે છે બુટલેગર દારૂ વેચનારના નામ આ બધા દારૂની ભઠ્ઠી હકારે છે ડેડાણમાં જેમાં ફિરોજ નથુ ખાન મોસીન પત્રકાર રફીક કસરા રાજુ નાગરીયા અલ્તાફ પઠાણ ચંગીજ ખાન જમાલ બેલીમ' જે વિગત દર્શાવતો બોર્ડ અંગેનો ફોટો પોતાના મોબાઈલમાં કોઈક જગ્યાએથી મેળવી ફરીના દિકરાનુ નામ તથા પોલીસ ઉપર ખોટા આક્ષેપો કરી લોકોને ગેરમાર્ગે દોરવાના હેતુથી બોર્ડમાં મુસ્લીમ વ્યક્તિઓના નામ હોય, તેમ છતાં તેને સોસીયલ મીડીયામા વાયરલ કરી મુસ્લીમ સમાજ તથા હિન્દુ સમાજના લોકો વચ્ચે અરાજકતા ફેલાવી રોષ ફેલાય અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ઈરાદે બે જુથો અથવા કોમો વચ્ચે દુશ્મનાવટની ધિક્કારની અથવા દ્વેષની પ્રોત્સાહન આપી સુલેહ શાંતિનો ભંગ થાય એવું અથવા જેનાથી ભંગ થવાનો સંભવ છે એવું જાણીજોઈને કૃત્ય કરી તેમજ ખોટી માહીતી અફવા બોર્ડના માધ્યમથી પ્રસિધ્ધ કરી તે બોર્ડમાં દર્શાવેલ ફરીનો દિકરો મોસીનખાન તથા મુસ્લીમ સમાજના વ્યક્તિઓ નામ લખી તેને સોશ્યલ મીડીયામાં વાયરલ કરી તથા પોલીસ કર્મચારી તેવી કોઈ પ્રવ્રુતિ સાથે સંકળાયેલ ન હોય, તેમ છતાં, તેમના નામો સહીતનો ફોટો બોર્ડના માધ્યમથી વાયરલ કરી ખોટી રીતે બદનામ કરતા ઉપરોક્ત શખ્સ સામે ખાંભા પોલીસમાં મજીદખાન ઉસ્માનખાન પઠાણ એ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદ તાલુકાના બોરિયાવી ગામે ટ્રકમાંથી ૨૦૦ લિટર ડીઝલની ચોરી

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૨૨

આણંદ તાલુકાના બોરિયાવી ગામમાં આવેલ પેટ્રોલ પંપ પાસેના પેવર બ્લોક વાળા સર્વિસ રોડ ઉપર ઉભેલી ટ્રકમાંથી ગત રાત્રીના સમયે ટોળકીએ ડીઝલ ટેન્કનું તાળું તોડી અંદરથી ૨૦૦ લિટર ડીઝલ કિંમત રૂપિયા ૧૮ હજારનો જથ્થો ચોરી કરી લઈ ગયાનો બનાવ બનવા પામ્યો છે. આણંદ રૂરલ પોલીસ મથકે ચોરીનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.જામનગર નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતાં મહેશભાઈ જેઠાભાઈ ડાભી છેલ્લાં ૧૫ વર્ષથી મહાવીરસિંહ રાણાની ચલાવે છે. ગત તારીખ ૧૯નાં રોજ મહેશભાઈ પોતાના નાનાભાઈ જગદીશ સાથે આ ટ્રકમાં રિલાયન્સ કંપનીમાંથી સલ્ફર ભરીને ભરૂચ જવા નીકળ્યાં હતાં. તેમણે જામનગરના રાજકોટ રોડ ઉપર આવેલ રવિ પેટ્રોલ પંપમાંથી રૂપિયા ૩૬,૩૦૦નું ૪૦૩ લિટર ડીઝલ પોતાની ટ્રકમાં ભરાવ્યું હતું. ત્યાંથી રાજકોટ થઈ ચોટીલા બગોદરા હાઈવે પસાર કરી હોટલમાં જમ્યા હતાં અને ખેડા થઈ નડિયાદ રોડ ઉપરથી બોરિયાવી બ્રિજ નજીક આવેલ પેટ્રોલ પંપની આગળ રાત્રીના બાર વાગ્યાના અરસામાં આવ્યા હતા. એટલે તેમણે પંપની નજીક આવેલા પેવર બ્લોકવાળા સર્વિસ રોડ ઉપર પોતાની ટ્રક ઉભી રાખી હતી અને બંને ભાઈઓ ટ્રકની કેબીનમાં સુઈ ગયાં હતાં.સવારે છ વાગ્યાના સમયે બંને ભાઈઓ જાગ્યા હતા મહેશભાઈએ પોતાના નાના ભાઈને કહ્યું તું જઈને ટ્રકના ટાયર ચેક કરી લે. એટલે જગદીશ ટાયર ચેક કરી રહ્યો હતો ત્યારે તેમણે જોયું તો ગાડીની નીચે ડીઝલ ઢોળાયેલું પેલું હતું. એટલે તેમણે બરાબર તપાસ કરી ત્યારે ડીઝલ ટાંકીનું ઢાંકણું ખુલ્લું હતું અને અંદર માત્ર ૫૦ લીટર જેટલું જ ડીઝલ બાકી હતું. ઓઈલ ચોર ટોળકી તેમની ટ્રકમાંથી ૨૦૦ લિટર જેટલું ડીઝલ ચોરી કરીને લઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું . જેની કિંમત રૂપિયા ૧૮ હજાર થતી હતી.આ અંગે મહેશભાઈએ આણંદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરીનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે .

### કરજણ હાઈવે નજીક ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવી

# ૫૦થી વધુ ગુનામાં સંડોવાયેલ ફરાર કુખ્યાત આરોપી અલ્પુ સિંધી પકડાયો

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા. ૨૨

મધ્યસ્થ જેલથી વચગાળાના જામીન પર મુક્ત થયા બાદ બારોબાર ફરાર થઈ ગયેલો અને છેલ્લા ૪ મહિનાથી નાસતો ફરતો ૫૦થી વધુ ગુનાનો કુખ્યાત આરોપી અને કેદી અલ્પુ સીંધીને હાઈવે પર કરજણ પાસેથી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આ કેદીને પરત સેન્ટ્રલ જેલના હવાલે કરાયો હતો.વડોદરા શહેરના કિશનવાડી પોલીસ સ્ટેશનના ગુનામાં આરોપી અલ્પેશ ઉર્ફે અલ્પુ હરદાસમલ વાધવાણી (રહે. સંતકવર કોલોની, વારસીયા વડોદરા)ને કાચા કામના કેદી તરીકે વડોદરા મધ્યસ્થ જેલમાં રાખવામા આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે ૭ દિવસના વચગાળાના જામીન પર ગત ૧૮ મે ૨૦૨૪ના રોજ વડોદરા સેંટ્રલ જેલથી મુક્ત કરવામાં આવ્યો હતો. કેદીને રજા પુર્ણ થયેથી ૨૪ મેના રોજ પરત મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનુ હતુ પરંતુ કેદી જેલમાં હાજર નહી થઈ બારોબાર ફરાર થઈ ગયો હતો. લિસ્ટેડ બુટલેગર અને કેદી અલ્પેશ ઉર્ફે અલ્પુ સિંધી વાધવાણી કરજણ નજીક આવેલા દિલ્હી-મુંબઈ એક્ષપ્રેસ હાઈવે પર ફુડપ્લાઝા ખાતે આવ્યો છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમી મુજબની જગ્યાએ પહોંચી ગઈ હતી અને ફરાર કેદી અલ્પૂ સિંધીને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આ કેદીને વડોદરાની મધ્યસ્થ જેલમાં સુપ્રત કરવામાં આવ્યો છે.

# વડોદરામાં ધો.૧૧ સાયન્સનો વિદ્યાર્થી રાત્રે ઊંઘી ગયા બાદ સવારે ઊઠ્યો જ નહીં

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

વડોદરામાં ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી રાતે ઊંઘી ગયા પછી સવારે ઉઠયો જ નહતો. વિદ્યાર્થીના મોત અંગે મકરપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દંતેશ્વર દર્શનમ પર્લમાં રહેતો અંશ રાહુલભાઈ ઠાકુર (ઉં.વ.૧૮) ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો હતો. ગઈકાલે રાતે ૧૧ વાગ્યે તે સૂઈ ગયો હતો. આજે સવારે તે નહીં ઉઠતા તેને બેભાન હાલતમાં સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ, સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. પોલીસે જણાવ્યું હતું કે, ડોક્ટરના પ્રાથમિક અનુમાન મુજબ, યુવકને બ્રેન હેમરેજ થતા ઊંઘમાં જ તેનું મોત થયું હતું. જોકે, મોતનું સ્પષ્ટ કારણ પી.એમ.રિપોર્ટ આવ્યા પછી જ જાણી શકાશે.

# ભૂજમાં લઘુમતી સમાજના ધાર્મિક સ્થળો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

ભૂજ,તા.૨૨ : આજરોજ તંત્ર દ્વારા ભૂજ અને આસપાસના વિસ્તારોમાં લઘુમતી સમાજના ધાર્મિક સ્થાનો પર બુલડોઝર ફેરવી દેવાના શ્રધ્ધાળુઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. સ્થાનિક તંત્ર દ્વારા ભૂજ અને આસપાસના વિસ્તારમાં વહેલી સવારે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ખારી નદી પાસે, લોટસ કોલોની રીંગ રોડ અને ભૂજ ખાંડની રોડ પાસે આવેલા લઘુમતી સમાજની બે જેટલી દરગાહો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. તથા તમામ સ્થળો જાહેર માર્ગ નદી-નાળા અને રેલવે લાઈનો આસપાસ હોવાથી તેમને દબાણ ગણી હટાવી દેવાયા છે. આમ કચ્છ પંથકમાં લઘુમતી સમાજના ધાર્મિક સ્થળો પર બુલડોઝર ફેરવવાનો સિલસિલો જારી છે તંત્રની આ કાર્યવાહી સામે લોકોમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.

### વડોદરા મનપામાં મળેલ સંકલનની બેઠકમાં

# વિશ્વામિત્રી નદી આસપાસના દબાણ દૂર કરવા એકશન પ્લાન તૈયાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૨

વડોદરા પાલિકામાં મળેલી સંકલનની બેઠકમાં વડોદરા શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિ સાંસદ અને પાલિકાના કમિશનર દિલીપ રાણા સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં અનેક વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી હતી જેમાં મુખ્ય મુદ્દો લોકો સુધી સહાય કેશ ડોલ કેવી રીતે પહોંચે અને ઝડપથી કામ પતે તેવા તે પણ ચર્ચા થઈ હતી. આ સાથે જ વિશ્વામિત્રીમાં દબાણો હટાવવાની ચર્ચા થઈ હતી.

મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ જણાવ્યું હતું વિશ્વામિત્રી નદીની આસપાસનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને એ પૂર્ણ થવાના આરે છે. ડોન સર્વે માપણી પણ કરવામાં આવી છે. વિશ્વામિત્રી નદી આસપાસ દબાણ થવાના કારણે વડોદરા શહેરને પૂરના પ્રલય ભોગવવાનો વારો આવ્યો હતો. જેને લઈને ધારાસભ્ય યોગેશ પટેલ, સાંસદ હેમાંગ જોશી, ધારાસભ્ય ચૈતન્ય, ચૂંટાયેલા પ્રતિનિધિ, અધિકારીઓ સાથે બેઠક કરી ચર્ચા કરી છે જેમાં વિશ્વામિત્રી આસપાસ થયેલા દબાણને નોટિસ આપી ૪૮થી ૭૨ કલાકમાં દબાણ હટાવવા જણાવેલું છે. જો એમ ન થાય તો પાલિકા એક્શનમાં આવશે અને વિશ્વામિત્રી આસપાસનું દબાણ દૂર કરવામાં આવશે.

# તાંદલજા બ્લડ ડોનેશન ગ્રુપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો : ૧૦૦ યુવાનોએ રક્તદાન કર્યું




(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૨

હઝરત મોહમ્મદ રસુલુલ્લાહ (સ.અ.વ.)સાહેબની શાનમાં તાંદલજા બ્લડ ડોનેશન ગ્રુપ તેમજ રેડ ક્રોસ લેબોરેટરીના સહયોગથી તાંદલજા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૦થી વધુ યુવાનોએ રક્તદાન કર્યું હતું જેમાં ૫૫ જેટલા યુવાનોએ પ્રથમ વખત રક્તદાન કર્યું હતું.

આ રકતદાન કેમ્પમાં સામાજિક કાર્યકર અને અગ્રણી અસફાક મલીક, જાબીર મલેક, કમાલબાપુ સૈયદ(મદીના રેસ્ટોરન્ટ), ઈમરાન પઠાણ, અબ્દુલ કૈયુમ, વસીમ શેખ તેમજ અન્ય સામાજિક અગ્રણીઓ દ્વારા પ્રથમ વખત રકતદાન કરનાર યુવાનોનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું અને તેઓને ગિફ્ટ વિતરણ કરવામાં આવી હતી.

તાંદલજા બ્લડ ડોનેશન ગ્રુપના રમીજખાન પઠાણ, સોનુ પઠાણ તેમજ તેમની ટીમને સફળ બ્લડ ડોનેશન કરવા ભારે જહેમત ઉઠાવી હતી.

# પાદરામાં પરિણીત પ્રેમિકા અને કુંવારા પ્રેમીએ ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૨

વડોદરાના પાદરા તાલુકાના એક ગામમાં પરિણીતા અને કુંવારા પ્રેમીએ બદનામીના ડરથી ગળા ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. વડુ પોલીસે બંનેના મૃતદેહ ઝાડ પરથી નીચે ઉતારી કાર્યવાહી હાથ ધરી છે. પાદરા તાલુકાના એક ગામમાં રહેતી ૨૭ વર્ષની પરિણીતાને જયેશ ગણપતભાઈ પરમાર (ઉ.વ.૨૦) (રહે.સાંઢા ગામ, તા.પાદરા,જિ.વડોદરા) સાથે પ્રેમ સંબંધ હતો. જે સંબંધ અંગે પરિણીતાના પરિવારને જાણ નહતી. જયેશે પોતાના કરતા ૭ વર્ષ મોટી પરિણીત પ્રેમિકાને એક સીમ કાર્ડ પણ આપ્યું હતું. તેમાં જયેશના નામનું સીમ કાર્ડ હોવાનું પરિણીતાના પતિને ખબર પડી ગઈ હતી.જેથી, પરિણીતા અને તેનો પ્રેમી ગત તા. ૧૮ મી એ રાતે સવા આઠ વાગ્યે નીકળી ગયા હતા. સમાજમાં બદનામી થવાના ડરથી બંનેએ વિશ્રામપુરા ગામની સીમમાં આવેલા રાવજીભાઈ પટેલના ખેતરમાં આંબાના ઝાડની ડાળી પર સાડી વડે ગળા ફાંસો ખાઈને બંને છેડા અલગ-અલગ બાંધી દઈને ફાંસો ખાઈ લીધો હતો. જે અંગે વડુ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગર બ્રહ્મ સમાજનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો


(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૨૨

સમસ્ત બ્રહ્મ સમાજ હિમતનગર દ્વારા વિદ્યા ઉત્તેજક ઈનામ વિતરણ સ્નેહ મિલન કાર્યક્રમ ટાઉન હોલ હિંમતનગરમા યોજાઈ ગયો હતો જેમાં મુખ્ય વક્તા તરીકે ધર્મેન્દ્રભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા, જેમાં બ્રહ્મ વિદ્યાર્થીઓ પાંચથી બારમા ધોરણમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય આવેલા વિદ્યાર્થીઓને દાતાઓએ આપેલા દાનથી એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યા હતા જેમાં દાતા તરીકે હિંમતનગર નાગરિક બેંકમાં ચેરમેન હિરેનભાઈ ગોર, પ્રફુલભાઈ વ્યાસ, પિયુષભાઈ દવે, ચંદ્રેશભાઈ જાની, મહેન્દ્રભાઈ રાવલ, સર્વાનંદ ભટ્ટ, ફોટો જર્નાલિસ્ટ અશોકભાઈ રાવલ, અમિતા એ.રાવલ. હર્ષદભાઈ પાઠક, વગેરે દાતાઓએ દાન કર્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના સ્થાપક પ્રફુલભાઈ વ્યાસ, મહામંત્રી જયંતભાઈ જોશી, ભરતભાઈ ભટ્ટ, હર્ષલભાઈ રાવલ, મુકુલભાઈ પંડ્યા, સંજયભાઈ વેદિયા, તેમજ સમસ્ત બ્રહ્મ સમાજના બ્રહ્મબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### સુરતમાં ગણેશ પંડાલ ઉપર બનેલ બનાવમાં અલતાફ ચૌહાણે કોર્ટને જણાવ્યું

# પોલીસવાળા મને મારા ઘર પાસે મોહલ્લામાંથી ઉપાડી દંડા મારતા મારતા પોલીસ ચોકીમાં લઈ ગયા હતા

## બનાવમાં ઝડપાયેલ ઈસમોની જામીન અરજી પર આજે થનારી કાર્યવાહી

સુરત, તા.૨૨

સુરત શહેરના વરિયાળી બજાર ખાતે દસ દિવસ પહેલા ગણેશ પંડાલ ઉપર થયેલ બનાવમાં ઝડપાયેલા ઈસમોની જામીન અરજી પર શનિવારના રોજ કાર્યવાહી થવાની હતી. જે મુલતવી રાખી સોમવારના રોજ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર શહેરના સૈયદપુરા વરીયાળી બજાર ખાતે બનેલ બનાવમાં હાલ ૨૨ જેટલા ઈસમોની ધરપકડ કરી જ્યુડીસીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં હતા. ૨૨ પૈકી ૨૦ આરોપી હોય અલગ અલગ એડવોકેટ મારફત કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજી ઉપર શુક્રવારે તેની કાર્યવાહી થવાની હતી પણ તપાસ કરનાર અધિકારીએ કોર્ટમાં સોગંદનામુ અને કેસના કાગળો રજૂ કરવાના હતા. પરંતુ તપાસ કરનાર અધિકારી મુખ્યમંત્રીના બંદોબસ્તમાં હોવાથી તપાસ કરનાર અધિકારીઓ સોગંદનામુ અને કેસના કાગળો કોર્ટમાં રજૂ કરી શક્યા ન હતા. હવે કોર્ટે જામીન અરજી બાબતે આગળની કાર્યવાહી ૨૦ સપ્ટેમ્બર એટલે શનિવારના રોજ ઉપર મુલતવી રાખી હતી. શનિવારના રોજ સરકારી એડવોકેટે વધુ બે દિવસ નો સમય માંગતા તેના પર કાર્યવાહી સોમવારના રોજ ઉપર મુલતવી રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. વધુમાં નવમાં એડિશનલ સિવિલ જજ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ આસીમાં ગર્ગ જજ સમક્ષ મોકલેલ.જે કોર્ટમાં અલ્તાફ સુલેમાન ચૌહાણ ઉંમર વર્ષ ૨૫ ધંધો નોકરી રહેવાસી બોમ્બે વાલા બિલ્ડીંગની ગલીમાં હોડી બંગલા સુરતને કોર્ટમાં ક્રિમિનલ ઈક્વાયરીના કામે બોલાવેલ. જેમાં કોર્ટે ઈન કેમેરા( બંધ બારણે)અલ્તાફ ચૌહાણની ફરિયાદ સોગંદ ઉપર લીધેલ. અલ્તાફે કોર્ટને જણાવેલ કે ૮/૯/૨૦૨૪ના રોજ પોલીસવાળાઓ હેલ્મેટ પહેરીને મને મારા ઘર પાસે મોહલ્લામાંથી ઉપાડી લીધેલ અને દંડા મારતા મારતા સૈયદપુરા પંપીંગ સ્ટેશન પોલીસ ચોકીમાં લઈ જઈ બે કલાક બેસાડેલ અને ત્યારબાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલ અને પોલીસ સ્ટેશનના પગથિયા ઉપર બેસાડી પગના તળિયામાં ડંડાઓ વડે માર મારેલ અને ત્યારબાદ એક રૂમમાં ૨૭ જણાને પૂરી દીધેલ. તે પ્રમાણેની ફરિયાદ કોર્ટમાં કરેલ આ કાર્યવાહી દરમિયાન વકીલો હાજર રહ્યા હતા.

### મહુધાના મહિસા ગામે

# પરિણીતાના આપઘાતના બનાવમાં સાસરિયાઓ સામે દુષ્પ્રેરણાની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૨

મહુધાના મહિસા ગામે ૨૨ વર્ષિય પરિણીતાએ પોતાના સાસુ, સસરા અને નણંદના ત્રાસથી આત્મહત્યા કરી લીધી છે. આ મામલે મહુધા પોલીસમાં સાસુ, સસરા અને નણંદ સામે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી મુજબ માતર તાલુકાના સંધાણા ગામના મહેશભાઈ ઝાલાની ૨૨ વર્ષિય નાની દીકરી શીલ્પાના લગ્ન વર્ષ ૨૦૧૮મા મહુધા તાલુકાના મહિસા ગામે રહેતા હિતેશ રાવજીભાઈ સોઢા પરમાર સાથે થયા હતા. લગ્નનો શરૂઆતનો જીવન સુખમય પસાર થયું હતું. પરંતુ છેલ્લા થોડા વર્ષોથી સસરા રાવજીભાઈ સોઢા પરમાર અને જયાબેન સોઢા પરમારનો ત્રાસ શિલ્પાબેન પર વધ્યો હતો. ઘરકામ જેવી નજીવી બાબતે સાસુ, સસરા શિલ્પાને ત્રાસ આપતા હતા. તો વળી નણંદ કાજલબેન પણ પિયરમાં આવે ત્યારે ઉશ્કેરણી કરતા હતા. જેથી આ ત્રણેય લોકો અનહદ ત્રાસ આપતા હતા. જે બાબતની જાણ પોતાના માવતરને પણ કરી હતી. પતિ તેમજ દિયર, દેરાણીનો કોઈ ત્રાસ નહોતો પણ સાસુ, સસરા અને નણંદ અવારનવાર ત્રાસ આપતા હોવાની વાતથી મહેશભાઈ પણ વાકેફ હતા. આ વચ્ચે પરિણીતા શિલ્પાએ એક દીકરીને જન્મ આપ્યો હતો જે હાલ બે વર્ષની છે. આ બાદ પણ સાસુ, સસરા અને નણંદનો ત્રાસ યથાવત રહ્યો હતો. ઘરકામ બાબતે અને અન્ય પત્ની લાવી આપીશું તેમ કહી આ ત્રીપુટી પીડીતાને ત્રાસ આપતી હતી. ગત ૨૦ સપ્ટેમ્બરના રોજ શિલ્પાએ પોતાના પિતા મહેશભાઈને ફોન કરીને રડતા અવાજે જણાવેલ કે, 'મને મારા પતિ, દિયર કે દેરાણી તરફથી કોઈ હેરાન ગતી નથી પરંતુ મારા સાસુ, સસરા તથા મારી નણંદનો ઘરકામ બાબતે અતિશય ત્રાસ છે, હુ તેઓથી ખૂબજ કંટાળી ગઈ છું, તેઓના ત્રાસથી ન છુટકે મારે મરી જવુ પડશે' તેમ કહેતા મહેશભાઈ અને તેમની પંત્નીએ દીકરી શીલ્પાને આશ્વાસન આપ્યું હતું અને અમે ત્યાં આવી તારા સાસુ સસરાને સમજાવીશું તેમ કહ્યું હતું. જોકે ગણતરીના કલાકોમાં મહેશભાઈને શિલ્પાના મોતના સમાચાર મળતા તેઓ તુરંત પરિવાર સાથે મહિસા ગામે દોડી આવ્યા હતા. જ્યાં શિલ્પાએ ઘરના પાછળના ખંડમાં લોખંડની પાઈપે પ્લાસ્ટિકની દોરી વડે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હોવાની જાણ થઈ હતી. આથી શિલ્પાને આત્મહત્યા માટે મજબુર કરનાર તેના સાસુ, સસરા અને નણંદ વિરૂદ્ધ મહેશભાઈ ઝાલાએ મહુધા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પાલેજ ઔદ્યોગિક વસાહત ખાતે

# અગ્નિશામક બિલ્ડિંગ તેમજ એસો. માટે ઓફિસ ખુલ્લી મૂકાઈ

પાલેજ, તા.૨૨

પાલેજ ઓદ્યોગિક વસાહત ખાતે શનિવારના રોજ જાણીતી કંપનીઓનાં સહયોગથી તૈયાર કરવામાં આવેલી ફાયર સ્ટેશન માટેની બિલ્ડિંગ ખુલ્લી મુકાઈ હતી. સમગ્ર માર્ગોને આવરી લેતાં સી સી ટીવી કેમેરાથી સજ્જ એસોસિએશન માટેની ઓફીસના ઉદઘાટન પ્રસંગે અંકલેશ્વર ભરૂચ સુરત ઓદ્યોગિક વસાહતોનાં ઉચ્ચ અધિકારીઓ પાલેજ નિર્દિષ્ટ વિસ્તારનાં અધિકારી સહિત પાલેજ ઓદ્યોગિક કમિટી સભ્યો ઉદ્યોગ મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. નાનું ક્ષેત્રફળ ધરાવતી પાલેજ ઓદ્યોગિક વસાહત ખાતે વધતાં જતાં આગનાં બનાવો સંબધે અહીં ફાયર સ્ટેશન માટે પાલેજની -પી/ સી/ બી/ એલ /તેમજ અન્ય કંપનીઓનાં સહયોગથી ફાયર સ્ટેશન માટે પ્રથમ બિલ્ડિંગ બનાવવામાં આવી છે. ભવિષ્યમાં ફાયર સ્ટેશને લગતાં સાધનો લાય બંબાની સવલત ઉભી કરવામાં આવશે. આ પ્રસંગે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. ઉપસ્થિત અરૂણ કુમાર પટેલ/



શૈલેષ ભાઈ પ્રજાપતિ/ચિંતન મહેતા/અમી બેન રાણા/પાલેજનાં પ્રમુખ જયેશ દેસાઈ/સુરેશ ભાઈ વરસદા/નરેશ ભાઈ પટેલ/મત્રી ઈસરાર શેખ મંત્રી સહિત પી સી બી એલ કંપની પાર્ચા બસાત/ધર્મેશ સોલંકી/અરવિંદ હેડપ્ટા/ એમ.પી.સીંગ (એચ આર ) સહિત અન્ય કંપની માલિકો, સંચાલકો ઉપસ્થિત રહ્યાં હતાં.

### હિંમતનગરના માથાસુલિયા રેલવે ટ્રેક પર અજાણ્યા ઈસમનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા.૨૨

હિંમતનગર તાલુકાના માથાસુલિયા ગામ નજીક રેલવે ટ્રેક પર આજે વહેલી સવારે અજાણ્યા વ્યક્તિની અર્ધ કપાયેલ લાશ મળી આવી હતી. જેને લઈને લોકોના ટોળા એકઠા થયા હતા. સ્થાનિક લોકોએ લાશ અંગે ગાંભોઈ પોલીસને જાણ કરી હતી. જેને લઈને ગાંભોઈ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. લાશને પી એમ અર્થે ગાંભોઈ સરકારી દવાખાને ખસેડી હતી. અજાણ્યા ઈસમની લાશની ઓળખ માટેની કાર્યવાહી હાથ ધરી હતી અને બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઈડર તાલુકામાં અભયમની ટીમે

# દીકરા-પુત્રવધૂની શાન ઠેકાણે લાવતા આખરે વૃદ્ધ માતા સાથે સારૂં વર્તન કરવાની બાંહેધરી આપી

હિંમતનગર, તા.૨૨

અભયમ ટીમ દ્વારા મળતી માહિતી અનુસાર ઈડર તાલુકાની વિધવા મહિલા અને મોટો દીકરો આગળ પાછળ રહે છે નાનો દીકરો તેની પત્ની સાથે બીજા તાલુકામાં રહેતો હતો વૃદ્ધા પેન્શન અને મજૂરી કામ કરી જીવન નિર્વાહ ચલાવે છે. નાના દીકરાને દેવું થઈ જતાં પત્નીને લઈને તેની માતા સાથે રહેવા આવી ગયો હતો. દરમિયાનમાં તેનો અકસ્માત થતાં વૃદ્ધાએ સારવારનો મોટો ખર્ચ ઉઠાવ્યો હતો દીકરો અને વહુ કંઈ કામ કરતા ન હોય વૃદ્ધાએ ગેસ સિલિન્ડર, અનાજ કરિયાણું ભરી આપ્યું હતું . દરમ્યાનમાં પૂત્રવધૂને મળવા ગાડીઓ લઈને અજાણ્યા શખ્સો આવતાં હોવાથી વૃદ્ધાએ પૂત્રવધુને રોકતા બંને વચ્ચે ઝઘડા શરૂ થયા હતા અને વાત વૃદ્ધાને મારી નાખવા સુધી પહોંચી હતી. પૂત્રવધુ વૃદ્ધાને મારવા પાછળ પડતાં ઘર છોડી દીધું હતુ અને મંદિરમાં સંતાઈ ગઈ હતી દરમિયાન ગ્રામજનોએ ૧૮૧ અભયમને જાણ કરતા અભયમની ટીમ દોડી આવી હતી . કાઉન્સિલર સુરેખાબેને જણાવ્યું કે વૃદ્ધાની વાત સાંભળી ગ્રામજનોની સાથે તેના ઘેર પહોંચ્યા હતા અને પૂત્ર-પૂત્રવધુને કાયદાની જોગવાઈઓ સમજાવી માતા સાથે આવું વર્તન ન કરવાની સમજ આપતાં બંનેએ જીવે ત્યાં સુધી સેવા કરવાની અને કામ ધંધો કરવાની બાંહેધરી આપી હતી.

### સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં મચી ચકચાર

# કચ્છમાં ઢાબાની આડમાં ચાલતા દારૂના અડ્ડા પર સ્થાનિક મહિલાઓનો હલ્લાબોલ

## ● મહિલાઓએ દારૂ બનાવવાની સામગ્રી એકઠી કરી સળગાવી નાંખી ● પોલીસની કામગીરી સામે સવાલ ● જનતા રેડ પછી પોલીસે એક વ્યક્તિ સામે ગુનો નોંધ્યો

અમદાવાદ,તા.૨૨

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાવતા અનેક બનાવો અવારનવાર સામે આવે છે જે સાબિત કરે છે કે આ દારૂબંધી માત્ર કાગળ પર છે. આવી દારૂબંધી માત્ર કહેવા પૂરતી છે જે પોલીસની કામગીરી સામે પણ સવાલ પેદા કરે છે ત્યારે પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના નલિયા અને આસપાસના વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની બદી વધી હોવાની ચર્ચાઓ વચ્ચે સ્થાનિકો મહિલાઓનો આક્રોશ સામે આવ્યો છે. સ્થાનિક મહિલાઓએ ભેગા મળી દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વાયરલ થયેલ વીડિયોમાં એક ઢાબા પર મહિલાઓ તોડફોડ કરતી અને દારૂ બનાવવાની સામગ્રી ભેગી કરી સળગાવતી નજરે પડી રહી છે. ત્યારે સ્થાનિક મહિલાઓએ જાતે જ દારૂના અડ્ડા પર દરોડો



પાડતા સ્થાનિક પોલીસની કામગીરીને લઈને પણ સવાલો ઉઠયા છે જો કે સ્થાનિક મહિલાઓની જનતા રેડ બાદ પોલીસે દેશી દારૂના વેચાણને લઈ એક વ્યકિત સામે ગુનો નોંધ્યો હતો.

નલિયા નજીક આવેલા છાડુરા ગામ પાસે એક ઢાબામાં દેશી દારૂનું વેચાણ થતું હોવાની સ્થાનિક મહિલાઓને જાણ થતાં મહિલાઓ દારૂના અડ્ડા પર પહોંચી હતી. મહિલાઓએ હલ્લાબોલ કરી દારૂના અડ્ડામાં તોડફોડ કરી હતી અને દારૂ બનાવવાની સામગ્રી એક જગ્યા પર એકઠી કરી સળગાવી નાખી હતી. આ સમગ્ર બનાવનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ભાર ચકચાર મચી જવા પામી છે. કચ્છમા દારૂના ખુલ્લેઆમ ચાલી રહેલા વેપલા સામે કાર્યવાહી કરવા હિન્દુ સંગઠનો દ્વારા નલિયા સીપીઆઈ અને પીઆઈને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. નલિયાથી ત્રણ કિમી દારૂ છાડુરા ગામ પાસે આવેલા ઢાબા પર પણ પ્યાસીઓ ભેગા થતા હોવાની રજૂઆત કરવામાં આવી હતી. દારૂના અડ્ડાઓના કારણે આસપાસમાંથી પસાર થતા લોકોને મુશ્કેલી પડતી હોઈ સ્થાનિક મહિલાઓ દ્વારા ઢાબા પર જનતા રેડ કરી દારૂ બનાવવાની સામગ્રીનો નાશ કર્યો હતો. નલિયા નજીક આવેલા છાડુરા ગામ પાસેની નાગણેરાય હોટલમાં રહેતા જુવાનસિંહ હઠેસિંહ રાઠોડ નામના શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જુવાનસિંહ દ્વારા છાડુરા ગામની સીમમાં આવેલા સતીમાતાના મંદિર પાસે આવેલ પાણીના વોકળામાં બે ટાંકામાં દેશી દારૂ બનાવવા માટેનો ૭૦૦ લિટર આથો સંગ્રહ કરીને રાખ્યો હતો. જે પોલીસે કબજે કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટનાં અંબિકા ટાઉનશિપ વિસ્તારમાં આવતા શ્રીનાથજી પાર્કમાં એક મહિના પહેલા દેશી દારૂના દૂષણ ઉપર સ્થાનિકોએ જનતા રેડ કરતા પોલીસ દોડી ગઈ હતી. આ વિસ્તારના રહીશો દ્વારા ગેરકાયદેસર બાંધકામોમાં આવી પ્રવૃત્તિ થતી હોવાનું જણાવી મનપા કચેરી ખાતે આ દબાણો દૂર કરવા રજૂઆત કરી હતી. જેથી જનતા રેડના બીજા દિવસે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. જ્યાં અનઅધિકૃત બાંધકામો માલૂમ પડતા તાત્કાલિક ડિમોલેશનની નોટિસ આપવા અને વધુમાં વધુ પખવાડિયામાં દબાણો હટાવવા આદેશ આપ્યો હતો. સ્ટેન્ડિંગ ચેરમેનની ત્વરિત કાર્યવાહીની સ્થાનિકો દ્વારા સરાહના કરવામાં આવી હતી.

### જ્ઞાન આપનાર બન્યો જીવ લેનાર !

# તોરણી પ્રાથમિક શાળાની ૬ વર્ષની બાળકીનો હત્યારો એ જ શાળાનો આચાર્ય નીકળ્યો

(સંવાદદાતા દ્વારા)

દાહોદ,તા.૨૨

એક ગુરૂ શિક્ષકનું કામ શિષ્યોને જ્ઞાન આપવાનું હોય છે, પણ ગુરૂની પદવીને લાંછન લગાડતો કિસ્સો દાહોદથી સામે આવ્યો છે. દાહોદના તોરણી પ્રાથમિક શાળામાં ૬ વર્ષની બાળકીની મોત મામલે ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. હવસખોર આચાર્ય ગોવિંદ નટે બાળકીની હત્યા કર્યાનો તપાસમાં ઘટસ્ફોટ થયો છે. વાત એવી છે કે, હેવાન શિક્ષકે શારીરિક ભૂખ સંતોષવા ૬ વર્ષની બાળકીને હવસનો શિકાર બનાવી હતી બાદ તેણે માસૂમને મોતને ઘાટ ઉતારી હતી. દાહોદના પીપળીયા ગામની તોરણી પ્રાથમિક શાળામાં ધોરણ ૧માં અભ્યાસ



પોલીસે નરાધમ આચાર્યની કરી ધરપકડ

કરતી વિદ્યાર્થિનીનો મૃતદેહ મળી આવ્યો હતો. બાળકી ૧૯ સપ્ટેમ્બરે સવારે ઘરેથી શાળાએ જવા તો નીકળી હતી. પરંતુ શાળા છુટયા બાદ તે ઘરે પરત ન ફરતા પરિવાર ચિંતામાં મુકાયો હતો અને શાળાએ દોડી ગયો હતો. આમ શોધખોળ કરતા સ્કૂલના પાછળના ભાગેથી મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ પોલીસ કરતા પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર ઘટનાની એફએસએલ તપાસ કરાવી હતી. બાળકીનું ગળું દબાવીને હત્યા કરી હોવાનું રિપોર્ટમાં સામે આવ્યું છે. બાદમાં વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી. હત્યાનો ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી. જેમાં આચાર્ય ગોવિંદ નટે વિરૂદ્ધ કેટલાક પુરાવા મળતા પોલીસે હેવાન આચર્યની ધરપકડ કરી છે. આ કેસમાં પોલીસે આચાર્ય ગોવિંદ નટની સઘન પૂછપરછ કરતા આખરે તેણે પોલીસ સમક્ષ બાળકીની હત્યાનો ગુનો કબુલ કરી લીધો છે.

### ઘટનાની જાણ થતાં પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ

# ત્રણ હવસખોરોએ અલગ-અલગ સ્થળ પર લઈ જઈ ૧૩ વર્ષની તરૂણી પર આચર્યું દુષ્કર્મ

## ● સગીરાને ચાર માસનો ગર્ભ રહી જતાં સામે આવી હકીકત ● પરિવારે ત્રણેય નરાધમ સામે નોંધાવી ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

સમગ્ર ગુજરાત રાજ્યની અંદર અનેક એવી ઘટનાઓ બને છે કે જેનાથી આપણું હૃદય હચમચી જાય. રાજ્યની અંદર છેલ્લા કેટલાક સમયથી નાની બાળકીઓ ઉપર દુષ્કર્મ આચરવાની ઘટનાઓ સામે આવી રહી છે. તેવી જ એક ઘટના કડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. કડી તાલુકાના નંદાસણ વિસ્તારમાં એક ગામની અંદર નરાધમોએ સગીરાને અલગ-અલગ સ્થળ ઉપર લઈ જઈને મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. જેથી સગીરાને ચાર માસનો ગર્ભ રહી ગયો હતો. જેની જાણ પરિવારને થતાં પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જો કે પરિવારે સગીરાને દવાખાને લઈ ગયા બાદ ત્રણ નરાધમો વિરૂદ્ધ નંદાસણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. કડી તાલુકાના નંદાસણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા એક ગામમાં પરિવાર સાથે રહેતી ૧૩ વર્ષની માસૂમ પર તેના મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે. આ અંગે મળતી માહિતી મુજબ, ૧૩ વર્ષની સગીરા તેના પરિવાર સાથે રહે છે. તેના પિતા થોડાક વર્ષો અગાઉ મરણ પામ્યા હતા. સગીરા તેના ઘરે નાહ્વા માટે બેઠી હતી, તે દરમિયાન સગીરાની માતાએ તેના શરીર ઉપર જોતાં તેના પેટનો ભાગ ફૂલેલો હતો. જે બાબતે તેની માતાએ પોતાની સગીર દીકરીને પૂછતાં દીકરીએ જણાવ્યું હતું કે, બધી છોકરીઓ જાડી થાય છે તો હું પણ જાડી થઈ છું. સગીરાની માતાને શંકા પડતાં દીકરીને કડીના નંદાસણમાં એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જે બાદ સ્થાનિક તબીબોએ કહ્યું હતું કે, તમારી દીકરીને ગાયનેક ડોક્ટરને બતાવો. સગીરાની માતા સગીરાને કલોલ પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર કરાવવા માટે લઈ ગયા હતા. જ્યાં ડોક્ટર દ્વારા સોનોગ્રાફી તેમજ રીપોર્ટ કઢાવતા ૧૩ વર્ષની દીકરીને ચાર માસનો ગર્ભ રહી ગયો હોવાનું બહાર આવ્યું હતું. આ જાણી પરિવારના પગ નીચેથી જમીને સરકી ગઈ હતી. જે બાદ માતા દીકરીને તેના ઘરે લઈ આવી હતી. જો કે આ વાતની જાણ થયા બાદ પરિવાર ચિંતામાં હતો. માતાએ દીકરીને સમજાવી ફોસલાવીને સમગ્ર હકીકત બાબતે પૂછવાનો પ્રયાસ કર્યો હતો. જેથી દીકરીએ માતાને જણાવ્યું કે, ઠાકોર મુકેશ કાંતિજી, ઠાકોર હિતેશ મહેશજી, ઠાકોર ચિરાગ વિષ્ણુજીએ આપણા ઘરની બાજુમાં આવેલા ચરામાં લઈ જઈ મારી સાથે શારીરિક સંબંધ બાંધતા હતા. ચાર-પાંચ મહિના પહેલાં આપણા ઘરની બહાર ઓટલા ઉપર હું બેઠી હતી ત્યારે મુકેશ આવીને મારી બાજુમાં બેઠો હતો. તેણે મને કહ્યું હતું કે, મારી સાથે બોલવું છે તો મેં તેને ના પાડી હતી. ત્યારબાદ થોડાંક સમય બાદ હું આપણી ભેંસને ચરાવવા માટે ખેતરમાં લઈ જઈ રહી હતી ત્યારે મુકેશ મારી પાછળ-પાછળ આવ્યો હતો. જે બાદ ખેતરના ચરામાં આવેલી બાવળની ઝાડીઓમાં મને હાથ પકડીને ખેંચીને લઈ જઈ મારી સાથે મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. દીકરીએ માતાને વધુમાં જણાવ્યું કે, બે મહિના પહેલાં પણ આપણી ભેંસની પાડીને ચરાવવા માટે હું ચરામાં ગઈ હતી ત્યારે ઠાકોર ચિરાગ ગાડી લઈને આવ્યો હતો. ત્યારે તેણે મારો હાથ પકડી મને ખેંચીને ગાડીમાં બેસાડી મારી સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાએ વધુમાં તેની માતાને કહ્યું હતું કે, ગણેશ ચતુર્થીના દિવસે હું આપણી ભેંસની પાડીને ચરાવવા માટે ચરામાં લઈને ગઈ હતી, ત્યાં ઠાકોર હિતેશ નીકળ્યો હતો. તેણે મને જોઈ, મારી પાસે આવી, મારો હાથ પકડીને મને લઈ ગયો હતો અને મારી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. આ હકીકત જાણ્યા બાદ પરિવારના માથે જાણે આભ ફાટી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સગીરાની માતાએ અન્ય પરિવારજનોને જાણ કરી કડી તાલુકાના નંદાસણ પોલીસ સ્ટેશન ખાતે પહોંચી સમગ્ર હકીકત જણાવતાં પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી છે.

### વેરાવળમાં ઘર પાડવાની તંત્રની નોટિસ બની જીવલેણ

# મકાન તૂટવાની ચિંતામાં મહિલાએ જીવન ટૂંકાવ્યું, આ આપઘાત નહીં સિસ્ટમે કરેલું મર્ડર : એમએલએ

## મારી બેન ડિપ્રેશનમાં હતી, આ ઘટના માટે નોટિસ આપનાર જવાબદાર : મૃતકની બહેન

અમદાવાદ,તા.૨૨

વેરાવળ પાલિકાએ મકાન પાડી નાખવાની નોટિસ આપતા ૪૨ વર્ષીય મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. તંત્રની નોટિસ મળ્યા બાદ મહિલા તણાવમાં હતી અને ચિંતામાં આપઘાત કરી લીધો હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે. ઘટનાની જાણ થતાં જ સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે તંત્ર પર પ્રહાર કરતા જણાવ્યું કે આ આપઘાત નહીં પણ સિસ્ટમે કરેલું મર્ડર છે.

વેરાવળ સરકારી હોસ્પિટલ નજીક મફતીયાપરા વિસ્તારમાં રહેતા માયાબેન રામપદ સરકાર (ઉં.વ.૪૨) નામની મહિલાએ શનિવારે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મળતી માહિતી મુજબ, વેરાવળમાં સિવિલ હોસ્પિટલ નજીક ટી.પી.સ્કીમ ૨ અંતીમખંડ ૧૦૭ વાળી સરકારી જમીનમાં કાચા મકાનોના અનઅધિકૃત દબાણ થયેલા હોય તેને દૂર કરવા ત્રણેક દિવસ પહેલાં પાલીકા



-:: નોટીસ ::-

આથી તમોને નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, તમોએ વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા વિસ્તારમાં ટી.પી.સ્કીમ ૨ અંતીમખંડ ૧૦૭ વાળી સરકારી જમીનમાં અનઅધિકૃત દબાણ કરેલ છે. આ અનઅધિકૃત દબાણ બાબતે તમોને આ નોટીસ મળ્યેથી સરકારી જમીનમાં કરેલ અનઅધિકૃત દબાણ તા.૨૦/૦૯/૨૦૨૪

તંત્ર દ્વારા અંદાજે ૭૦ લોકોને દબાણો દૂર કરવા નોટિસો પાઠવવામાં આવી હતી. જેમાં ૨૦/૯/૨૦૨૪ સુધીમાં મકાન ખાલી કરવાની વાત જણાવી હતી. જો આમ નહિ થાય તો તંત્ર દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેના પગલે ડીપ્રેશનમાં આવી ગયેલા મહિલાએ શનિવારે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી ગઈ છે. આજે સવારે રવિવારે તેમના બેન ઘરે આવતાં સમગ્ર ઘટના સામે આવી હતી. ઉલ્લેખનીય છે કે, મૃતક તેની નાની બહેન સાથે મફતીયાપરા વિસ્તારમાં છાપરાવાળા મકાનમાં રહેતા હતા. ઘટનાને લઈ તાત્કાલિક ૧૦૮ મારફતે મહિલાને સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારે આ અંગે મૃતક મહિલાની બેન વનિતાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ત્રણેક દિવસ પહેલાં મકાન પાડી દેવા માટે મળેલી નોટિસથી માયાબેન ડીપ્રેશનમાં આવી ગયા હતા. ગતરાત્રિના અમો અમારા સંબંધીને ત્યાં ગયેલા તે સમયે તેઓ ઘરમાં એકલા હોવાથી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. જેની અમો આજે સવારે ઘરે આવ્યા ત્યારે, ડેલી ખખડાવવા છતાં ખોલતા ન હોય અમે બારીમાંથી જોતાં માયાબેન ગળેફાંસો ખાધેલી હાલતમાં હતા. જેથી તુરંત પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. મારી બહેને તંત્રએ પાઠવેલી નોટિસથી તણાવમાં આવી જઈ આપઘાત જેવું પગલું ભર્યું છે. આ ઘટના માટે નોટિસ આપનાર જવાબદાર છે. આ ઘટનાની જાણ થતાં જ કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા સરકારી હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ ગરીબ માણસોના મકાનો ડીમોલેશન કરવાની નીતિને લઈ તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. જ્યાં તેઓએ જણાવ્યું હતું કે, આ મહિલાનું મૃત્યુ નથી થયું, આ મર્ડર થયું છે. આ મર્ડર તંત્રએ કર્યું છે. છેલ્લા ઘણા સમયથી જિલ્લામાં નાના વર્ગના લોકોના ઘરો તોડવાની કામગીરી તંત્ર કરી રહ્યું છે. ત્યારે આવી નીતિથી કામગીરી ચાલુ રહેશે તો હજુ અનેક લોકો આપઘાત જેવા પગલાં ભરશે તો તેની જવાબદારી તંત્રની રહેશે.

# સ્કોલરશીપ માટે હવે રેશનકાર્ડની વિગતોના આદેશથી હેરાનગતિ

## રેશનકાર્ડના ડેટાબેઝમાં વિદ્યાર્થીઓનું આધાર બેઝ્ડ બાયોમેટ્રિક ઈ-કેવાયસી કરવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બેંક એકાઉન્ટ, જાતિ સહિતની તમામ વિગતો ઉપલબ્ધ હોવા છતાં સરકાર દ્વારા હવે સ્કોલરશીપ માટે રેશનકાર્ડ લિંક કરવાનું નવું તુત ઉભુ કરવામાં આવ્યું છે. જેના પગલે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોની સ્થિતી કફોડી બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ શાળામાં અભ્યાસ કરતાં ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, સરસ્વતી સાધના યોજનાની સહાય છેલ્લા કેટલાક વર્ષોથી સીધી વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં જ જમા થાય છે. સ્કોલરશીપ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે છેલ્લા ઘણા સમયથી સીધા જ વિદ્યાર્થીઓને બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. એક બાજુ જે વિદ્યાર્થીઓ બેંક એકાઉન્ટ ધરાવે છે તેમને પણ ઘણા કિસ્સામાં સ્કોલરશીપ વિલંબથી મળતી હતી, પરંતુ હવે સરકારના જુદાજુદા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટા બેઝમાં તમામ વિદ્યાર્થીઓનું આધાર બેઝ્ડ બાયોમેટ્રિક ઈ- કેવાયસી કરવાનો ફતવો બહાર પાડવામાં આવ્યો છે. આ કામગીરી કરવા માટે તમામ જિલ્લાના શિક્ષણાધિકારીઓ મારફતે શિક્ષકોને જોતરવાની સુચના મળતા શિક્ષકોમાં પણ આક્રોશ ફેલાયો છે. કામગીરીમાં તમામ વિદ્યાર્થીઓના આધાર કાર્ડ, રેશનકાર્ડ તથા આધાર કાર્ડ સાથે લિંક થયેલા બેંક એકાઉન્ટની વિગતો મેળવવાની રહેશે. જેથી શિષ્યવૃત્તિની દરખાસ્ત કરતી વખતે આધાર કાર્ડ નંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બરની આઈડીની વિગતો પણ અપલોડ કરવાની રહેશે. આ કામગીરીને લઈને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પણ સ્કૂલોના આચાર્યોને પરિપત્ર કરી સુચના આપી છે. જેમાં જણાવાયું છે કે, શાળાના જે વિદ્યાર્થીના નામ રેશનકાર્ડમા ન હોય તેવા વિદ્યાર્થીઓની યાદી બનાવી અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રણની કચેરીમા જમા કરાવી વિદ્યાર્થીઓના નામ રેશનકાર્ડમાં ચડાવવાના રહેશે. જેમની પાસે રેશનકાર્ડ જ નથી તેવા વિદ્યાર્થીઓએ નવુ રેશનકાર્ડ કઢાવવાનું રહેશે. જોકે આ તમામ પ્રક્રિયા પૂર્ણ નહી થાય તો સ્કોલરશીપ નહી મળે. આમ, હવે રેશનકાર્ડમાં વિદ્યાર્થીઓના નામ દાખલ કરવા માટે પણ વાલીઓને ધક્કા ખાવાનો વારો આવશે.

### રાજ્યમાં અકસ્માતોનો સિલસિલો જારી

# ભચાઉ નેશનલ હાઈવે પર ટાયર ફાટતાં કાર ડમ્પર સાથે અથડાઈ : બેનાં મોત, ત્રણ ગંભીર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં બેફામ વાહનચાલકોને લઈ અકસ્માત થવાની ઘટનાઓ વધી રહી છે. ત્યારે ભચાઉ ખાતે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. ભચાઉ વોન્ધ વચ્ચેના નેશનલ હાઈવે ઉપર આજે રવિવાર બપોરે વોન્ધ તરફથી ભચાઉ બાજુ આવતી બનાસકાંઠા પાર્સિંગની બ્લેક સ્કોર્પીયો કાર કેસરી ગઢ નજીક ટાયર ફાટતા બેકાબુ બની જતા એક ડમ્પર પાછળ ધડાકાભેર ટકરાઈ હતી. અકસ્માતમાં સ્કોર્પિયો કારમાં સવાર બે મહિલાના ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયા છે, જયારે ત્રણ મહિલાને ગંભીરરૂપથી ઘાયલ



અવસ્થામાં પ્રથમ નજીકની વાગડ વેલ્ફેર હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ગાંધીધામ ખાનગી હોસ્પિટલમાં રીફર કરવાની તજવીજ ચાલી રહ્યાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે ભચાઉ પોલીસે તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ આજે બપોરે વોન્ધ તરફથી ભચાઉ બાજુ આવતી સ્કોર્પિયો કારનું ટાયર ફાટતા કાર બેકાબુ બની ગઈ. નજીક ઉભેલા ડમ્પર સાથે ધડાકાભેર ટકરાઈ પડી હતી, જેમાં કારમાં સવાર મૂળ બનાસકાંઠા જિલ્લાના ભભોર નજીકના ૪૫ વર્ષીય જિનબાઈ કાયમ ખાન બલોચ અને ૪૬ વર્ષીય હમીદાબાઈ દોલતખાન બલોચનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજયા હતા. જયારે ત્રણ વ્યક્તિઓ ઘાયલ થઈ હતી. આ મામલે વાગડ વેલ્ફેર હોસ્પિટલનો સંપર્ક કરતા ત્રણ મહિલા ગંભીર હાલતમાં સારવાર માટે દાખલ હોવાનું અને વધુ સારવાર માટે ગાંધીધામ રીફર કરવામાં આવી રહ્યાની તજવીજ ચાલી રહ્યાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોની ભારે ભીડ ઉમટી પડતા વાહનવ્યવહારનો અસર પહોંચી હતી.

### આ કારમી મોંઘવારી મારી નાંખશે !

# રાજ્યમાં ખાદ્ય તેલના ભાવમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો

## સરકારે ખાદ્ય તેલ પર આયાત ડ્યુટી વધારતા ભાવમાં થયો વધારો

અમદાવાદ, તા.૨૨

કારમી મોંઘવારીને કારણે સામાન્ય લોકોનું જીવન દોહ્યલું બની રહ્યું છે લોકો ભારે મુશ્કેલીનો સામનો રહ્યા છે. ગરીબ અને મધ્યમ વર્ગીય જીવન હાલ મોંઘવારીમાં માણસ ચારેતરફથી ભીંસાઈ રહ્યો છે. કમરતોડ મોંઘવારીમાં લોકોનું જીવવું મુશ્કેલ બની રહ્યું છે. ઘરના બજેટમાં તેલ, શાકભાજી કે પછી અન્ય વસ્તુઓમાં કાપ મૂકવો તે ગૃહિણીઓને સમજવું મૂંઝવણભર્યું બની રહ્યું છે. આવામાં હવે તેલના ભાવોમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. સરકારના એક નિર્ણયથી ખાદ્ય તેલોના ભાવમા આસમાની વધારો થયો છે. તેમાં પણ કપસિયા તેલમાં સીધો ૪૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. સરકારે ખાદ્ય તેલ પર આયાત ડ્યુટી વધતા ભાવમાં તોતિંગ વધારો થયો છે. તહેવારો પહેલાં ખાદ્ય તેલમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો વધારો થયો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૦૦૦ને પાર પહોંચ્યો છે. ખૂલતા બજારે ૧૭૦૦ રૂપિયાના બદલે કપાસિયા તેલનો ભાવ ૨૦૫૦ રૂપિયાએ પહોંચ્યો છે. પામ તેલના ડબ્બાનો ભાવ ૧૯૦૦ રૂપિયા થયો છે. કપાસિયા તેલનો ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૭૦૦ રૂપિયામાં આવતો હતો, તે હવે ૨૦૫૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. સનફ્લાવર તેલના ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૭૦૦ રૂપિયામાં આવતો હતો તે હવે ૨૦૫૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. પામ ઓઈલના ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૫૦૦ રૂપિયામાં આવતો હતો તે હવે ૧૯૦૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે ખાદ્ય તેલની આયાત ઉપર ડ્યુટી વધારતા તેલના ભાવમાં વધારો થયો છે. તહેવારોની સીઝન પહેલા તેલના ભાવમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. તેલના ભાવમાં વધારો થતા મધ્યવર્ગી પરિવારમાં બજેટ ઉપર અસર પડી રહી છે. ખરીફ સીઝનમાં તેલિબિયાનું ઉત્પાદન લેતા ખેડૂતોને સારા ભાવ મળી શકે તે માટે આ નિર્ણય લેવાયો હતો. જોકે, તેનું ઉલટુ પરિણામ એ આવ્યું કે, ખાદ્ય તેલના ભાવમાં તીવ્ર વધારો થઈ ગયા. આયાત ડ્યુટી વધતા તેલ વધુ મોંઘુ થયું.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS